

પેજ-08
હુમા કુરેશીના માતા-પિતાએ પ્રથમ ફિલ્મની ઑફરને 'દેહ વ્યાપાર રેકેટ' માન્યું હતું!

અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
પોર્ટુગીઝ સુપરસ્ટારનો રમુજી જવાબ: વર્લ્ડ કપ ફાઇનલમાં 1000મો...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 31.00 | 19.00 |

પેજ 5

કાઈવેક્સ એઆઇ લોન્ચ: ભારતીય અબજોપતિ પર્લ કપૂરે ચેટજીપીટી...

14 NOVEMBER-2025 FRIDAY

શેખ હસીના ચુકાદો: બાંગ્લાદેશમાં તણાવ ચરમસીમાએ, પૂર્વ વડાપ્રધાન પર...

પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84478.67 | ▲ | 012.16 |
| નિફ્ટી | 25879.15 | ▲ | 003.35 |
| સોનું | 126762.00 | ▲ | 297.00 |
| ચાંદી | 162041.00 | ▼ | 050.00 |

વર્ષ-15 । અંક-003 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

**પંજાબમાં આતંકવાદી મૉડ્યૂલનો ભાંડાફોડ**

## ISIના 10 એજન્ટને પોલીસે દબોચ્યા, મોટા હુમલાનો પ્લાન હતો

(એજન્સી) ચંદીગઢ | તા.13



પંજાબ પોલીસને આજે આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં એક મોટી સફળતા મળી છે. લુધિયાણા કમિશનરેટ પોલીસે પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) દ્વારા સમર્થિત હોવાનું કહેવાતા ગ્રેનેડ-હુમલાના મૉડ્યૂલના 10 એજન્ટની ધરપકડ કરી છે. ડીજીપી (DGP) પંજાબ પોલીસની X પોસ્ટ અનુસાર, 'આ મૉડ્યૂલને પંજાબના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ગ્રેનેડ હુમલો કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર ધરપકડ કરાયેલા આ 10 એજન્ટ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં હતા અને ગ્રેનેડ લેવા તથા પહોંચાડવાના સંકલન માટે મલેશિયા સ્થિત ત્રણ ઓપરેટિવ્સ મારફતે વાતચીત કરતા હતા.'

### સંભવિત જીવલેણ હુમલો નિષ્ફળ

આતંકવાદી મૉડ્યૂલને નિશાન બનાવીને દેશભરમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનોની શ્રેણીમાં આ તાજેતરની કાર્યવાહી છે. જોકે, હથિયારોની જપ્તી અને હેન્ડલર્સની ઓળખની સંપૂર્ણ વિગતો હજી જાહેર કરવાની બાકી છે, પરંતુ અધિકારીઓએ જણાવ્યું કે ગુપ્ત માહિતી આધારિત આ રેડને કારણે એક સંભવિત જીવલેણ હુમલો નિષ્ફળ ગયો છે. આ ઘટના દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા કાર બ્લાસ્ટના ગણતરીના દિવસોમાં બની છે, જેમાં 13 લોકોના જીવ ગયા હતા.

**ટ્રકોની વચ્ચે વચ્ચે ફસાયેલી ગાડીમાં આગ લાગી, સેકન્ડોમાં આગ ફેલાઈ; ટ્રકની બ્રેક ફેઈલ થતા દુર્ઘટના**

# પુણેમાં 25 વાહનો એકબીજા સાથે અથડાયા, 9નાં મોત

(એજન્સી) પુણે | તા.13

મહારાષ્ટ્રના પુણેના નવલે બ્રિજ પર ગુરુવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે, જેમાં એક બાળક સહિત નવ લોકોના મોત થયા છે, જ્યારે 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના સતારા-મુંબઈ લેન પર સેલ્ફી પોઈન્ટ પાસે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, બે મોટા કન્ટેનર ટ્રક એકબીજા સાથે ધડાકાભેર અથડાયા અને તેમની વચ્ચે એક કાર ફસાઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારમાં બેઠેલા લોકો બહાર નીકળી શક્યા નહોતા. ટક્કર બાદ બંને ટ્રકોમાં તુરંત આગ લાગી ગઈ, જેના કારણે આખી કાર પણ બળીને રાખ થઈ ગઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ફસાયેલા 5 લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા.



**09** લોકો જીવતા ભુંજાયા

**20** લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત



### પુણે-બેંગલુરુ હાઈવે પર નવલે બ્રિજ વિસ્તારમાં અકસ્માત થતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય વાહનો એક જ દિશામાં ઝડપે જઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવતા કન્ટેનરે અચાનક બ્રેક લગાવી હતી. પાછળથી આવી રહેલી કારના ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે કાર સીધી સામેના કન્ટેનર સાથે અથડાઈ હતી. જેના કારણે ટક્કરના થોડા સમય પછી, બંને કન્ટેનરમાં આગ લાગી હતી. આ ભયાનક અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા અને 20 લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઘટના બાદ હાઈવે પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. ફાયર ફાઈટર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા.



**મુખ્યમંત્રી દેવેન્દર ફડણવીસે સહાયની જાહેરાત કરી**

મુખ્યમંત્રી ફડણવીસે સહાયની જાહેરાત કરી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી અને મૃત્યુ પામેલા લોકોના પરિવારને ₹5 લાખની સહાયની જાહેરાત કરી. સાંસદ સુપ્રિયા સુલેએ પણ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.

**છત્તીસગઢ લીકર કૌભાંડમાં EDની મોટી કાર્યવાહી**

## પૂર્વ CMના પુત્રની કરોડોની સંપત્તિ જપ્ત

(એજન્સી) છત્તીસગઢ | તા.13



ED છત્તીસગઢના કથિત લિકર કૌભાંડની ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ જોગવાઈઓ હેઠળ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની 61.20 કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે. ઈડીએ આ મામલે 59.96 કરોડ રૂપિયાની કિંમતના 364 રહેણાંક પ્લોટ અને કૃષિ જમીન તેમજ 1.24 કરોડ રૂપિયા બેંક બેલેન્સ અને ફિક્સ્ડ ડિપોઝિટ જપ્ત કરી છે. ઈડીએ કહ્યું કે, આ પગલું છત્તીસગઢમાં કથિત લિકર કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસોની તપાસ દરમિયાન લેવામાં આવ્યું છે. એજન્સીનું માનવું છે કે, આ કૌભાંડ દ્વારા 2500 કરોડ રૂપિયાની અપરાધની આવક એકઠી કરવામાં આવી હતી.

### ચૈતન્ય લિકર સિન્ડિકેટનો મુખ્ય ખેલાડી : ED

ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર હોવાના કારણે ચૈતન્ય બઘેલ લિકર સિન્ડિકેટના ટોચના સ્થાને હતો. ચૈતન્યને લિકર સિન્ડિકેટના નિયંત્રક અને અંતિમ અધિકારી બનાવાયો હતો. ઈડીએ દાવો કર્યો છે કે, ચૈતન્ય સિન્ડિકેટ દ્વારા એકઠા કરાયેલા તમામ ગેરકાયદે નાણાંનો હિસાબ રાખતો હતો.

## દિલ્હી બ્લાસ્ટમાં ખુલાસો: આતંકીઓનો ઈરાદો બાબરીનો બદલો લેવાનો હતો.....

**દેશભરમાં 32 કારોથી વિસ્ફોટનું ષડયંત્ર હતું; દિલ્હી બ્લાસ્ટની કાર આનો જ એક ભાગ હતી**

(એજન્સી) નવી દિલ્હી | તા.13

લાલ કિલ્લાની પાસે 10 નવેમ્બરના રોજ થયેલા વિસ્ફોટની તપાસમાં ગુરુવારના રોજ મોટો ખુલાસો થયો છે. પોલીસ સૂત્રો મુજબ આતંકવાદી 6 ડિસેમ્બર, એટલે કે બાબરી મસ્જિદ તોડી પાડવાની વર્ષીના દિવસે દિલ્હી સહિત ઘણી જગ્યાઓએ વિસ્ફોટ કરવા માગતા હતા.

આના માટે તેમણે 32 કારની તૈયારી કરી હતી. તેમાં બોમ્બ અને વિસ્ફોટક સામગ્રી ભરીને બ્લાસ્ટ કરવાના પ્લાનમાં હતા. તેમાં બ્રેઝા, સ્વિફ્ટ ડિઝાયર, ઈકોસ્પોર્ટ અને i20 જેવી કાર સામેલ હતી. તપાસ એજન્સીઓને અત્યાર સુધી 4 કાર જપ્ત કરી છે. જે i20 કારમાં વિસ્ફોટ થયો હતો, તે આ જ સીરીયલ રિવેન્જ એટેકનો ભાગ હતી. બ્લાસ્ટથી અત્યાર સુધી 13 લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે, જ્યારે 20 લોકો ઘાયલ છે, જેમાંથી ત્રણની હાલત નાજુક જણાવાઈ રહી છે. દરમિયાન, કેન્દ્ર સરકારે દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટને આતંકવાદી હુમલો ગણાવ્યો છે.

**વધુ એક શંકાસ્પદ કાર મળી**



ફરિદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટીના પાર્કિંગમાંથી શંકાસ્પદ સિલ્વર કલરની મારુતિ બ્રેઝા કાર મળી આવ્યા બાદ એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ એટીએસ અને એનઆઈએની ટીમો પાર્કિંગમાં પહોંચી ગઈ છે.

## દિલ્હી બ્લાસ્ટ : અલ-ફલાહ યુનિવર્સિટી સામે મોટી કાર્યવાહી, સભ્યપદ રદ કરાયું

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા આતંકવાદી હુમલાના સંદર્ભમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ભારતીય યુનિયન સંગઠને હરિયાણાના ફરીદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ રદ કર્યું છે. અલ-ફલાહને તાત્કાલિક અસરથી AIUનો લોગો દૂર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટ કેસના સંદર્ભમાં તપાસ એજન્સીઓ દ્વારા યુનિવર્સિટી સાથે સંકળાયેલા ઘણા ડોકટરોની અટકાયત કરવામાં આવી છે. જેમાં ડૉ. ઉમર ઉન નબી, ડૉ. શાહિદ, ડૉ. નિસાર-ઉલ-હસન અને ડૉ. મુઝમ્મિલનો સમાવેશ થાય છે.

### કારણદર્શક નોટિસ જાહેર કરાઇ

યુનિવર્સિટી હવે તેની વેબસાઇટ પર અભ્યાસક્રમો વિશે ખોટી માહિતી આપવા બદલ તપાસ હેઠળ છે. નેશનલ મેડિકલ કમિશને પણ યુનિવર્સિટી સામે કાર્યવાહી કરવાનો સંકેત આપ્યો છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલે જણાવ્યું હતું કે તેઓ હજુ પણ પૂરતા પુરાવાની રાહ જોઈ રહ્યા છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલે તેની વેબસાઈટ પર ખોટી માન્યતા દર્શાવવા બદલ અલ-ફલાહ યુનિ.ને કારણદર્શક નોટિસ જારી કરી છે. આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલા ડોકટરોની ધરપકડ બાદ ફરીદાબાદની ફલાહ અલ-ફલાહ યુનિવર્સિટી તપાસ હેઠળ છે.




અલ-ફલાહ યુનિવર્સિટીનું આતંકી કનેક્શન:આરબ દેશોથી ફંડિંગ, શંકાસ્પદ ધાર્મિક સેમિનાર, ચાન્સેલર ફ્રોડનો આરોપી

**દિલ્હી બ્લાસ્ટ બાદ મોટો નિર્ણય**

## PM અને અન્ય VVIPની સુરક્ષાની જવાબદારી પણ રો ચીફના શિરે મૂકાઇ

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દિલ્હી કાર બ્લાસ્ટ બાદ સુરક્ષા એજન્સીઓ હાઈએલર્ટ પર છે. 12મી નવેમ્બરના રોજ કેન્દ્ર સરકારે આ ઘટનાને લઈને કેબિનેટ બેઠક યુજી હતી. આ બેઠકમાં સુરક્ષા સંબંધિત અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જો કે, સૌથી નોંધપાત્ર નિર્ણય ભારતની ગુપ્તચર એજન્સી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(RAW)ના ચીફ પરાગ જૈનની નિમણૂકનો હતો. IPS અધિકારી પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા) નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. દિલ્હીની ઘટના બાદ આ નિમણૂકને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પરાગ જૈન 1989 બેચના પંજાબ કેડરના IPS અધિકારી છે. તેમને પહેલી જુલાઈ 2025ના રોજ RAW ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પરાગ જૈન પંજાબમાં અનેક આતંકવાદ વિરોધી કામગીરીમાં સામેલ રહ્યા છે. તેમણે ભટિંડા, માનસા અને હોશિયારપુર જેવા સ્થળોએ મહત્ત્વપૂર્ણ ઓપરેશન મુખ્ય ભૂમિકા ભજવી છે. અગાઉ તેમણે ચંદીગઢના SSP અને લુધિયાણા રેન્જના DIG તરીકે સેવા આપી હતી. ઈન્ટેલિજન્સ વર્તુળોમાં પરાગ જૈનને સુપર જાસૂસ તરીકે ઓળખવામાં આવે છે. તેમને HUMINT અને TECHINT બંનેમાં કુશળતા હોવાનું કહેવાય છે.



## દિલ્હી બ્લાસ્ટ મામલે કોંગ્રેસના કેન્દ્રને સવાલ

**'અમે સરકારની સાથે, પરંતુ નિષ્ફળતાની જવાબદારી કોણ લેશે?'**

(એજન્સી) નવી દિલ્હી | તા.13



કોંગ્રેસના મીડિયા પ્રભારી અને AICC મીડિયા તથા પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેડાએ રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ બાદ સરકારના વલણ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે સંસદ અને રાષ્ટ્રપતિ ભવનની નજીક થયેલા આ વિસ્ફોટમાં 13 લોકોના મોત થયા છે અને સરકારને આ ઘટનાને આતંકી હુમલો જાહેર કરવામાં 48 કલાક લાગ્યા જે આશ્ચર્યજનક છે. પવન ખેડાએ સવાલ ઉઠાવ્યો કે, 'ગૃહમંત્રી અમિત શાહ, અજીત ડોભાલ અને સુરક્ષા એજન્સીઓની કડક નજર હોવા છતાં, ફરીદાબાદમાં 2900 કિલો વિસ્ફોટક સામગ્રી કેવી રીતે પહોંચી ગઈ અને લાલ કિલ્લા પાસે થયેલા ધમાકાની જવાબદારી કોણ લેશે? ખાસ કરીને જ્યારે પુલવામા હુમલામાં RDX કેવી રીતે પહોંચ્યું તેનો જવાબ પણ આજ સુધી મળ્યો નથી.'

### દિલ્હી ધમાકાની જવાબદારી કોણ લેશે?: પવન ખેડા

પવન ખેડાએ આ મામલે પૂછ્યું કે, 'આ વિસ્ફોટ કેવી રીતે થયો, કયા સ્તરે નિષ્ફળતા થઈ અને તેની જવાબદારી કોણ લેશે?' આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે વડાપ્રધાનની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક બોલાવવાની અને સંસદનું સત્ર વહેલી તકે બોલાવવાની માંગ કરી છે, તેમજ સરકાર મજબૂત વલણ અપનાવે તો તેમને સમર્થન આપવાની વાત પણ કરી છે. અંતમાં, તેમણે પહલગામ બાદ 'ઓપરેશન સિંદૂર' વખતે અપાયેલા વડાપ્રધાનના નિવેદનને યાદ અપાવતા પૂછ્યું કે, સરકાર આ હુમલાને કઈ રીતે જોઈ રહી છે, કારણ કે આ હુમલાને બાહ્ય તાકાતો દ્વારા સમર્થન અને પ્રેરણા મળી રહી છે.

## મુંબઈના જજ અને ક્લાર્ક પર લાંચ લેવાનો આરોપ

(એજન્સી) મુંબઇ | મુંબઈની માઝગાંવ સિવિલ સેશન્સ કોર્ટમાં લાંચ કૌભાંડ સામે આવ્યું છે. આ ઘટના મંગળવારે બની હતી, જ્યારે કોર્ટ ક્લાર્ક અને ટાઈપિસ્ટ ચંદ્રકાંત વાસુદેવ (40)ને 15 લાખની લાંચ લેતા રંગે હાથે પકડવામાં આવ્યા હતા. એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ના જણાવ્યા અનુસાર ફરિયાદીએ 10 નવેમ્બરના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તેમના પર અનુકૂળ ચુકાદો આપવા માટે 25 લાખની લાંચ માંગવામાં આવી હતી. સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ACBએ સિવિલ સેશન્સ કોર્ટના જજનું પણ આરોપી તરીકે નામ આપ્યું છે. ફરિયાદીની પત્નીએ 2015માં બોમ્બે હાઈકોર્ટમાં જમીન પર કંપનીના કબજાને પડકારતી અરજી દાખલ કરી હતી.

## 'દરેક કાશ્મીરી આતંકવાદી નથી....' : ઓમર અબ્દુલ્લા

(એજન્સી) જમ્મુ | તા.13



જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે તપાસ ચાલુ રહેશે, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ: કાશ્મીરનો દરેક રહેવાસી આતંકવાદી નથી અથવા આતંકવાદીઓ સાથે નથી. તેમણે કહ્યું કે કેટલાક લોકો ભાઈચારાને બગાડી રહ્યા છે. તેમણે કહ્યું કે લોકો દરેક મુસ્લિમને એક જ દૃષ્ટિથી જોવા લાગે છે કે દરેક કાશ્મીરી આતંકવાદી છે. દોષિતોને કડક સજા થવી જોઈએ. નિર્દોષ લોકોને આમાંથી દૂર રાખવા જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું, 'જવાબદાર લોકોને પૂછો. અમે ફક્ત સામાન્યતા જાળવવામાં મદદ કરી રહ્યા છીએ. ઘણા પ્રોફેસરો પણ આમાં પહેલા સામેલ રહ્યા છે.'

**ONGCના $1.55 બિલિયન મૂલ્યના ગેસ ચોરી કેસમાં મુંબઇ હાઇકોર્ટે જવાબ માંગ્યો**

# રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સામે ગંભીર આરોપો

(એજન્સી) મુંબઇ | તા.13

મુકેશ અંબાણીની કંપની, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, કઠેડામાં છે. લાઈવ લોના અહેવાલ મુજબ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પર ONGCના કુવાઓમાંથી આશરે $1.55 બિલિયન મૂલ્યના ગેસની ચોરી કરવાનો આરોપ છે. આ કેસની સુનાવણી 18 નવેમ્બરે થશે. અહેવાલ મુજબ, બોમ્બે હાઈકોર્ટે 4 નવેમ્બરે CBI અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરી હતી, જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને તેના ચેરમેન મુકેશ અંબાણી સામે તપાસની માંગ કરવામાં આવી હતી. આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે 2004 અને 2013-14 વચ્ચે કૃષ્ણા ગોદાવરી બેસિનમાં ONGC ની માલિકીના બ્લોક્સમાં કુવા ખોદીને મોટા પાયે છેતરપિંડી કરી હતી. આના કારણે ONGC ના ક્ષેત્રોમાંથી ગેસ ચોરી થઈ અને રિલાયન્સના બ્લોક્સમાં ટ્રાન્સફર થઈ. અરજીમાં કોર્ટને CBI અને સરકારને રિલાયન્સ અને તેના ડિરેક્ટરો સામે ચોરી, ઉચાપત અને વિશ્વાસ ભંગનો કેસ દાખલ કરવાનો આદેશ આપવા વિનંતી કરાઈ છે. અરજદાર દલીલ કરે છે કે આ કાવતરું મુંબઈમાં રચાયું હતું, અને તેથી સીબીઆઈ પાસે તપાસ કરવાનો અધિકારક્ષેત્ર છે.

### દસ્તાવેજો જપ્ત કરવાની માંગ

રિપોર્ટમાં જણાવાયું છે કે અરજદારે કોર્ટને કેસ સંબંધિત તમામ દસ્તાવેજો જપ્ત કરવાની વિનંતી કરી છે. આમાં કરારો, તપાસ અહેવાલો અને એ.પી. શાહ સમિતિનો અહેવાલ શામેલ છે, જેમાં જણાવાયું છે કે ચોરાયેલ ગેસ $1.55 બિલિયનથી વધુનો હતો, જેમાં $174.9 મિલિયન વ્યાજ હતું. આ કેસ નવો નથી. ONGC ને 2013 માં ગેસ ચોરીનો શંકા હતી અને તેણે સરકારને જાણ કરી હતી.



### આ લિંક પર ક્લિકથી થશે અરજી, જાણો 10 હજાર કરોડના પેકેજનો લાભ લેવાની A TO Z પ્રોસેસ

# હેક્ટર દીઠ 22,000ની સહાય માટે આજથી અરજી થશે

## બન્ને પેકેજ મળીને હવે 11, 137 કરોડની સહાય



મુખ્યમંત્રીએ આ ઉપરાંત બનાસકાંઠાના વાવ-થરાદ સહિત પાંચ જિલ્લાઓમાં અગાઉ થયેલા કમોસમી વરસાદના અસરગ્રસ્તોને પણ પિયત-બિનપિયત સમાન ધોરણે 22 હજાર પ્રતિ હેક્ટર બે હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરી છે. આ પેકેજ 947 કરોડનું હતું અને તેમાં 12 નવેમ્બરના રોજ 190 કરોડનો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે સમગ્ર રાજ્ય માટે 10 હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. આમ રાજ્યના ખેડૂતો પર આવી પડેલી આફતમાં 11 હજાર 137 કરોડનું રાહત સહાય પેકેજ આપવાનો જે સંવેદનશીલ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે તે માટે પણ ખેડૂત સમાજ વતી આભાર વ્યક્ત કર્યો છે.

(એજન્સી) અમદાવાદ । તા. 13

ગત 7 નવેમ્બર, 2025ના રોજ રાજ્ય સરકારે પાક નુકસાની માટે 10 હજાર કરોડના ઈતિહાસના સૌથી મોટા કૃષિ પેકેજની જાહેરાત કરી હતી. આ સહાય પિયત અને બિનપિયત માટે એક સમાન ધોરણે તમામ પાક માટે 2 હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર 22000 ચૂકવાશે, એમાં 16500 ગામના ખેડૂતોને લાભ મળશે. જેનો સર્વે થયો નથી એ ખેડૂત પણ અરજી કરી શકશે. હવે આ સહાય પેકેજનો લાભ મેળવવા માટે 14મી નવેમ્બર(શુક્રવાર)ના રોજ બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી ઓનલાઈન અરજી https://krp.gujarat.gov.in પોર્ટલ પર ખેડૂતો અરજી કરી શકશે. આ અરજી કરવા માટે VCE/VLE મદદરૂપ થશે.

રાજ્ય સરકારે 7 નવેમ્બરે 44 લાખ હેક્ટર જમીનમાં 100 ટકા નુકસાન ગણીને નિર્ણય કર્યો છે. 10 હજાર કરોડના આ પેકેજમાં 6429 કરોડ SDRF અને 3386 કરોડ રાજ્યના બજેટમાંથી ફાળવ્યા છે. આમ, કુલ 9815 કરોડ થાય છે, જોકે જે ખેડૂતોનો સર્વે નથી થયો તે પણ અરજી કરી શકશે અને જો પાત્રતા હશે તો તેને પણ સહાય ચૂકવાશે, જેથી આ સહાય વધીને 10 હજાર કરોડ સુધી પહોંચી શકે છે.

### પેકેજના ઠરાવની કૃષિ મંત્રી દ્વારા જાહેરાત

રાજ્ય સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા રાહત પેકેજ ઠરાવની જાહેરાત કરતાં કૃષિ મંત્રી વાઘાણીએ કહ્યું કે, આ પેકેજનો લાભ મેળવવા માટે 14 નવેમ્બર, શુક્રવાર બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ-KRP પોર્ટલ Link: https://krp.gujarat.gov.in પર ગ્રામ પંચાયતના VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમ કૃષિમંત્રીએ જણાવ્યું હતું.



### જેમ અરજીઓ આવતી જશે તેમ ચૂકવણી થતી રહેશે

કૃષિમંત્રી વાઘાણીએ જણાવ્યું કે, નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલિક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. આ પેકેજ 947 કરોડનું હતું અને તેમાં 12 નવેમ્બરના રોજ 190 કરોડનો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. જરૂર જણાયે પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.

# અમરાઈવાડીમાં સ્લમ ક્વાર્ટર્સની ગેલેરીનો સ્લેબ ધરાશાયી, 3ને ઈજા

### 15 લોકોનું ફાયર ટીમે રેસ્ક્યુ કર્યું, વર્ષો જુના જર્જરીત મકાન હતા જેને AMCએ નોટિસ આપી'તી



(એજન્સી) અમદાવાદ । તા. 13

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગરમાં AMC સ્લમ ક્વાર્ટર્સની ગેલેરીનો ભાગ ધરાશાય થયો હતો. આ ઘટનામાં ત્રણ લોકોને ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ ફાયરબ્રિગેડની ટીમને કરવામાં આવતાં બે ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. 10 થી 15 લોકો ક્વાર્ટર્સમાં ઘરમાં ફસાયેલા હોવાના પગલે ફાયરની ટીમ દ્વારા તેઓને ફાયર વિભાગની સીડી વડે રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. વર્ષો જુના જર્જરીત મકાન હતા જેને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હતી છતાં પણ નાગરિકો તેમાં રહેતા હતાં.

### 10થી 15 લોકોનું સીડી વડે રેસ્ક્યુ કરાયું

બ્લોક નંબર 17ના 8 મકાનના આશરે 10થી 15 લોકો ફસાયેલા હતા જેના કારણે તેઓને રેસ્ક્યુ કરવા માટે ફાયરબ્રિગેડની સીડીઓનો ઉપયોગ કરવો પડ્યો હતો. તમામ લોકોને રેસક્યું કરી બહાર કાઢવા માટેની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ અને પોલીસ દ્વારા તમામ લોકોને રેસ્ક્યુ કરીને બહાર કાઢી લેવામાં આવ્યા હતા. આ ઘટનામાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અગાઉ ક્વાર્ટર્સમાં ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હોવા છતાં પણ તેઓ રહેતા હતાં.

### ગેલેરીનો સ્લેબ ધરાશાયી

મળતી માહિતી મુજબ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં સંત વિનોબાનગર પાસેના સુખરામનગર ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્લમ ક્વાર્ટર્સ આવેલા છે. જેમાં આજે 13 નવેમ્બરના રોજ સાંજના સમયે બ્લોક નંબર 17ની ગેલેરી ધરાશાયી થઈ હતી.

### ત્રણ ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડાયા

જેમાં નીચે ઉભેલા ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં સ્થાનિક લોકો દ્વારા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગેલેરીનો ભાગ તૂટી પડવાના કારણે કેટલાક લોકો ઘરમાં ફસાઈ ગયા હતા.

### પતિ ત્રણ મહિલાઓ સાથે સંબંધમાં રહ્યો, એક મહિલા સાથે જતો રહ્યો છે, 11 વર્ષથી અલગ છીએ

# ઈઝરાયલમાં રહેતી પત્નીએ પાવર ઓફ એટર્નીથી છૂટાછેડાનો કેસ કર્યો

અમદાવાદ | ગુજરાત અને વિદેશમાં રહેતા ગુજરાતી પરિવારોના કૌટુંબિક વિખવાદનો એક અસામાન્ય કિસ્સો હાલ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. મૂળ આણંદની વતની અને હાલ ઈઝરાયલના તેલ અવીવમાં કેરટેકર તરીકે કાર્યરત ૪૦ વર્ષીય એક ઇઝરાયલ NRI મહિલા એ તેના વડોદરા સ્થિત પતિથી છૂટાછેડા લેવા માટે પોતાની બહેનને પાવર ઓફ એટર્ની આપીને વડોદરાની ફેમિલી કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જોકે, ફેમિલી કોર્ટે આ અરજી નકારી દેતાં, હવે આ મામલો ન્યાય મેળવવા માટે હાઈકોર્ટના દરવાજે પહોંચ્યો છે, જેના પર આગામી સમયમાં સુનાવણી હાથ ધરાશે.

કેસની વિગતો ખૂબ જ ચોંકાવનારી છે. વર્ષ ૨૦૦૯માં આણંદની મહિલાના લગ્ન વડોદરાના યુવક સાથે થયા હતા. આ મહિલાના બીજા લગ્ન હતા, જ્યારે યુવકના આ પહેલા લગ્ન હતા. પત્નીએ પોતાના પતિ અને સાસરિયા પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, લગ્ન બાદ તેને દહેજની માંગણી અને મ્હેણાંટોણાં દ્વારા સતત હેરાન કરવામાં આવતી હતી. આટલું જ નહીં, લગ્ન સમયે પિયરીયાઓએ આપેલા તમામ ઘરેણાં સાસરિયાઓએ પોતાના કબજામાં લઈ લીધા હતા. સાસુ પણ ઘરકામમાં મદદ કરવાને બદલે ટીવી જોવામાં અને પડોશીઓ સાથે વાતો કરવામાં વ્યસ્ત રહેતા. લગ્નના માત્ર સાત મહિના પછી જ તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવતા તે પિયર રહેવા જતી રહી હતી.

લગ્નજીવનથી વર્ષ ૨૦૧૧માં પુત્રનો જન્મ થયો હતો, પરંતુ આ પહેલા ગર્ભવતી હતી ત્યારે સાસરિયાઓએ ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હોવાનો આક્ષેપ પણ મહિલાએ કર્યો છે. પોતાની કથળતી આર્થિક પરિસ્થિતિને કારણે અને પુત્રના ભરણપોષણ માટે મહિલા કમાણી કરવા માટે ઈઝરાયલ જવું પડ્યું હતું. સગીર પુત્ર પતિના કબજામાં હોવાથી, તે સતત ઈઝરાયલ NRI મહિલા ઈઝરાયલથી ગુજરાત પૈસા મોકલતી રહી હતી. મહિલાનો આક્ષેપ છે કે તેણે અત્યાર સુધીમાં પુત્રના ભરણપોષણ માટે કુલ ૬૦ લાખ રૂપિયા મોકલ્યા હતા.



**ફેમિલી કોર્ટે શા માટે અરજી નકારી? :** પતિની ગેરહાજરીમાં આ પાવર ઓફ એટર્ની છૂટાછેડા કેસ ફેમિલી કોર્ટમાં એકતરફી ચાલ્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૫માં વડોદરાની ફેમિલી કોર્ટે ચુકાદો આપતા પત્નીને છૂટાછેડા આપવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પત્નીએ પતિ સામે ક્રૂરતાના પૂરતા પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા નથી. વળી, અરજદાર પોતે વિદેશમાં રહે છે, તેથી તે લગ્નજીવન ભોગવી શકતી નથી. પાવર ઓફ એટર્ની છૂટાછેડા કેસ માં અરજદાર તરફથી પૂરતા સાહેદ પણ કોર્ટ સમક્ષ રજૂ કરાયા નહોતા, અને પતિને પૈસા મોકલ્યા હોવાના કોઈ પુરાવા પણ રજૂ કરી શકાયા નહોતા.

આ કારણોસર, વડોદરા ફેમિલી કોર્ટના આદેશને એડવોકેટ બ્રિજેશ રામાનુજ મારફતે ગુજરાત હાઈકોર્ટ માં પડકારવામાં આવ્યો છે. હવે હાઈકોર્ટ કાયદાકીય પાસાં અને NRI મહિલાને ન્યાય આપવાના મુદ્દે શું વલણ અપનાવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

### સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા

# ખેડૂતોના સશક્તિકરણ અને કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આયોજિત "મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઈન"

(એજન્સી) અમદાવાદ । તા. 13

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ખેડૂતોના સશક્તિકરણ અને કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આયોજિત 'મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઈન' આજે તારીખ 13 નવેમ્બર 2025ના રોજ દેસાઈ સંસ્કાર કેન્દ્ર, નડિયાદ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયું. આ અભિયાનનો હેતુ ખેડૂતોને વિવિધ કૃષિ લોન યોજનાઓની વિગતવાર માહિતી પૂરી પાડવાનો અને તેમને સમયસર નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવાનો હતો.

કેમ્પનો શુભારંભ સાંજે 5:00 વાગ્યે કરવામાં આવ્યો હતો, જેમાં ખેડા જિલ્લાની તમામ શાખાઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. ખેડૂતોની સુવિધાને ધ્યાનમાં રાખીને બેંક દ્વારા તાત્કાલિક લોન મંજૂરી પ્રક્રિયાનું સંચાલન કરવામાં આવ્યું હતું અને પાત્ર ખેડૂતોને સ્થળ પર જ લોન મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને બેંકની મુખ્ય કૃષિ યોજનાઓ – સેન્ટ પોલ્ટ્રી યોજના, સેન્ટ કોલ્ડ સ્ટોરેજ યોજના, સેન્ટ ફૂડ પ્રોસેસિંગ યોજના, સેન્ટ રાઈસ મિલ યોજના, સેન્ટ ફિશરીઝ યોજના, સેન્ટ KCC (C-KCC) યોજના, ATL ડેરી યોજના, SHG-NRLM યોજના અને પીએમ કુસુમ (PM-KUSUM) – વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી, જેને લઈને ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે વરિષ્ઠ અધિકારીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી, જેમાં નીચેના મહાનુભાવોનો સમાવેશ થતો હતો –

* શ્રી સોહેલ અહમદ, જનરલ મેનેજર, કેન્દ્રીય કાર્યાલય
* શ્રી સુનીલ કુમાર સરકાર, ડી.ઝેડ. એચ. (DZH)
* શ્રી ગૌરવ કુમાર જૈન, રિજનલ હેડ

તમામ અધિકારીઓએ ખેડૂતોને સંબોધિત કરતા બેંકની વિવિધ લોન યોજનાઓ, આધુનિક કૃષિ ધિરાણ, ટેકનોલોજીકલ પ્રગતિ અને સરકાર સમર્થિત યોજનાઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કૃષિ લોન પર માત્ર 7% થી શરૂ થતા આકર્ષક વ્યાજ દરોનો લાભ મોટી સંખ્યામાં ખેડૂતોએ લીધો અને ઘણા ખેડૂતોએ વિવિધ યોજનાઓ માટે અરજીઓ પણ રજૂ કરી.

એકંદરે, આ કાર્યક્રમ અત્યંત સફળ, અસરકારક અને ખાસ કરીને ખેડૂતો માટે લાભદાયી સાબિત થયો. બેંક ભવિષ્યમાં પણ ખેડૂતોના કલ્યાણ અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે આવા કાર્યક્રમોનું આયોજન કરતી રહેશે.

વધુ માહિતી માટે સંપર્ક કરો –

* નજીકની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા
* ટોલ ફ્રી નંબર: 1800 3030
* WhatsApp: 7900 123 123
* Website: centralbank.bank.in

શું તમે આ માહિતીને અન્ય કોઈ ભાષામાં રૂપાંતરિત કરવા માંગો છો અથવા તેના વિશે કોઈ પ્રશ્ન પૂછવા માંગો છો?

### ખરાબ રસ્તા મુદ્દે સરકાર મોડે મોડે જાગી

## અધિકારીઓને સ્થળ તપાસ કરી 30 નવેમ્બર સુધીમાં રિપોર્ટ સોંપવાનો આદેશ

(એજન્સી) અમદાવાદ । તા. 13

રાજ્યના રોડ-રસ્તાઓની ગુણવત્તા અંગે સતત ઊઠી રહેલી ફરિયાદો વચ્ચે, સરકારે અંતે કડક વલણ અપનાવ્યું છે. મુખ્યમંત્રીએ ગુરુવારે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજીને માર્ગોના બાંધકામની ક્વોલિટીમાં કોઈપણ સંજોગોમાં બાંધછોડ નહીં ચલાવી લેવાની સ્પષ્ટ સૂચના આપી છે. જોકે, લાંબા સમયથી ખરાબ રસ્તાઓની સમસ્યા સતાવતી હોવા છતાં, સરકાર દ્વારા આ પગલાં મોડે મોડે લેવાયા હોવાનું મનાઈ રહ્યું છે.

બેઠકમાં મુખ્યમંત્રીએ શહેરી મહાનગરોના કમિશ્નરો અને ડેપ્યુટી કમિશ્નરોને તાત્કાલિક અસરથી ગ્રાઉન્ડ પર ઉતરીને ફિલ્ડ વિઝીટ કરવા અને 30મી નવેમ્બર સુધીમાં સ્થળ અહેવાલ સોંપવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત, જે રોડ-રસ્તાઓ તેમના મેન્ટેનન્સ-ગેરેન્ટી પિરીયડ દરમિયાન તૂટી જાય, તેના કોન્ટ્રાક્ટર્સને તાત્કાલિક બ્લેક લિસ્ટ કરવા સહિતની કાયદાકીય કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે.

# NCP પ્રદેશ કાર્યાલય પર ITનું સર્ચ યથાવત

### સવારે 5 વાગ્યાથી ચાલી રહી છે તપાસ, બેંક એકાઉન્ટ-ડિજિટલ પુરાવાની ચકાસણી શરુ કરી

(એજન્સી) અમદાવાદ । તા. 13



નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP)ના પ્રદેશ કાર્યાલય પર આયોગી કર (IT) વિભાગનું સર્ચ ઓપરેશન યથાવત છે. સવારે 5 વાગ્યાથી શરૂ થયેલી આ તપાસમાં ITની ટીમના 10 જેટલા અધિકારીઓ અને પોલીસ ટીમ હાજર છે, જે તમામ દસ્તાવેજો, ડિજિટલ પુરાવા અને બેંક એકાઉન્ટ વિગતોની ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે. આ કાર્યવાહી ગેરકાયદેસર પૈસાની લેવડદેવડ, ચૂંટણી ખર્ચ અને બોગસ ડોનેશનના આરોપોને લઈને ચાલી રહી છે, જેમાં NCPના નેતાઓ અને કોર્પોરેટરોના ઘરો પર પણ રેડ પડી છે.

### ચૂંટણી ખર્ચના રેકોર્ડ અને ડોનેશનના દસ્તાવેજોની તપાસ

IT વિભાગના સૂત્રો મુજબ આ રેડ 50થી વધુ સ્થળો પર ચાલી રહ્યા છે, જેમાં પુણે, મુંબઈ અને અન્ય શહેરોના NCP કાર્યાલયો અને નેતાઓના ઘરોનો સમાવેશ થાય છે. પુણેમાં NCPના શહેર એકમના પ્રમુખ ડીપક મંકર અને અન્ય કોર્પોરેટરોના ઘરો પર પણ તપાસ ચાલી રહી છે, જ્યાં ચૂંટણી ખર્ચના રેકોર્ડ અને ડોનેશનના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. આ કાર્યવાહી ગેરકાયદેસર પૈસાની લેવડદેવડ, ચૂંટણી ખર્ચ અને બોગસ ડોનેશનના આરોપોને લઈને ચાલી રહી છે, આ કાર્યવાહીમાં બેંક એકાઉન્ટની વિગતો, ડિજિટલ રેકોર્ડ અને બોગસ ટ્રાન્ઝેક્શનના પુરાવા જપ્ત કરાયા છે.

### NCPના કોર્પોરેટર અને અન્ય નેતાઓના ઘરો પર પણ તપાસ

NCPના નેતાઓએ આ કાર્યવાહીને 'રાજકીય બદલાવ' ગણાવીને વિરોધ વ્યક્ત કર્યો છે, પરંતુ IT વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, આ તપાસ ગેરકાયદેસર પૈસાની લેવડદેવડ અને ચૂંટણી કાયદાના ઉલ્લંઘન પર આધારિત છે. આ રેડ્સમાં NCPના કોર્પોરેટર બાબુરાવ ચંદેર અને અન્ય નેતાઓના ઘરો પર પણ તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીથી NCPમાં ઉથલપાથલ વધી ગઈ છે અને પાર્ટી નેતાઓએ કહ્યું છે કે, આ 'રાજકીય દબાણ' છે. IT વિભાગે જણાવ્યું કે, તપાસ પારદર્શક અને કાયદા અનુસાર ચાલી રહી છે અને વધુ પુરાવા મળવા પર કાર્યવાહી વધુ કડક થશે.

### હેબતપુર, મકરબા અને સતાધાર બ્રિજ બની જતા ચાર લાખથી વધુ વાહનચાલકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે

# અમદાવાદના ત્રણ ઓવરબ્રિજ પર ફેબ્રુઆરીમાં વાહનો દોડતા થઈ જશે

### મકરબા વિસ્તારમાં 80 કરોડના ખર્ચે ઓવરબ્રિજનું નિર્માણ

ટોરેન્ટ પાવર મકરબાથી કોર્પોરેટ રોડ / એસ જી હાઈવે કનેક્ટ થતા 40 મીટરના રસ્તા ઉપર ફોર લેન રેલ્વે ઓવરબ્રિજ રૂ. 80 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. જેની લંબાઈ આશરે 640 મીટર થાય છે તથા 4 લેન બ્રિજ મુજબ આશરે કુલ 16.40 મીટર પહોળાઈ રાખવામાં આવી છે. બ્રિજની કામગીરીમાં એપ્રોચ પોર્શનની તમામ સુપરસ્ટ્રક્ચર સુધીની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે તેમજ રેલ્વે સ્પાનમાં ફાઉન્ડેશન, સબસ્ટ્રક્ચર તેમજ પીયરકેપ સુધીની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જેમાં એપ્રોચ પોર્શનનો ફીજીકલ પ્રોગ્રેસ આશરે 93 ટકા જેટલો તેમજ રેલ્વે પોર્શનનો ફીજીકલ પ્રોગ્રેસ આશરે 65 ટકા જેટલો થયેલો છે.



(એજન્સી) અમદાવાદ । તા. 13

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ત્રણ ઓવરબ્રિજ બનાવવામાં આવેલા છે. હેબતપુર, મકરબા અને સતાધાર એમ ત્રણ જગ્યાએ ઓવરબ્રિજ બનાવવામાં આવેલા છે. ત્રણેય ઓવરબ્રિજમાં 75 ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. આગામી ફેબ્રુઆરી મહિના સુધીમાં ત્રણેય ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થઈ જતા પશ્ચિમના ચાર લાખથી વધુ વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન વધતા હેબતપુરથી થલતેજ, મકરબાથી કોર્પોરેટ રોડ અને ઘાટલોડીયાથી સતાધાર તરફ જવાના રોડ પર મુખ્ય ચાર રસ્તા પર ઓવરબ્રિજ બનાવવામાં આવેલા છે. મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે જેથી હવે ચાર મહિનામાં કામગીરી પૂર્ણ થતા નાગરિકો માટે ખુલ્લા મુકવામાં આવશે અને વાહનચાલકોને અવરજવરમાં સરળતા રહેશે.

### હેબતપુરમાં ઓવરબ્રિજ બનતા દોઢ લાખ વાહનચાલકોને ફાયદો થશે

હેબતપુર ખાતે થલતેજ થી હેબતપુર સોલા સાયન્સ સીટી વિસ્તારને જોડતા રેલ્વે ઓવરબ્રિજ રૂ. 74.15 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. જેની લંબાઈ આશરે 979 મીટર થાય છે તથા 4 લેન બ્રીજ મુજબ આશરે કુલ 19.50 મીટર પહોળાઈ રાખવામાં આવેલી છે. બ્રિજની કામગીરીમાં એપ્રોચ પોર્શનની તમામ સુપરસ્ટ્રક્ચર સુધીની કામગીરી પુર્ણ કરવામાં આવી છે તેમજ રેલ્વે સ્પાનમાં ફાઉન્ડેશન, સબસ્ટ્રક્ચર તેમજ પીયરકેપ સુધીની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જેમાં એપ્રોચ પોર્શનને ફિઝિકલ પ્રોગ્રેસ આશરે 85 જેટલો તેમજ રેલ્વે પોર્શનનો ફિઝિકલ પ્રોગ્રેસ આશરે 73 ટકા જેટલો થયો છે. બ્રિજ બનવાથી પશ્ચિમ વિસ્તારમાં થલતેજ થી હેબતપુર સોલા સાયન્સ સીટી વિસ્તારને કનેકટીવીટી મળશે.

### સત્તાધારમાં ફ્લાયઓવર બનતા દોઢ લાખ વાહનચાલકોને ટ્રાફિકમાં રાહત મળશે

સત્તાધાર જંક્શન પર ફોર લેન ફ્લાય ઓવરબ્રિજ રૂ . 103 કરોડમાં બની રહ્યો છે. આ ઓવરબ્રિજ 975 મીટર છે તથા 4 લેન બ્રીજ મુજબ આશરે કુલ 16.50 મીટર પહોળાઈ રાખવામાં આવી છે. બ્રિજની કામગીરીમાં ફાઉન્ડેશન, સબસ્ટ્રક્ચર તેમજ સાલબાજુના ભાગમાં તમામ બ્રીજ સુપરસ્ટ્રકક્ચરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે તેમજ ચાણક્યપુરી ભાજુના ભાગમાં હાલમાં ડેક સ્લેબ તથા સુપરસ્ટ્રક્ચરની કામગીરી પ્રગતિમાં છે. સદર કામગીરીમાં આશરે 85 ટકા જેટલો ફીજીકલ પ્રોગ્રેસ થયો છે. બ્રિજ બનવાથી સત્તાધાર જંક્શન પરનો ટ્રાફિકનો હલ આવશે.

# હવે ન્યુ ક્લોથ માર્કેટ ને મસ્કતી કાપડ માર્કેટમાં જ છ દિવસનું એક્ઝિબિશન

### અમદાવાદમાં ૧૭થી ૨૨ નવેમ્બર સુધી એક્ઝિબિશન યોજાશે

### માર્કેટને જ એક્ઝિબિશન સેન્ટરમાં રૂપાંતરિત કરવાનો પહેલો અખતરો

(એજન્સી) અમદાવાદ । તા. 13

ન્યુક્લોથ માર્કેટ અને મસ્કતી કાપડ માર્કેટના દુકાનદારોએ આ વરસે માર્કેટનું જ એક્ઝિબિશન સેન્ટરમાં રૂપાંતર કરી દઈને માર્કેટની તમામ બ્રાન્ડને પ્રોજેક્ટ કરતાં એક્ઝિબિશનનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે. ન્યુક્લોથ માર્કેટના ૬૬ વર્ષની પૂર્ણાહૂતિ નિમિત્તે આ એક્ઝિબિશન યોજવાનું અને દેશ દેશાવરથી ખરીદદારોને આમંત્રણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. માર્કેટના તમામ ૧૫૦૦ દુકાનદારો તેમના પ્રોડક્ટ્સને પ્રોજેક્ટ કરવાનું કામ કરશે. સમગ્ર માર્કેટમાં લાલ જાજમ બિછાવી દેવામાં આવશે. વાહનોને માર્કેટમાં એન્ટ્રી આપવામાં આવશે. માર્કેટમાં આવનારાઓને આખા માર્કેટમાં ફેરવવા માટે ગોલ્ફના મેદાનની જેવી કાર દોડાવવામાં આવશે. માર્કેટમાં તેના સિવાયના એક પણ વાહનો રાખવામાં આવશે નહિ. છ દિવસના આ એક્ઝિબિશનમાં ગ્રે ફેબ્રિક્સ, ડ્રેસ મટિરિયલ્સ, ડેનિમ, હોઝિયરી, શૂટિંગ-શર્ટિંગ અને બેડશીટ્સની વરાયટી સહિતના અનેક પ્રોડક્ટ્સ મૂકાશ. ઈદ, પોંગલ, હોળી સહિતના તહેવારો ઉપરાંત લગ્નસરા માટેના નવી ડિઝાઈનના કાપડ અને વસ્ત્રો તૈયાર કરીને એક્ઝિબિસનમાં મૂકવામાં આવશે. તેમાંય ખાસ કરીને વેટ ડાયટિંગ, વેટ પ્રિન્ટ, ડિજિટલ પ્રિન્ટ, પિગમેન્ટ પ્રિન્ટ સહિતના આધુનિક કાપડ અને વસ્ત્રો એક્ઝિબિશનમાં મૂકવામાં આવશે. લેટેસ્ટ ફેશનને અનુકૂળ બની રહે તેવા પ્રોડક્ટ્સ મૂકવામાં આવશે.ટીએનસી ફેબેક્સા તરીકે ઓળખાનારા આ એક્ઝિબિશનમાં ૧૧૫થી વધુ બ્રાન્ડ અને ૧૫૦૦ દુકાનદારો ભાગ લેશે. બ્રાન્ડ પ્રોડ્યુસર ઉપરાંત કંનીઓના સીઈઓ, પરચેજ મેનેજર,ફેશન ડિઝાઈનર, મર્ચન્ડાઈઝર સહિત આ એક્ઝિબિશનમાં ઓછામાં ઓછા ૧૦૦૦૦થી વધુ લોકો આવે તેવી ધારણા મૂકવામાં આવી રહી છે. માર્કેટે દેશ અને દુનિયામાંથી ૫૦૦ જેટલા મોટા કસ્ટમર્સને એક્ઝિબિશનમાં ભાગ લેવા માટે એર ટિકિટ મોકલી આપી છે. તેમને એક દિવસ માટે આઈટીસી નર્મદામાં ઉતારો આપવામાં આવશે.



### દિલ્હી મુલાકાતનું રહસ્ય અને કનેક્શન

ડો. અહેમદ સૈયદની જુલાઈમાં દિલ્હી મુલાકાત ATS માટે એક મહત્ત્વપૂર્ણ કડી બની છે. આ મુલાકાત દરમિયાન તેણે કોઈ મોટી ષડયંત્ર રચ્યું હતું કે પછી કોઈ અન્ય આતંકવાદીને મળ્યો હતો, તે જાણવા માટે ATS સખત પ્રયાસો કરી રહી છે.

# ડો. અહેમદ સૈયદનો ખુલાસો, આતંકી 'જુલાઈ'માં દિલ્હીમાં કોને મળ્યો? ગુજરાત ATS ની 3 રાજ્યોમાં ધમાકેદાર તપાસ

(એજન્સી) અમદાવાદ । તા. 13

ડો. અહેમદ સૈયદના આતંકવાદી નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ગુજરાત ATSએ પોતાની તપાસનો વ્યાપ વધાર્યો છે. આતંકીના દિલ્હી પ્રવાસ બાદ તેના દ્વારા અન્ય રાજ્યોમાં થયેલી ગતિવિધિઓની શંકા...

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા ઝડપાયેલા આતંકી ડો. અહેમદ સૈયદને લઈને મોટા ખુલાસાઓ થયા છે. ATSની તપાસમાં જાણવા મળ્યું છે કે આતંકી ડો. અહેમદ સૈયદ એક વખત દિલ્હી ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, તે જુલાઈ મહિનામાં દિલ્હી ગયો હતો. આતંકીના દિલ્હી કનેક્શનની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ગુજરાત ATSની ટીમ ડો. અહેમદ સૈયદને લઈને દિલ્હી પહોંચી છે. ATSની ટીમ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે દિલ્હીમાં તે ક્યાં રોકાયો હતો અને સૌથી મહત્ત્વનું કે તે કયા લોકો અથવા સંગઠનોના સંપર્કમાં આવ્યો હતો અને કોને મળ્યો હતો.

### ગુજરાત ATSની ત્રણ રાજ્યોમાં તપાસ

ડો. અહેમદ સૈયદના આતંકવાદી નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ગુજરાત ATSએ પોતાની તપાસનો વ્યાપ વધાર્યો છે. આતંકીના દિલ્હી પ્રવાસ બાદ તેના દ્વારા અન્ય રાજ્યોમાં થયેલી ગતિવિધિઓની શંકાના આધારે ATSની ટીમો હવે દિલ્હી ઉપરાંત ઉત્તર પ્રદેશ (યુપી) અને રાજસ્થાનમાં પણ સમાંતર તપાસ કરી રહી છે. આ ત્રણેય રાજ્યોમાં ડો. સૈયદના સંભવિત સંપર્કો, છુપાયેલા સ્થળો અથવા અન્ય કોઈ મદદગારોની શોધખોળ કરવામાં આવી રહી છે. ATSનો હેતુ આતંકવાદી સંગઠનની સમગ્ર ચેઈનનો પર્દાફાશ કરવાનો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ન્યુઝ બ્રિફ

### નિવૃત્ત બેંક કર્મચારી પાસેથી ઇન્વેસ્ટમેન્ટના નામે 30 લાખની ઠગાઈ

વડોદરા | શહેરમાં ઓનલાઈન ઠગો બે લગામ બનીને કાળો કેર વર્તાવી રહ્યા છે. સામાન્ય નાગરિકો તો ઠીક, પરંતુ બેંકિંગની ઊંડી સમજ ધરાવતા નિવૃત્ત બેંક કર્મચારી પણ આ ટોળકીનો આસાન શિકાર બની રહ્યા છે. વડોદરામાં તાજેતરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઈન્વેસ્ટમેન્ટના નામે ઠગાઈ કરીને એક નિવૃત્ત કર્મચારી પાસેથી અધધધ 30 લાખની માતબર રકમ પડાવી લેવામાં આવી છે. આ ગંભીર વડોદરા ઓનલાઈન છેતરપિંડીની ઘટનાએ સાયબર સુરક્ષા સામે ફરી એકવાર મોટો પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. માંજલપુર વિસ્તારમાં આવેલી સંધ્યા સોસાયટીમાં રહેતા નિવૃત્ત બેંક કર્મચારી શ્રી દિનેશભાઈ જોષીએ આ સમગ્ર ઘટના અંગે પોલીસને વિગતો આપી છે. 'નુવામા વેલ્થ કંપની'ના ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટના નામે એક મેસેજ આવ્યો હતો.

### વડોદરામાં ભૂંડ આવી જતા પટકાયેલા બાઇક સવારનું મોત

વડોદરા | શહેર અને જિલ્લાના જાહેર માર્ગો પર રખડતા ઢોર ની સમસ્યા ફરી એકવાર જીવલેણ સાબિત થઈ છે. તંત્રની ઘોર બેદરકારીના કારણે અવારનવાર નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે, જેમાં છેલ્લા ત્રણ દિવસમાં બે નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. તાજેતરમાં જ, કાયાવરોહણથી ધનિયાવી ગામ તરફના રસ્તા પર અચાનક ભૂંડ વચ્ચે આવી જતાં ટુ-વ્હીલર પર સવાર એક વૃદ્ધનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું છે. આની સાથે જ ભાયલી વિસ્તારમાં ગાયના કારણે થયેલા અન્ય એક અકસ્માતમાં એક વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચી છે. જાંબુવા વુડાના મકાનમાં રહેતા દાજીભાઈ સોમાભાઈ પરમાર (૬૦) અને તેમની સાથે મદન ઝાંપા રોડ પર રહેતા દિનેશભાઈ મણીલાલ માછી (૪૯) બે દિવસ અગાઉ ટુ-વ્હીલર પર કામ અર્થે જઈ રહ્યા હતા.

### ₹ ૧.૪૯ કરોડની છેતરપિંડીમાં આરોપી આકાશગીરીની જામીન અરજી નામંજૂર

વડોદરા | શહેરના સાયબર છેતરપિંડી ના એક હાઈ-પ્રોફાઈલ કેસમાં આજે મહત્ત્વનો કાયદાકીય નિર્ણય આવ્યો છે. શેર માર્કેટ રોકાણ માં ઊંચું વળતર આપવાની લાલચ આપીને એક મહિલા સાથે ૧.૪૯ કરોડની માતબર રકમની છેતરપિંડી કરવાના બનાવમાં સંડોવાયેલા આરોપી આકાશગીરી આનંદગીરી ગોસ્વામીની જામીન અરજીને ન્યાયાધીશે નામંજૂર કરી દીધી છે. આર્થિક ગુનાની ગંભીરતા અને તપાસના તબક્કાઓને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને જેલમાં જ રહેવાનો આદેશ કર્યો છે. બનાવની વિગતો અનુસાર, પીડિત મહિલાએ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમને વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, જો તેઓ સ્ટોક માર્કેટમાં રોકાણ કરશે તો એક્સપર્ટ દ્વારા વિશેષ ટીપ્સ આપવામાં આવશે અને તેનાથી તેમને ઊંચું વળતર મળશે.

### સરદાર સ્મૃતિ ભવનનું આધુનિકરણ: ₹ ૨૩ કરોડના ખર્ચે મળશે

સુરત | સુરત મહાનગરપાલિકાના વરાછા સુરત વિસ્તારમાં આવેલું અને લગભગ ૨૫ વર્ષ જૂનું સરદાર સ્મૃતિ ભવન હવે આધુનિકતાના રંગે રંગાવા તૈયાર છે. છેલ્લા ઘણા સમયથી ભવનની જર્જરિત અને જૂની પડી ગયેલી ટેકનોલોજીને અપડેટ કરવા માટેની માગણી હતી, જેને ધ્યાનમાં લઈને પાલિકાએ એક મોટો નિર્ણય લીધો છે. ભવનના સંપૂર્ણ નવીનીકરણ માટે ૨૩ કરોડથી વધુના ખર્ચે આધુનિક લાઈટ સાઉન્ડ સિસ્ટમ સહિત અનેક ટેકનોલોજી અપડેટ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટ મેળવવાની કવાયત પણ હાથ ધરવામાં આવી છે. વરાછા વિસ્તારના લોકો માટે સરદાર સ્મૃતિ ભવન સાંસ્કૃતિક કાર્યક્રમો, શાળાના વાર્ષિક ઉત્સવો અને સામાજિક મેળાવડાઓ માટેનું સૌથી લોકપ્રિય સ્થળ ગણાય છે. જોકે, ૨૫ વર્ષ પહેલાં બનેલા આ ભવનમાં સમય જતાં ટેકનોલોજી જૂની પડી ગઈ હતી.

---

#### વિસાવદર મગફળી કેન્દ્રમાં નિયમ વિરુદ્ધ કામગીરી, ખરીદી શરૂ થતાં જ બબાલના મંડાણ

# ટેકાના ભાવની ખરીદીમાં ખોટીપો: મગફળીને નામંજૂર રખાતા ખેડૂતોનો હોબાળો

(એજન્સી) જૂનાગઢ/વિસાવદર । તા. 13

સૌરાષ્ટ્રમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ટેકાના ભાવની ખરીદી માં માથાકૂટની શરૂઆત થઈ ચૂકી છે. જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં વિસાવદર મગફળી ખરીદી કેન્દ્ર પર ખેડૂતોની સારી મગફળીને ખોટી રીતે રિજેક્ટ કરવામાં આવતા ખેડૂતોનો હોબાળો મચી ગયો હતો. ખેડૂતોએ ખરીદ કેન્દ્રના સંચાલકોને ઘેરીને ઉધડો લેતા, આખરે રિજેક્ટ કરેલી મગફળીને ફરીવાર સેમ્પલિંગ કરીને ખરીદી લેવાની ફરજ પડી હતી.

'ધૂળ ચોંટી હોવા'નું બહાનું: ખેડૂતોની હેરાનગતિ

વિસાવદર ખાતે મગફળી ખરીદીના બે સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આજે સવારે જે ખેડૂતોને મેસેજ કરીને મગફળી વેચવા માટે બોલાવવામાં આવ્યા હતા, તેમની મગફળીના સેમ્પલ ચેક કરતી વખતે વિવાદ થયો હતો.

ખેડૂતોની ફરિયાદ હતી કે, તેમની મગફળીના હવા (ભેજ), ઉતારો અને ડેમેજનું પ્રમાણ નિયમો અનુસાર યોગ્ય હતું, તેમ છતાં મંડળીના સંચાલકો દ્વારા 'મગફળીના અમુક ડોડવા પર ધૂળ ચોંટી છે' તેવા નજીવા બહાના હેઠળ મગફળી રિજેક્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કેટલાક સંચાલકોએ તો મગફળીના ફોતરા પર નખ વડે ધૂળ કાઢીને ખોટી રીતે ખેડૂતોને હેરાન કરવાનો પ્રયત્ન કર્યો હતો.

"જો આટલી સારી મગફળીને રિજેક્ટ કરવામાં આવશે, તો વિસાવદર તાલુકાના એકપણ ખેડૂતની મગફળીનું સેમ્પલ પાસ થઈ શકે તેમ નથી. નિયમ મુજબ બધું બરાબર હોય તો ખોટી રીતે હેરાનગતિ શા માટે?"

**ખેડૂતોનો હોબાળો અને રાજકીય આગેવાનોની એન્ટ્રી**

જે ખેડૂતની મગફળી ખોટી રીતે રિજેક્ટ કરવામાં આવી હતી, તેણે તાત્કાલિક અન્ય ખેડૂતો અને આમ આદમી પાર્ટીના સ્થાનિક આગેવાનોને જાણ કરી હતી. આગેવાનો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ખરીદ સેન્ટર પર પહોંચી ગયા હતા અને સંચાલકોનો ઉધડો લીધો હતો. વધતા વિરોધ અને ખેડૂતોનો હોબાળો મચી જતાં મંડળીના સંચાલકોએ તાત્કાલિક પોતાની ખોટી હેરાનગતિ બંધ કરવી પડી હતી. પરિણામે, જે મગફળીને અગાઉ રિજેક્ટ કરવામાં આવી હતી, તેનું ફરીવાર સેમ્પલિંગ કરવામાં આવ્યું અને અંતે તેને ટેકાના ભાવની ખરીદી માં સ્વીકારવાની ફરજ પડી હતી. દર વર્ષે પૈસા લેવાના, સારી મગફળી રિજેક્ટ કરવાના અને ખેડૂતોને એક તાલુકામાંથી બીજા તાલુકામાં વેચવા મોકલવાના મુદ્દે વિવાદ થાય છે. ત્યારે, આ વર્ષે પણ ભ્રષ્ટાચાર અને ખોટીપણાનો આ સિલસિલો કેટલો લાંબો ચાલે છે, તે જોવાનું રહે છે.



**ભવિષ્યમાં આંદોલનની ચીમકી** | ટેકાના ભાવની ખરીદી શરૂ થઈ તેને માત્ર ચાર દિવસ થયા છે, ત્યાં જ આ પ્રકારના વિવાદો શરૂ થઈ ગયા છે. ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો ભવિષ્યમાં વિસાવદર મગફળી કે અન્ય કોઈ સેન્ટર પર કોઈપણ ખેડૂતને ખોટી રીતે હેરાન કરવામાં આવશે અથવા મગફળી રિજેક્ટ કરવામાં આવશે, તો ખરીદી સેન્ટર પર જ ધરણાં અને ઉગ્ર વિરોધ સહિતના કાર્યક્રમો કરવામાં આવશે.

---

#### સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલ અમલમાં મૂકાતા સર્વર ડાઉન

## વડોદરા નવ ગામ: જન્મ-મરણ પોર્ટલ ખામી, દોઢ મહિનાથી નોંધણીનું કામ ઠપ

(એજન્સી) વડોદરા । તા. 13

જન્મ અને મરણની નોંધણી જેવી પાયાની અને આવશ્યક સરકારી સેવાઓમાં વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા દોઢ મહિનાથી ગંભીર અડચણ ઊભી થઈ છે. ૧ સપ્ટેમ્બરથી રાજ્ય સરકારના બદલે કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ (સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ) પર નોંધણી ફરજિયાત કરાતાં ટેકનિકલ ખામી સર્જાઈ છે, જેના કારણે વડોદરાની આસપાસના લગભગ વડોદરા નવ ગામમાં નોંધણીનું કામ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. વાઘોડિયા, સયાજીપુરા, દુમાડ, દશરથ, લાલજીપુરા અને કોયલી જેવા મહત્ત્વના ગામોના હજારો ગ્રામજનો પોતાના બાળકનો જન્મ દાખલો કે સ્વજનનો મરણ દાખલો મેળવવામાં નિષ્ફળ જતાં ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.




અગાઉ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં નોંધણીનું કામ રાજ્ય સરકારની 'ઈ-ઓળખ એપ' દ્વારા સરળતાથી થતું હતું. પરંતુ, ભારત સરકારે તારીખ ૧લી સપ્ટેમ્બરથી સમગ્ર દેશમાં સીઆરએસ પોર્ટલ ફરજિયાતપણે અમલમાં મૂક્યું છે, જેના દ્વારા જ જન્મ-મરણની નોંધણી કરવી પડે છે. નવા પોર્ટલને સંચાલિત કરવાની તાલીમ આપવામાં આવી હોવા છતાં, કેટલાક સ્થળોએ ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ છે. આ જન્મ-મરણ પોર્ટલ ખામીને કારણે સિસ્ટમમાં ગામોના નામ કે અન્ય જરૂરી ડેટા યોગ્ય રીતે દેખાતા નથી.

વડોદરા નવ ગામમાં આ સમસ્યા સૌથી ગંભીર છે, જેમાં દુમાડ, કોયલી, સયાજીપુરા, દશરથ, વાઘોડિયા, પોર અને નંદેસરીના કેટલાક વિસ્તાર, દામાપુરા અને લાલજીપુરાનો સમાવેશ થાય છે. દોઢ મહિનાથી કામકાજ બંધ હોવાથી ગ્રામજનોમાં સરેઆમ ત્રાસ અને રોષ ફેલાયો છે. આ સમસ્યા માત્ર જન્મ-મરણના દાખલા પૂરતી સીમિત નથી, પરંતુ તેની સીધી અસર આધારકાર્ડ જેવા પાયાના દસ્તાવેજો પર પણ પડી રહી છે. આધારકાર્ડમાં નામ, જન્મતારીખ કે અન્ય કોઈપણ સુધારો કરાવવા માટે હવે ભારત સરકારના પોર્ટલ પરથી જારી થયેલા જન્મના નવા દાખલાનો આગ્રહ રાખવામાં આવે છે.

---

#### વડોદરા ગલુડિયા કચડવાની ઘટના:

## રીક્ષા ડ્રાઈવર સામે પ્રાણી ક્રૂરતાનો ગંભીર ગુનો

(એજન્સી) વડોદરા । તા. 13

વડોદરાના ચાચા નહેરુ નગર વિસ્તારમાં તાજેતરમાં એક અત્યંત સંવેદનશીલ ઘટના બની છે, જ્યાં એક રીક્ષા ડ્રાઈવરે રસ્તા પર બેઠેલા ત્રણ માસૂમ ગલુડિયાઓને કચડી નાખતા તેમનું કરુણ મૃત્યુ થયું છે. આ અમાનવીય કૃત્યના પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સયાજી ટાઉનશીપ રોડ પર રહેતા એક સામાજિક કાર્યકર દ્વારા આ બાબતે બાપોદ પોલીસ સ્ટેશનમાં રીક્ષા ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ગંભીર વડોદરા ગલુડિયા કચડવાની ઘટના એ ફરી એકવાર પ્રાણી ક્રૂરતા કાયદો અને તેની અમલવારીના મુદ્દાને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે.

અજય ભરતભાઈ નામનો રિક્ષા ડ્રાઈવર સામે ગુનો દાખલ થયો છે તે ઉભો હતો.

**શું હતી સમગ્ર ઘટના?**

સામાજિક કાર્યકર, જેઓ ભારત સરકારના એનિમલ હેલ્પર ઓફ ઈન્ડિયામાં માનદ સેવા આપે છે, તેમણે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે ગત ૧૨મી તારીખે તેમને એક નાગરિકનો ફોન આવ્યો હતો. આ કોલમાં જણાવવામાં આવ્યું હતું કે આજવા રોડ પર ચાચા નહેરુ નગર પાસે આવેલા અમર હોમની સામેના વિસ્તારમાં એક રીક્ષા ડ્રાઈવરે ત્રણ ગલુડિયાઓને વાહન નીચે કચડી દીધા છે.

---

## જિલ્લા સમાચાર

## વડોદરા પોલીસે અન્ય રાજ્યોમાંથી પાંચને ઝડપ્યા

(એજન્સી) વડોદરા । તા. 13

શહેર પોલીસ દ્વારા લાંબા સમયથી જુદા જુદા રાજ્યોમાં આશરો લઈને છુપાયેલા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે શરૂ કરવામાં આવેલી 'મહાઝુંબેશ' દરમિયાન વધુ પાંચ ગુનેગારોને પકડી પાડવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય પોલીસ ટીમોએ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મુંબઈ જેવા રાજ્યોમાં ઓપરેશન હાથ ધરીને ગુનાખોરી આચરીને નાસી છૂટેલા આરોપીઓને દબોચી લીધા છે. પોલીસની આ સરાહનીય કામગીરીના કારણે માત્ર નવા કેસો જ નહીં, પરંતુ વર્ષો જૂના અનસોલ્વ્ડ (ન ઉકેલાયેલા) ગુનાઓ પણ હવે ઉકેલાઈ રહ્યા છે. ખોડિયારનગર વિસ્તારમાં એક જ્વેલર્સની દુકાનમાં ગ્રાહક બનીને આવેલા ઠગિયા સોનાની ત્રણ ગીની ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ ચાલી રહેલા સિદ્દીક ઉર્ફે રઝા જહાંગીર બેગ અને તેનો સાથીદાર જીતેશ ઉર્ફે પપ્પુ ઘનશ્યામ સોનીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ ઈરાની ગેંગના સભ્યો હોવાની આશંકા છે, જેઓ ગ્રાહકના સ્વાંગમાં દુકાનદારોને નિશાન બનાવે છે. સયાજીગંજ વિસ્તારમાં બનેલા મારામારીના એક બનાવમાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા દિનેશ ખીટકોલ ખટાણા અને માનસિંગ ખીટકોલ ખટાણાને પણ પોલીસે પકડી પાડ્યા છે. આ આરોપીઓ આટલા વર્ષોથી અન્ય રાજ્યમાં છુપાઈને રહેતા હતા.

## ગોંડલ કચરાનો ઢગલો બન્યો મૃતદેહ છુપાવવાનું સ્થળ: પોલીસે તપાસ તેજ કરી

(એજન્સી) ગોંડલ । તા. 13

રાજકોટ જિલ્લાના ગોંડલ કચરાનો ઢગલો શહેરમાંથી આજે એક અત્યંત હૃદયદ્રાવક અને માનવતાના તમામ સીમાડાઓ તોડી નાખે તેવી ઘટના સામે આવી છે, જેને જોઈને લોકો આજના યુગને ઘોર કળિયુગનું ઉદાહરણ ગણી રહ્યા છે. ગોંડલના સ્મશાન રોડ પર આવેલા પુલના ખૂણામાં કચરાના ઢગલામાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બુધવારના દિવસે કચરો વીણતા એક યુવાનની નજર કચરાના ઢગલામાં પડેલી એક શંકાસ્પદ પ્લાસ્ટિકની થેલી પર પડી હતી. યુવાને શંકા જતાં જ્યારે થેલી ખોલીને જોયું તો અંદરનું દ્રશ્ય જોઈને તે સ્તબ્ધ થઈ ગયો હતો. થેલીની અંદર એક નવજાત શિશુનો મૃતદેહ હતો. આ ભયાનક દ્રશ્ય જોઈને યુવાને તાત્કાલિક આસપાસના લોકોને જાણ કરી હતી, અને જોતજોતામાં લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ કાફલો તાત્કાલિક સ્મશાન રોડ પર દોડી આવ્યો હતો. પોલીસે પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલા શિશુના મૃતદેહનો કબજો લીધો હતો અને તાત્કાલિક તેને પોસ્ટમોર્ટમ (પીએમ) અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના તબીબો દ્વારા મૃતદેહની પ્રાથમિક તપાસ કરવામાં આવતા એક ચોંકાવનારો ખુલાસો થયો છે. તબીબોના મતે, આ આશરે સાત માસનો અધૂરા માસે જન્મેલો ગર્ભ (ભ્રૂણ) છે.

## વડોદરા વકીલ મંડળની ચૂંટણીની 19 ડિસેમ્બરે યોજાશે મતદાન

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરના કાનૂની જગતનું સંચાલન કરતા વડોદરા વકીલ મંડળ ની ચૂંટણીની તારીખો આજે જાહેર કરવામાં આવી છે. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ આ મહત્ત્વપૂર્ણ ચૂંટણી યોજાશે, જેના માટે વકીલોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વર્ષની ચૂંટણી કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારોને કારણે ખાસ ચર્ચામાં છે, જેમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મહિલા અનામત બેઠકોમાં વધારો અને બાર કાઉન્સિલ આદેશ ના કારણે પ્રચાર સામગ્રી પર મૂકવામાં આવેલો પ્રતિબંધ મુખ્ય છે.

વડોદરા વકીલ મંડળની ચૂંટણી માટેના જાહેરનામા પ્રમાણે સમગ્ર પ્રક્રિયા નીચે મુજબની સમયરેખા અનુસાર ચાલશે: મેમ્બર ફી ભરવાની છેલ્લી તારીખ: તા. ૨૨ નવેમ્બર સુધી વકીલો મેમ્બર ફી ભરી શકશે. તા. ૨૬ નવેમ્બરના રોજ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. તા. ૯ ડિસેમ્બર સુધી ઉમેદવાર પોતાનું ફોર્મ પાછું ખેંચી શકશે.

આ વર્ષે વડોદરા વકીલ મંડળ ની ચૂંટણીમાં સૌથી મોટો અને પ્રગતિશીલ ફેરફાર મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

---

#### તલસટ ગામ રેડમાં ૧,૧૦૪ વિદેશી દારૂની બોટલ કબજે

## ક્લાઉડ નાઈન બિલ્ડિંગ પાછળના ખેતરમાં દારૂનો જથ્થો પકડાયો

(એજન્સી) વડોદરા । તા. 13

શહેર નજીકના તલસટ ગામ રેડના કારણે દારૂના કાળા કારોબારમાં સંડોવાયેલા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અટલાદરા પોલીસની ટીમે બાતમીના આધારે તલસટ ગામની સીમમાં ધમધમતા એક દારૂના અડ્ડા પર દરોડો પાડીને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે આ સમગ્ર રેકેટના મુખ્ય સૂત્રધારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે દારૂની ૧,૧૦૪ નંગ બોટલો સહીત કુલ ૩.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દરોડાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે શહેરી વિસ્તારની આસપાસના ગામોમાં કાયદાનો ડર રાખ્યા વિના વડોદરા દારૂનો અડ્ડો ચલાવવામાં આવી રહ્યો હતો.

અટલાદરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ નિયમિત પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન તેમને ગુપ્ત માહિતી મળી હતી. આ માહિતી મુજબ, તલસટ ગામની સીમમાં આવેલી ક્લાઉડ નાઈન બિલ્ડિંગની પાછળ, ભાલીયાના ખેતરમાં ઝૂંપડાની પાછળના ભાગે મોટા પાયે દારૂનો અડ્ડો ચાલી રહ્યો હતો. આ બાતમીના આધારે પોલીસે તુરંત જ ચોક્કસ જગ્યા પર રેડ કરવાની યોજના બનાવી હતી.

પોલીસે ઝડપાયેલા આરોપીઓ પૈકી વિષ્ણુ અમૃતભાઈ ભાલીયાની કડક પૂછપરછ કરી હતી. વિષ્ણુએ કબૂલાત કરી હતી કે, તેના મામા અર્જુન ઉર્ફે સન્ની પૂનમભાઈ મારવાડી (રહે. ઓરો હાઈટ્સ, વડસર) તેના ખેતરમાં આવેલા ઝૂંપડાની પાછળ વિદેશી દારૂની બોટલ કબજે કરીને તેનું છૂટક વેચાણ કરાવતા હતા.

#### ફૂલેલા સિલિન્ડરને જોતાં જ જવાનોએ બે ટીમો બનાવી જીવના જોખમે બચાવ કર્યો

## વડોદરા આગ: ગોત્રીમાં મકાન ખાખ, ફાયરની સમયસૂચકતાએ બચાવ્યા અનેક પરિવારો

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરના ગોત્રી વિસ્તારના બારોટ ફળિયામાં આજે સાંજના સમયે એક મકાનમાં લાગેલી ભીષણ આગે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જી દીધો હતો. બે માળના આ મકાનના બીજા માળ પર આવેલા રસોડા (કિચન) માં આગની જ્વાળાઓ ઊઠી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સદભાગ્યે, જે સમયે આ દુર્ઘટના બની તે સમયે મકાન માલિક જીતુભાઈ પટેલનો પરિવાર બહાર ગયો હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. જોકે, આ ઘટનામાં ફાયર બ્રિગેડના જવાનોની સમયસૂચકતા અને બહાદુરીના કારણે બાજુના મકાનો બચી ગયા



હતા, એટલું જ નહીં પરંતુ એક સળગતો ગેસ સિલિન્ડર ફાટતાં ફાટતાં રહી ગયો હતો, જેનાથી મોટી દુર્ઘટના ટળી હતી.

બારોટ ફળિયામાં આવેલું જીતુભાઈ પટેલનું મકાન ગીચ રહેણાંક વિસ્તારમાં આવેલું છે. બીજા માળે કિચનમાં આગ લાગ્યા બાદ તે ડ્રોઈંગરૂમ સુધી ફેલાઈ ગઈ હતી. આગની જ્વાળાઓ એટલી ઝડપથી ફેલાઈ કે કિચન અને ડ્રોઈંગરૂમમાં રહેલી તમામ ઘરવખરી, કિંમતી સામાન અને ફર્નિચર થોડી જ મિનિટોમાં બળીને રાખ થઈ ગયા હતા.

પ્રાથમિક દ્રષ્ટિએ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ ઘટનાસ્થળે ગેસ સિલિન્ડર આગની લપેટમાં હોવાથી, ગેસ લીકેજ અથવા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે.

## કોમર્સ ફેકલ્ટીના સાત હજાર વિદ્યાર્થીઓની અંતિમ સત્ર પરીક્ષા શરૂ



વડોદરા | એમ.એસ. યુનિવર્સિટીના શૈક્ષણિક માળખામાં આજે એક મહત્ત્વપૂર્ણ તબક્કાની શરૂઆત થઈ છે. યુનિવર્સિટીની સૌથી મોટી ગણાતી કોમર્સ ફેકલ્ટી માં તા. ૧૩ નવેમ્બરથી ટી.વાય. સેમેસ્ટર-પાંચની એન્ડ સેમેસ્ટર એમએસયુ પરીક્ષા નો પ્રારંભ થઈ ચૂક્યો છે. અંદાજે ૭,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ મહત્ત્વની પરીક્ષા આપી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીએ વ્યાપક સ્તરે બેઠક વ્યવસ્થા ગોઠવી છે. કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યા હોવાને કારણે માત્ર એક જ કેન્દ્રમાં પરીક્ષાનું આયોજન કરવું શક્ય ન હતું. આથી યુનિવર્સિટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને કોઈ અસુવિધા ન પડે તે માટે ચાર જુદા જુદા સ્થળોએ વ્યવસ્થા કરવામાં આવી છે: મુખ્ય ફેકલ્ટી બિલ્ડિંગમાં મોટા ભાગના વિદ્યાર્થીઓની બેઠક ગોઠવાઈ છે. સી.વી. રામન બિલ્ડિંગના ઓરડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

---

#### કવિ દુલા કાગ સ્કૂલમાં પ્રવેશ માટે પડાપડી | વધુ નવ વર્ગોના નિર્માણનો મોટો નિર્ણય

## વડોદરા શિક્ષણ મોડેલની ચર્ચા : સરકારી સ્કૂલની વધતી લોકપ્રિયતા

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરના હરણી વારસિયા રિંગ રોડ પર આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત 'કવિ દુલા કાગ સ્કૂલ' આજે વડોદરાના વડોદરા શિક્ષણ જગતનું એક અનોખું અને સફળ ઉદાહરણ બની ચૂકી છે. ખાનગી શાળાઓને પણ ટક્કર મારે તેવી શિક્ષણ પદ્ધતિ અને સુવિધાઓના કારણે આ સરકારી સ્કૂલ માં પ્રવેશ મેળવવા માટે દર વર્ષે વાલીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળે છે. હાલમાં જ સ્કૂલમાં વધુ નવ વર્ગો બનાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેનું ખાતમુહૂર્ત આજે, તા. ૧૩ નવેમ્બરે, સવારે ૧૧ વાગ્યે શાળાના પ્રાંગણમાં કરવામાં આવશે.

સ્કૂલના આચાર્ય જિગર ઠાકરના જણાવ્યા મુજબ, દર વર્ષે આશરે ૨૦૦ જેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે, તેમ છતાં પણ ૧૫૦ જેટલા બાળકો પ્રવેશથી વંચિત રહી જાય છે. પ્રવેશ માટેની આ ભારે માગને ધ્યાનમાં લઈને શિક્ષણ સમિતિએ સ્કૂલ બિલ્ડિંગમાં વધારાના એક ફ્લોરનું બાંધકામ કરવાનો નિર્ણય લીધો છે. નવા ફ્લોર પર કુલ નવ અદ્યતન વર્ગો બનાવવામાં આવશે. આ વર્ગો શરૂ થતાં જ શાળાની વિદ્યાર્થી સંખ્યા ૨૦૦૦ને પાર કરી જશે. આચાર્ય ઠાકરે ગર્વ સાથે જણાવ્યું કે, ૨૦૦૦થી વધુ બાળકોને ભણાવનારી કવિ દુલા કાગ સ્કૂલ વડોદરા શહેરની પ્રથમ સરકારી સ્કૂલ બનશે, જે શિક્ષણ સમિતિ માટે એક મોટો કીર્તિમાન હશે. જ્યાં એક તરફ ખાનગી શાળાઓ ફીના ઊંચા ભારણને કારણે વિવાદમાં રહે છે, ત્યાં આ કવિ દુલા કાગ સ્કૂલ ની લોકપ્રિયતાના મૂળમાં તેની ગુણવત્તાસભર સુવિધાઓ અને પારદર્શિતા રહેલી છે: ખાનગી સ્કૂલ જેવી સુવિધા, ફી શૂન્ય: શિક્ષણ સમિતિની શાળા હોવાથી વાલીઓએ કોઈ ફી આપવાની રહેતી નથી, પરંતુ શિક્ષણ અને અન્ય સુવિધાઓ ખાનગી સ્કૂલના સ્તરની પૂરી પાડવામાં આવે છે.



**કવિ દુલા કાગ સ્કૂલ: સરકારી સ્કૂલની ક્રાંતિ**

કવિ દુલા કાગ સ્કૂલ હાલમાં શિક્ષણ સમિતિની સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળા છે. અહીં ગુજરાતી માધ્યમમાં ૧૩૦૦ અને અંગ્રેજી માધ્યમમાં ૪૫૦ મળીને કુલ ૧૭૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ખાનગી સ્કૂલોની જેમ જ અહીં પણ પ્રવેશ માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે.

---

## RFO સોનલ સોલંકીના પતિ નિકુંજ ગોસ્વામીની ધરપકડ

સુરત | સુરત જિલ્લામાં ગત ૬ નવેમ્બરના રોજ વન વિભાગના અધિકારી (RFO) સોનલ સોલંકીને ગોળી વાગવાની જે ઘટના સામે આવી હતી, તેણે આજે એક મોટો અને ચોંકાવનારો વળાંક લીધો છે. પોલીસે આ કેસમાં RFO સોનલ સોલંકીના પતિ નિકુંજ ગોસ્વામીની ધરપકડ કરી છે. આ કેસમાં શરૂઆતથી જ અકસ્માત નહીં, પરંતુ ઈરાદાપૂર્વકનું ફોરેસ્ટ ઓફિસર ફાયરિંગ હોવાની શંકા હતી, જે હવે પોલીસની કાર્યવાહી બાદ લગભગ સાબિત થઈ ચૂકી છે.

ઘટનાના દિવસે, વન વિભાગના અધિકારી સોનલ સોલંકી કામરેજ-જોખા રોડ પરથી અડાજણ તરફ જવા નીકળ્યા હતા. તેમની કાર ઝાડ સાથે અથડાયેલી હાલતમાં મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક તબક્કે આને એક સામાન્ય માર્ગ અકસ્માત તરીકે જોવામાં આવ્યું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

**મિથુન : ક. છ. ઘ.**
તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**કર્ક : ડ. હ.**
ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**સિંહ : મ. ટ.**
ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.

**કન્યા : પ. ઠ. ણ.**
બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**તુલા : ર. ત.**
રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**
તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે.

**મકર : ખ. જ.**
ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે- તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો.

**મીન : દ. ચ. ઝ. થ.**
સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

---

નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન મોતને ભેટ્યા

# પિતા-પુત્રીની એકસાથે અંતિમયાત્રા, આખું ગામ હીબકે ચડ્યું...!



19 દિવસ બાદ પિતા-પુત્રી બરફ નીચે દટાયેલાં મળ્યાં

બારડોલી | સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કદોડ ગામ માટે આજની સવાર અત્યંત શોકાતુર અને કરુણામય રહી. ગત ઓક્ટોબર માસમાં નેપાળ ખાતે ટ્રેકિંગ માટે ગયેલા કદોડના વતની જીગ્નેશ પટેલ અને તેમની પર્વતારોહક પુત્રી પ્રિયાંસી પટેલ ભારે હિમવર્ષામાં લાપતા થયા બાદ, આજે (13 નવેમ્બર) ચાર દિવસ બાદ તેમના પાર્થિવદેહો વતન લાવવામાં આવ્યા હતા. વહેલી સવારે પિતા-પુત્રીની અંતિમયાત્રા નીકળતાં સમગ્ર ગામ હિબકે ચઢ્યું હતું અને મોટી સંખ્યામાં સ્વજનો તથા ગ્રામજનો અશ્રુભીની આંખે તેમાં જોડાયા હતા. મૂળ બારડોલીના કદોડ ગામના રહેવાસી જીગ્નેશ પટેલ અને તેમની પુત્રી પ્રિયાંસી ગત ઓક્ટોબર મહિનામાં નેપાળના અન્નપૂર્ણા-3 ખાતે ટ્રેકિંગ માટે ગયા હતા. પુત્રી પ્રિયાંસીને ટ્રેકિંગનો જબરદસ્ત શોખ હતો. તેણે નાની ઉંમરે અનેક ટ્રેકિંગ સ્પર્ધાઓમાં ભાગ લઈને રેકોર્ડ પણ બનાવ્યા હતા.

મળતી વિગતો મુજબ, પિતા-પુત્રી 31મી ઓક્ટોબરના રોજ ટ્રેકિંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરવાના હતા. પરંતુ નિયત સમયે તેમનો સંપર્ક ન થતાં કદોડ ખાતે રહેતા જીગ્નેશ પટેલના પત્ની જિજ્ઞાસાબેને અનેક વખત ફોન પર સંપર્ક કરવાના પ્રયાસો કર્યા હતા, જે નિષ્ફળ રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન જ ટ્રેકિંગ રૂટ પર ભારે હિમવર્ષા થઈ હોવાના અહેવાલ હતા, જેના કારણે પિતા-પુત્રી દુર્ગમ પહાડી વિસ્તારમાં લાપતા થયા હોવાની આશંકા પ્રબળ બની હતી.

પરિવારજનોએ તાત્કાલિક સ્વજનો અને સ્થાનિક આગેવાનોને આ અંગે જાણ કરી હતી. ત્યાર બાદ ભારત-નેપાળ એમ્બસીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બસીના માધ્યમથી નેપાળ પોલીસ દ્વારા પહાડી વિસ્તારમાં સઘન શોધખોળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આખરે, ગત 9મી નવેમ્બરના રોજ, બંને પિતા-પુત્રીના મૃતદેહ બરફમાં દબાયેલી હાલતમાં મળી આવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાસ્થળ એટલું દુર્ગમ હતું કે, મૃતદેહોને બેઝ કેમ્પ સુધી લાવતા જ 13 કલાક જેટલો સમય લાગ્યો હતો. ત્યાર બાદ પોસ્ટમોર્ટમ (પી.એમ.) સહિતની તમામ કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી.એકસાથે પરિવારના બે સભ્ય ગુમાવતાં પટેલ પરિવાર અને સમગ્ર કદોડ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. નેપાળથી મૃતદેહોને પ્રથમ મુંબઈ એરપોર્ટ પર લવાયા હતા, અને ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે તેમના વતન કદોડ ખાતે લાવવામાં આવ્યા હતા.

# ખેડૂતોની દેવા માફીની માંગ બુલંદ: 3 લાખનું દેવું માફ કરો

(એજન્સી) લાલપુર, જામનગર । તા.13

જામનગર જિલ્લાના લાલપુર પંથકના ખેડૂતોમાં હાલ સરકારની રાહત નીતિ સામે ભારે અસંતોષ અને નારાજગી જોવા મળી રહી છે. ચાલુ વર્ષે ચોમાસા બાદ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું હતું. આ ભારે નુકસાની બાદ સરકારે જાહેર કરેલા રાહત પેકેજને અહીંના ખેડૂતો અપૂરતું અને મશ્કરી સમાન ગણાવી રહ્યા છે.

ખેડૂતોએ સ્પષ્ટ માંગ કરી છે કે, સરકારે તાત્કાલિક ધોરણે તેમનું ૩ લાખનું દેવું માફ કરવું જોઈએ, નહીં તો આવનારા દિવસોમાં લાલપુર ખેડૂત આંદોલન શરૂ થશે.

ચાલુ વર્ષે ચોમાસાની ઋતુ લંબાઈ અને ત્યારબાદ કમોસમી વરસાદ પડવાથી ખેતીને બેવડો માર પડ્યો છે. ખેડૂતોએ જે પાક મોટા ખર્ચે વાવ્યો હતો, તે કાપણીના સમયે જ નાશ પામ્યો છે. આ પાક નુકસાન સહાય અપૂરતી હોવાથી ખેડૂતો વધુ મુશ્કેલીમાં મુકાયા છે. સરકારે પાક સર્વે કરાવ્યા બાદ જે રાહત પેકેજ જાહેર કર્યું છે, તે ખેડૂતોની નુકસાની સામે ઊંટના મોંમાં જીરા સમાન છે. ખેડૂતોના મતે, આ રાહત પેકેજમાં તેમને વિઘે માત્ર રૂ. ૩,૫૦૦ ની સહાય મળે છે. દલતુંગી ગામના પ્રવિણસિંહ જાડેજાએ આ મામલે પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'અમને સરકારની સહાયથી સહેજ પણ સંતોષ નથી. ખેડૂતોના પાકનો સંપૂર્ણ નાશ થયો છે. અમારા ૩ લાખનું દેવું માફ કરવું અત્યંત જરૂરી છે.

# જામનગરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કૌભાંડ SOG દ્વારા ઝડપવામાં આવ્યું

જામનગર | જામનગર નજીકના દરેડ વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકો અને જાહેર સલામતી માટે અત્યંત જોખમી ગણાતું એક ગેરકાયદેસર કૌભાંડ આજે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે સફળતાપૂર્વક ઝડપી પાડ્યું છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને રાંધણ ગેસના ગેરકાયદેસર રિફિલિંગનું મોટું નેટવર્ક પકડી પાડ્યું છે અને આ કારસ્તાન ચલાવતા એક શખ્સની સ્થળ પરથી ધરપકડ કરી છે. જામનગરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ નું આ કૃત્ય મોટા આર્થિક લાભ માટે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યું હતું. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, SOG શાખાને દરેડ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગની પ્રવૃત્તિ ચાલતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે, SOG નો દરોડો દરેડ વિસ્તારમાં આવેલા એક મકાનની ઓરડી પર પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન, મસિતિયા ગામના આસિફ સિદીકભાઈ ખફી નામના શખ્સને રાંધણ ગેસના મોટા સિલિન્ડરમાંથી ગેરકાયદેસર રીતે નાના સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો.

## પાટડીના ખારાઘોડામાં બાર બોરની બંદૂકથી ફાયરિંગ

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા ગામના સ્ટેશન ખાતે એક યુવાન પર ફાયરિંગની ઘટના બની છે. બાર બોરની બંદૂકથી ફાયરિંગ થતાં યુવાનને પેટ અને સાથળના ભાગે ગોળી વાગતાં તાત્કાલિક પાટડી સરકારી હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાંથી હાલત નાજુક જણાતા વધુ સારવાર માટે વિરમગામની શિવ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો છે. આ ઘટના ખારાઘોડા સ્ટેશન નજીક દવાખાના પાસે બની હતી.

# ફરિયાદ:ઉનાવાના બે અને મહેસાણાના એક ગેસ્ટ હાઉસના સંચાલક સામે ગુનો



મહેસાણા | ગેસ્ટ હાઉસમાં રોકાણ કરનાર મુસાફરોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહીં કરનાર ઉનાવાના બે અને મહેસાણાના એક મળી કુલ 3 ગેસ્ટ હાઉસના સંચાલકો સામે મહેસાણા એસઓજીએ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાવી કાર્યવાહી હાથ ધરી હતી. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટને પગલે એસઓજીની ટીમે શહેર સહિત જિલ્લામાં આવેલી હોટલો અને ગેસ્ટ હાઉસમાં ચેકિંગ હાથ ધર્યું છે. ત્યારે મંગળવારે મહેસાણાના પીલાજીગંજ વિસ્તારમાં આવેલા નટરાજ ગેસ્ટ હાઉસમાં ચેકિંગ હાથ ધરતાં કેટલાક મુસાફરોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરી ન હોવાની ખબર પડતાં પોલીસે ગેસ્ટ હાઉસના સંચાલક વિષ્ણુભા છગુજી સામે તેમજ બુધવારે ઉનાવા ખાતે ચેકિંગ હાથ ધરતાં ન્યુ આલ્ફા હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ તેમજ મીરા પેલેસ ગેસ્ટ હાઉસમાં પણ કેટલાક મુસાફરોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરેલી ન હતી.

તાપમાનનો પારો ગગડ્યો: ડાંગ અને અમરેલી પણ ૧૩ ડિગ્રી

# ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું: દાહોદ સિઝનનું સૌથી ઠંડું...



અમદાવાદ | ગુજરાત રાજ્યમાં હવે ધીમે-ધીમે શિયાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. વહેલી સવારે અને મોડી રાત્રે લોકોને ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ હવામાન વિભાગના તાજેતરના આંકડા મુજબ, આ સિઝનમાં ગુજરાતમાં ઠંડીનું જોર વધતા, દાહોદ શહેર રાજ્યનું સૌથી ઠંડું શહેર બનીને ઉભર્યું છે. અહીં લઘુતમ તાપમાનનો પારો ગગડીને સીધો ૧૧ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો છે, જેના કારણે સ્થાનિક લોકો રીતસરના ઠુંઠવાયા છે. લાંબા સમયથી ઠંડા શહેર તરીકે જાણીતું નલિયા પણ આ વખતે પાછળ રહી ગયું છે, જ્યારે ડાંગ અને અમરેલીએ ૧૩ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં ઠંડીની પકડ મજબૂત બનાવી છે.

હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર, દાહોદ સૌથી ઠંડું શહેર બન્યું છે જ્યાં ન્યૂનતમ તાપમાન નોંધાયું છે. જ્યારે ડાંગ અને અમરેલીમાં લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું છે. રાજ્યમાં હાલમાં મહત્તમ તાપમાન ૩૦ થી ૩૨ ડિગ્રીની આસપાસ છે, જેના કારણે બપોરના સમયે સામાન્ય ગરમીનો અહેસાસ થાય છે, પરંતુ સૂર્યાસ્ત થતાં જ તાપમાનનો પારો ગગડ્યો છે અને રાત્રે ઠંડક પ્રસરી જાય છે. આ બદલાવ મુખ્યત્વે ઉત્તર-પૂર્વ દિશામાંથી આવતા ઠંડા પવનોના કારણે જોવા મળી રહ્યો છે.

હવામાન ખાતાના અનુમાન મુજબ, આગામી દિવસોમાં રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે, પરંતુ ગુજરાતમાં ઠંડીનું જોર ધીમે ધીમે વધવાની પૂરી સંભાવના છે. ખાસ કરીને, આવતા સપ્તાહથી રાજ્યમાં કડકડતી ઠંડીનું આગમન થશે અને લોકોએ ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડશે. નિષ્ણાતોના મતે, જેમ-જેમ ઉત્તર ભારતમાં હિમવર્ષા વધશે, તેમ-તેમ ગુજરાત તરફ આવતા પવનો વધુ ઠંડા થશે અને તેના પરિણામે રાજ્યમાં શીતલહેર જેવો અનુભવ થઈ શકે છે.

જૂનાગઢની કન્યા છાત્રાલયમાં હોબાળો, સમાજના કોર્પોરેટરનો મામલો દબાવવાનો પ્રયાસ

# 'શાકમાં જીવાતો, સંભારામાં સાવરણાની સળીઓ નીકળે'

(એજન્સી) જુનાગઢ | તા.13

જુનાગઢ કલેક્ટર કચેરી નજીક આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલયમાં રહેતી આશરે 230 જેટલી દીકરીઓના જીવન અને સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. 12 નવેમ્બરની મોડીરાતે ભોજનમાં ઈયળો-જીવાત નીકળવી, બેડશીટ વગરના ગાદલા, ખંડેર હાલતના શૌચાલયો અને ટપકતી છત જેવી અનેક સમસ્યાઓથી કંટાળીને વિદ્યાર્થિનીઓએ હોબાળો મચાવ્યો હતો. આ સમગ્ર મામલો દબાવવા માટે જૂનાગઢના કોર્પોરેટરોએ ધમપસાડા કર્યા અને શરૂઆતમાં મીડિયાને હોસ્ટેલની અંદર જવા ન દીધું. બાદમાં હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ હોબાળો મચાવતા મીડિયા અંદર પહોંચ્યું હતું. જ્યાંરે જમવામાં જીવાત નીકળે અને અમે વોર્ડનને ફરિયાદ કરીએ તો કહે કે, અહીં ખાવા આવો છો કે ભણવા.... તમારા એડમિશન રદ કરી નાખીશ. આ સાથે જ 9 નવેમ્બરે જ્યારે મંત્રી ડો. પ્રદ્યુમન વાજા આ હોસ્ટેલની મુલાકાતે આવ્યાં, ત્યારે રસોઈયાઓએ ગ્લોઝ-ટોપી પહેરી રાખી અને બાકી 365 દિવસ લોલમ લોલ ચાલતું હોવાના પણ વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કર્યા હતાં. એટલું જ નહીં, આ સમગ્ર મામલે જ્યારે મોટો હોબાળો થતાં પોલીસ હોસ્ટેલમાં પહોંચી ત્યારે વોર્ડને પોલીસને કહ્યું કે, પહેલા મીડિયા ને અહીંથી ભગાડી દો.

## સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થાય

હોસ્ટેલમાં 7 વર્ષથી રહેતી અન્ય એક વિદ્યાર્થિની વાળા ભાવિકાએ જણાવ્યું હતું કે, તેઓ અહીં રહીને ભણવા માટે આવ્યા છે, આંદોલન કરવા માટે નહીં. રસોયા દ્વારા એટલું ખરાબ જમવાનું બનાવવામાં આવે છે કે, દીકરીઓનું સ્વાસ્થ્ય ખરાબ થઈ રહ્યું છે. ખરાબ જમવાના કારણે દીકરીઓને વારંવાર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ છે, જેની સારવાર કરાવવા જતાં હોસ્પિટલમાંથી સ્પષ્ટ રિપોર્ટ આવ્યા છે કે, આ સમસ્યાઓ ફૂડ પોઈઝનિંગના કારણે સર્જાય છે. અમારી જ્યાં સુધી લિમિટ હતી.

એક જ પરિવારની પાંચેય વ્યક્તિ ઊછળીને બહાર ફેંકાતાં ગંભીર રીતે ઘાયલ

# રેલિંગ કૂદી કાર હાઈવેની સાઈડમાં ફંગોળાઈ

(એજન્સી) ગોધરા પંચમહાલ | તા.13

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર નજીક દાહોદ હાઈવે પર આવેલા ભથવાડા ટોલનાકા પાસે આજે (13 નવેમ્બર) વહેલી સવારે એક અત્યંત ગંભીર અકસ્માત સર્જાયો હતો. મધ્યપ્રદેશ ખાતે લગ્નપ્રસંગમાં જઈ રહેલા વડોદરાના એક પરિવારની કાર અચાનક બેકાબૂ બની રેલિંગ કૂદીને હાઈવેની સાઈડમાં ફંગોળાઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે, કારમાં સવાર પાંચેય વ્યક્તિ ઉછળીને બહાર ખેતરમાં પડ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા તમામને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે.



આ બનાવ સંદર્ભે મળતી વિગતો મુજબ, વડોદરા જિલ્લાના આજવા રોડ પર આવેલી A/12 ઓમકાર સોસાયટીમાં રહેતો શાહ પરિવાર આજે વહેલી સવારે પોતાની કાર દ્વારા વડોદરાથી મધ્યપ્રદેશના શિહોર ગામ ખાતે એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. જ્યારે તેમની કાર ગોધરા નજીક સંતરોડ પાસે ભથવાડા ટોલનાકા આગળથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર બેકાબૂ બની હતી. બેકાબૂ કાર હાઈવેની સાઈડમાં આવેલી રેલિંગ કૂદીને બાજુમાં ફંગોળાઈ હતી.

## ગોધરા સિવિલથી વડોદરા રિફર કરાયા

પાંચેય ઈજાગ્રસ્તને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના ડોક્ટરે તપાસ કરતાં પાંચેય ઈજાગ્રસ્તને શરીરના ભાગે ગંભીર પ્રકારના ફેક્ચર હોવાનું જણાયું હતું.

ઈજાઓ એટલી ગંભીર હતી કે, પીડાને કારણે ઈજાગ્રસ્તો જોર જોરથી બૂમો પાડી રહ્યા હતા અને એમ્બ્યુલન્સમાં બેસી શકે તેવી સ્થિતિમાં પણ નહોતા. આથી, પ્રાથમિક સારવાર બાદ ડોક્ટરે તમામને તાત્કાલિક વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલ ખાતે રિફર કર્યા હતા. ઈજાગ્રસ્તોને વડોદરા લઈ જવા માટે એક પછી એક ત્રણ એમ્બ્યુલન્સ અને એક પ્રાઈવેટ ફોર વ્હીલ વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ તરફ, અકસ્માતની ટક્કર એટલી જોરદાર હતી કે, રેલિંગમાં રહેલો પથ્થર પણ તૂટીને બહાર આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસની ટીમ પણ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને આ ગંભીર અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પાણી, ગટર ની સમસ્યાથી રહીશો ત્રાહિમામ

# સરદારનગરની વિદ્યુત સોસાયટીમાં પ્રાથમિક સુવિધાનો અભાવ



ભાવનગર | ભાવનગરના સરદાસર નગર વિસ્તારમાં આવેલી વિધુત સોસાયટીના રહીશો પ્રાથમિક સુવિધાથી વંચિત છે. સોસાયટીમાં છેલ્લા બે માસથી રોડ રસ્તા ખોદી નાખ્યા છે, પાણી અનિયમિત આવી રહ્યું છે અને ડ્રેનેજની સમસ્યા જેવી અનેક સમસ્યાથી રહીશો ત્રાહિમામ પોકરી ઉઠ્યા છે. જેને લઈ સ્થાનિકો આ તમામ પ્રશ્નનું વહેલીમાં વહેલી તકે નીરાકરણ લાવે તેવી માંગણી કરી રહ્યા છે.

સરદારનગર સોસાયટીમાં આવેલા વિધુત સોસાયટીમાં છેલ્લા 2 માંસથી ડ્રેનેજની કામગીરીને લઈ રોડ રસ્તાઓ ખોદી નાખ્યા છે જેને લઈ સ્થાનિકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. મસમોટા ખાડાઓથી સોસાયટીમાં જવાનો રસ્તો બિસ્માર થયો છે. સાથે સોસાયટીમાં અનિયમિત પાણી આવી રહ્યું છે, સાથે સોસાયટીમાં ડ્રેનેજની સમસ્યા છે જેને લઈ સ્થાનિક રહેવાસીઓ આ તમામ પ્રશ્નોથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આ બાબતે સ્થાનિક કોર્પોરેટરોને પણ રજૂઆત કરવામાં આવી છે. આ સોસાયટીની તમામ સમસ્યાઓ દૂર કરવામાં આવે પણ હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ત્યારે સોસાયટીધારકો માંગણી કરી રહ્યા છે કે, રોડ રસ્તાઓ સરખા કરી આપો, નિયમિત પાણી આપો અને તમામ સમસ્યાઓ દૂર કરો.

# માંગરોળ-ઉનામાં કાશ્મીરથી આવેલા 5 શંકાસ્પદને SOGએ ઝડપ્યા:મદ્રેસામાંથી ફાળો ઉઘરાવતા હોવાનું સામે આવ્યું

(એજન્સી) જૂનાગઢ | તા.13

ગત 10 નવેમ્બર, 2025ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે કારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટને લઈ હાલ ગુજરાત હાઈ એલર્ટ પર છે. સમગ્ર પોલીસ તંત્ર શંકાસ્પદ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ વચ્ચે આજે જૂનાગઢ એસઓજીએ માંગરોળમાંથી બે શંકાસ્પદ કાશ્મીરીઓને ઝડપ્યાં છે. માંગરોળની ખાનગી હોસ્પિટલમાંથી બે શંકાસ્પદ કાશ્મીરીઓને પૂછપરછ માટે જૂનાગઢ SOG ખાતે લાવવામાં આવ્યા છે. આ બંને કાશ્મીરી શખ્સ માંગરોળ શહેર તેમજ આસપાસની મદ્રેસામાંથી ફાળો ઉઘરાવતા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ઉપરાંત ઉના તાલુકાના નવાબંદરમાં પોલીસે કાશ્મીરથી આવેલા ત્રણ શખ્સની પૂછપરછ કરી છે. એસઓજીની પૂછપરછમાં સામે આવ્યું છે કે, બંને શંકાસ્પદ જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લાના રહેવાસી છે. જેમાં એક ઉંમર 27 છે, જ્યારે બીજાની ઉંમર 20 વર્ષ છે. બંને સુરનકોટ તાલુકાના ફાગલા ગામના વતની છે. બંને કાશ્મીરીઓ ટ્રેન મારફત



માંગરોળ પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર મામલે એસઓજીએ વધુ પૂછપરછ તપાસ હાથ ધરી છે. જ્યારે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવાબંદરમાં પોલીસે ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરી હતી. કાશ્મીરથી આવેલા આ શખ્સો એક મસ્જિદમાં રોકાયા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, પૂછપરછમાં તેમની પાસેથી કોઈ શંકાસ્પદ બાબત મળી આવી નથી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ત્રણેય વ્યક્તિઓ ભીખ માંગીને ગુજરાન ચલાવતા હતા. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા તેમની સઘન પૂછપરછ કરવામાં આવી હતી.આ સમગ્ર ઘટના બાબતે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. જેબલિયા નો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે જે 3 કાશ્મીરી શખ્સોની પૂછપરછ કરી છે તેમાંથી કોઈ બાબત હાલ શંકાસ્પદ જણાતી નથી.તેમ છતાં પણ હાલ આ બાબતે પોલીસ દ્વારા ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે દીવ પોલીસે ગીર સોમનાથ પોલીસને આ શંકાસ્પદ વ્યક્તિઓ અંગે જાણકારી આપી હતી, જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં તેમની કોઈ શંકાસ્પદ ગતિવિધિ જણાઈ નથી. ગત 11 નવેમ્બરના રોજ ભુજના જનતા ઘર હોટેલમાંથી એસઓજીની ટીમે કાશ્મીરી પરિવારને પૂછપરછ માટે હસ્તગત કર્યો છે, તો હોટેલ સંચાલક સામે રજીસ્ટર મેન્ટેનમાં બેદરકારી બદલ જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

# માતાની બીમારીને લઈ મહિલાએ રજા લેતાં નોકરી પરથી છૂટી કરાઈ

(એજન્સી) મહેસાણા | તા.13

સ્ત્રી સશક્તિકરણને લઈ મહિલાઓ આત્મનિર્ભર બનવાની સાથે સાથે સુરક્ષિત અને પોતાના હક માટે લડત આપતી બની છે. ત્યારે મહેસાણા પંથકની એક ત્યકતા મહિલાને પિયરમાં રહેતા પોતાનું અને પોતાની માતાનું ગુજરાન ચલાવવા એક દુકાનદારને ત્યાં નોકરી કરવી પડી હતી. જોકે એક સંજોગે મહિલાની લાચારીનો ફાયદો ઉઠાવતા દુકાનદારે તેને પગાર ન આપી નોકરી પર છૂટી કરી દેવામાં આવતા મહિલાએ જાગૃતતા અને હિંમત દાખવી 181 મહિલા હેલ્પલાઈન પર કોલ કરી મદદની ગુંજાઈશ કરી હતી.

મહિલાને દુકાનદાર દ્વારા કરાતા અન્યાય અંગે રજુઆત મળતા મહેસાણા ખાતે કાર્યરત 181 અભિયમની ટીમ તુરંત મદદ માટે મહિલા પાસે પહોંચી હતી. જ્યાં મહિલાની રજુઆત આધારે દુકાનદાર સાથે કાઉન્સેલિંગ કરતા દુકાનદારે તે મહિલાએ તેમના કપડાના વેપારની તહેવારો ટાણેની સારી સીઝનમાં જ લાંબી રજાઓ મૂકી દેતા દુકાનના કામ પર અસર થઈ હોવાને લઇ તેને છૂટી કરવાનું કહ્યું હોવાનું જણાવ્યું હતું.

તો મહિલાએ પોતાની માતાની તબિયત નાજુક થતા રજાઓ લીધી હોવાનો ખુલાસો કર્યો હતો. તો તેનો બાકી નીકળતો પગાર આપતા ન હોવાનું કહેતા કાઉન્સેલર દ્વારા કાઉન્સેલિંગ કરી મહિલાનો પૂરો પગાર દુકાનદાર પાસેથી અપાવ્યો હતો. બીજી તરફ મેડિકલ કારણે લીધેલ રજા વ્યાજબી હોવાને લઈ દુકાનદાર નોકરી પરથી છુટા ન કરી શકે તેમ સમજવતા દુકાનદારે મહિલાને પરત નોકરી પર લેવા તૈયારી બતાવી હતી. જોકે મહિલાએ ફરી ત્યાં નોકરી કરવાનો ઈન્કાર કર્યો હતો.

# Apple ડિજિટલ ID લોન્ચ : ૨૫૦થી વધુ TSA ચેકપોઇન્ટ પર માન્ય

# ડ્રાઈવિંગ લાઈસન્સ અને રાજ્ય ID પછી હવે પાસપોર્ટ આધારિત ઓળખપત્રનો વિકલ્પ ઉમેરાયો




(એજન્સી) નવી દિલ્હી | તા 13

એપલે તેની યુઝર સુરક્ષા અને સુવિધામાં વધુ એક મહત્ત્વનું પગલું ભરતા ડિજિટલ ID (ઓળખપત્ર) નામની નવી સુવિધા રજૂ કરી છે. આ સુવિધા યુએસ પાસપોર્ટની માહિતીનો ઉપયોગ કરીને યુઝર્સને તેમના Apple Wallet માં ઓળખપત્ર બનાવવાની અને રજૂ કરવાની મંજૂરી આપે છે. કંપનીએ જણાવ્યું કે આ સેવા, જે હાલમાં બીટામાં લોન્ચ કરવામાં આવી છે, તે સૌપ્રથમ યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૫૦થી વધુ એરપોર્ટ પર ઘરેલું મુસાફરી માટે TSA (ટ્રાન્સપોર્ટેશન સિક્યોરિટી એડમિનિસ્ટ્રેશન) ચેકપોઈન્ટ પર સ્વીકારવામાં આવશે.

**ઘરેલું મુસાફરી માટે હવે આઈફોન કે એપલ વોચ દ્વારા ઓળખ આપી શકાશે, સુરક્ષા અને ગોપનીયતા પર ભાર**

Apple તરફથી જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, Apple ડિજિટલ ID નો હેતુ એવા યુઝર્સને સરળ અને સુરક્ષિત માર્ગ પ્રદાન કરવાનો છે જેઓ REAL ID-સુસંગત ડ્રાઈવિંગ લાયસન્સ કે રાજ્ય ID ન ધરાવતા હોય. જોકે, એપલે સ્પષ્ટતા કરી છે કે આ નવી સુવિધા ભૌતિક પાસપોર્ટનું સ્થાન લેતી નથી અને તેનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય મુસાફરી કે સરહદ ક્રોસિંગ માટે કરી શકાશે નહીં. Apple Pay અને Apple Wallet ના વાઈસ પ્રેસિડેન્ટ જેનિફર બેઈલીએ જણાવ્યું હતું કે, 'ડિજિટલ ID ના લોન્ચ સાથે, અમે યુઝર્સ તેમની ઓળખ કેવી રીતે સ્ટોર કરી શકે અને રજૂ કરી શકે, તે વિકલ્પોને વિસ્તૃત કરવા માટે ઉત્સાહિત છીએ - આ બધું જ iPhone અને Apple Watch માં નિર્મિત સુરક્ષા અને ગોપનીયતા સાથે થાય છે.' Apple ડિજિટલ ID આઈફોન અને એપલ વોચની બિલ્ટ-ઈન સુરક્ષા સુવિધાઓનો ઉપયોગ ચોરી અને ચેડાં સામે રક્ષણ આપવા માટે કરે છે.

ડેટા એન્ક્રિપ્શન: આ ઓળખપત્રનો ડેટા એન્ક્રિપ્ટેડ છે અને માત્ર યુઝરના ઉપકરણ પર જ સુરક્ષિત રીતે સંગ્રહિત થાય છે.ગોપનીયતા: Apple પોતે આ ID ક્યારે કે ક્યાં વપરાયું, અથવા કયો ડેટા શેર કરવામાં આવ્યો તે જોઈ શકતું નથી.બાયોમેટ્રિક મંજૂરી: યુઝર્સ દરેક માહિતી વિનંતીને બાયોમેટ્રિક પ્રમાણીકરણ (Face ID અથવા Touch ID) દ્વારા મંજૂર કરે છે, ત્યારબાદ જ ડેટા શેર થાય છે. Apple Wallet માં ડિજિટલ ID બનાવવા માટે, યુઝર્સે Wallet એપ ખોલવી પડશે, 'Add' બટન પર ટેપ કરવું પડશે અને 'Driver's License or ID Cards' પસંદ કરવું પડશે. ત્યાંથી, તેઓ 'Digital ID' પસંદ કરીને વેરિફિકેશન પ્રક્રિયાને અનુસરી શકે છે.

આ પ્રક્રિયામાં તેમના પાસપોર્ટના ફોટો પેજને સ્કેન કરવું અને તેની પ્રમાણિકતા માટે તેમાં એમ્બેડેડ ચિપને વાંચવાનો સમાવેશ થાય છે. યુઝર્સને તેમની ઓળખની પુષ્ટિ કરવા માટે એક સેલ્ફી લેવી અને ચોક્કસ ચહેરાની હિલચાલ પૂર્ણ કરવી પણ જરૂરી છે. TSA ચેકપોઈન્ટ પર Apple ડિજિટલ ID રજૂ કરવું પણ સરળ છે: યુઝર્સ સાઈડ અથવા હોમ બટનને બે વાર ક્લિક કરીને, Digital ID પસંદ કરીને, તેમના આઈફોન અથવા એપલ વોચને ઓળખ રીડરની નજીક રાખે છે. તેઓ વિનંતી કરાયેલ માહિતીની સમીક્ષા કરીને Face ID અથવા Touch ID નો ઉપયોગ કરીને પ્રમાણીકરણ કરી શકે છે. કંપનીએ ઉમેર્યું કે ભવિષ્યમાં વધુ ઉપયોગના કેસો રજૂ કરવામાં આવશે, જે લોકોને રૂબરૂ અને ઓનલાઈન બંને રીતે ઓળખ અથવા ઉંમરની ચકાસણી માટે પસંદ

## મહિન્દ્રા-મેન્યુલાઈફ JV: ₹3,900 કરોડના રોકાણ સાથે ભારતીય વીમા ક્ષેત્રમાં પ્રવેશ, ગ્રામીણ બજાર પર વિશેષ લક્ષ્ય

મુંબઈ : મહિન્દ્રા-મેન્યુલાઈફ JV નો લક્ષ્યાંક ગ્રામીણ અને અર્ધ-શહેરી ભારત માટે 'નંબર ૧ લાઈફ ઈન્શ્યોરર' બનવાનો છે, જ્યારે શહેરી બજારોમાં પણ મજબૂત 'પ્રોટેક્શન-લેડ ફ્રેન્ચાઈઝ' બનાવવાનો છે.મહિન્દ્રા ગ્રુપના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર અનીશ શાહે આ કરારની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, 'મહિન્દ્રાની બ્રાન્ડ શક્તિ, ગ્રામીણ અને અર્ધ-શહેરી ભારતમાં ઊંડી વિતરણ ક્ષમતાઓ અને ઉત્કૃષ્ટ અમલને કારણે વ્યાપક નાણાકીય સેવા પોર્ટફોલિયો બનાવવાનું અમારું લક્ષ્ય છે, જેમાં લાઈફ ઈન્શ્યોરન્સ એક તાર્કિક વિસ્તરણ છે.' તેમણે મેન્યુલાઈફને તેમના વૈશ્વિક વીમા ઉત્પાદનો, અન્ડરરાઈટિંગ અને પુનઃવીમાની ક્ષમતાઓને કારણે 'શ્રેષ્ઠ અને કુદરતી ભાગીદાર' ગણાવ્યું. મેન્યુલાઈફના પ્રમુખ અને સીઈઓ ફિલ વિથરિંગટને ભારતને 'વિશ્વના સૌથી ઝડપથી વિકસતા વીમા બજારોમાંનું એક' ગણાવ્યું અને કહ્યું કે આ JV ભવિષ્યની મેગા ઈકોનોમીમાં જબરજસ્ત વૃદ્ધિ માટે તેમને મજબૂત સ્થિતિમાં મૂકે છે.મહિન્દ્રા ફાઈનાન્સમાંથી મળતા ડિવિડન્ડનો લગભગ ત્રીજો ભાગ હશે. સમગ્ર JV માટે ૧૦ વર્ષમાં કુલ મૂડીની જરૂરિયાત ૩,૯૦૦ કરોડ દર્શાવવામાં આવી છે. આ વેન્ચર માટે એક દાયકામાં ૧૮,૦૦૦ થી ૩૦,૦૦૦ કરોડ ના લાંબા ગાળાના મૂલ્યાંકનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.એનાલિસ્ટ પ્રેઝન્ટેશન ભારતમાં વીમાના ઓછા વ્યાપને રેખાંકિત કરે છે.

# News Brief

## નિકાસ પ્રોત્સાહન મિશન: કાપડ અને વસ્ત્ર ઉદ્યોગને મોટું પ્રોત્સાહન, CITI એ કેબિનેટના નિર્ણયને હૃદયપૂર્વક આવકાર્યો

નવી દિલ્હી : કેન્દ્રીય કેબિનેટે નિકાસ પ્રોત્સાહન મિશન (Export Promotion Mission - EPM) ને મંજૂરી આપવાના નિર્ણયને કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI) એ એક ઐતિહાસિક પગલું ગણાવીને આવકાર્યો છે. CITI એ કહ્યું કે આ નિર્ણય ભારતના કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ ને મોટો વેગ આપશે.CITI ના ચેરમેન અશ્વિન ચંદ્રને એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અમે માનનીય પ્રધાનમંત્રી અને કેન્દ્રીય કેબિનેટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ અત્યંત જરૂરી પગલું સુનિશ્ચિત કરશે કે આપણો કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની શકે, મુક્ત વેપાર કરારો (FTAs) દ્વારા ખુલી રહેલી તકોનો વધુ સારી રીતે લાભ લઈ શકે, નવા બજારોમાં વિવિધતા લાવી શકે અને આપણા યુવાનો માટે વધુ અને સારી ગુણવત્તાવાળી નોકરીઓનું સર્જન કરી શકે.' તેમણે યુએસ-ભારત વેપાર સોદો ટૂંક સમયમાં જ હસ્તાક્ષર થવાની આસપાસ સર્જાયેલા આશાવાદનો ઉલ્લેખ કરતા ઉમેર્યું કે, 'આ સોદા અંગેની આશાવાદની પૃષ્ઠભૂમિમાં નિકાસ પ્રોત્સાહન મિશન ની જાહેરાત ભારતના કાપડ અને વસ્ત્ર નિકાસકારો માટે 'ફીલ-ગુડ' પરિબળમાં વધુ વધારો કરશે.'CITI નું કહેવું છે કે નવું મંજૂર કરાયેલું નિકાસ પ્રોત્સાહન મિશન માળખાકીય પડકારોને દૂર કરવામાં મદદ કરશે, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને સસ્તા ફાઈનાન્સની ઍક્સેસ મેળવવામાં મદદ કરશે.



## ઓટો એનબીએફસી ધિરાણ વૃદ્ધિનું ચાલક વૈવિધ્યકરણ વાહન સિવાયનું ધિરાણ

નવી દિલ્હી: સેન્ટ્રમ દ્વારા પ્રકાશિત એક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૬ ના બીજા ક્વાર્ટરમાં ઓટો નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (NBFC)ના વિતરણની ગતિમાં ધીમે ધીમે સુધારો જોવા મળ્યો છે. જોકે, વૃદ્ધિની ગતિમાં વિવિધ ખેલાડીઓમાં મિશ્ર પરિણામો જોવા મળ્યા છે. સ્પષ્ટપણે, વૈવિધ્યસભર પોર્ટફોલિયો ધરાવતા ધિરાણકર્તાઓને શુદ્ધ-પ્લે વાહન ફાઈનાન્સર્સ કરતાં વધુ ફાયદો મળ્યો છે. અહેવાલ સૂચવે છે કે વૈવિધ્યકરણ વાહન સિવાયનું ધિરાણ હવે વૃદ્ધિના કેન્દ્રીય સ્તંભ બની ગયા છે. નજીકના ગાળામાં, કોમર્શિયલ વ્હીકલ (CV) ની માંગમાં પુનરુત્થાન અને ગ્રામીણ વસૂલાત સીવી માંગ નાણાકીય વર્ષ ૨૬ ના બીજા છમાસિક ગાળામાં (૨HFY૨૬) એનબીએફસીના પ્રદર્શનને નિર્ધારિત કરશે.ત્રિમાસિક ગાળા દરમિયાન, ઓટો એનબીએફસી ધિરાણ વૃદ્ધિ ક્ષેત્રમાં CV સેગમેન્ટમાં સામાન્યીકરણ અને પેસેન્જર વાહન (PV) તેમજ પૂર્વ-માલિકીવાળા વાહન સેગમેન્ટમાં સ્થિર ગતિ જોવા મળી હતી. નવી પ્રોડક્ટ શ્રેણીઓ જેવી કે SME લોન, ગ્રાહક ઉપકરણો (CE) અને હોમ લોન (HL)નું યોગદાન નોંધનીય રહ્યું છે. અગ્રણી ખેલાડીઓની વાત કરીએ તો, સુંદરમ ફાઈનાન્સ મજબૂત પ્રદર્શન કરનાર તરીકે ઉભરી આવ્યું છે, જેણે Q૨FY૨૬ માં વાર્ષિક ધોરણે ૧૮.૩ ટકાની શાનદાર વૃદ્ધિ નોંધાવી છે. આ વધારો રિટેલ અને SME સેગમેન્ટમાં સ્વસ્થ ગતિને કારણે થયો હતો. શ્રીરામ ફાઈનાન્સે ૭.૯ ટકા વાર્ષિક વૃદ્ધિ દર્શાવી, જ્યારે ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની (ચોલા) એ ધીમું પ્રદર્શન નોંધાવ્યું, જે નોન-વ્હીકલ સેગમેન્ટમાં પોર્ટફોલિયો રિબેલેન્સિંગને આભારી હતું. જોકે, મંદ વિતરણ છતાં ચોલામંડલમ એયુએમ વૃદ્ધિના સંદર્ભમાં ૨૧ ટકાના સ્તરે મોખરે રહ્યું.

## ઓનલાઇન ગ્રોસરી બજાર ભારત ઝડપથી વધી રહ્યું તાજા શાકભાજી માટે ઓફલાઇન પસંદગી

નવી દિલ્હી: પીડબલ્યુસીના એક અહેવાલ મુજબ, ભારતમાં ઓનલાઈન ગ્રોસરી બજાર નોંધપાત્ર વૃદ્ધિના સાક્ષી બની રહ્યું છે. ઝડપી ડિલિવરી સેવાઓ, વિશાળ ઉત્પાદન વિવિધતા અને સરળ ડિજિટલ અનુભવો આ વૃદ્ધિ પાછળના મુખ્ય પરિબળો છે. જોકે, ગ્રાહકોનો એક મોટો વર્ગ હજુ પણ તાજા શાકભાજી ઓફલાઈન ખરીદી અને માંસાહારી વસ્તુઓ માટે રૂબરૂ ખરીદીને પ્રાથમિકતા આપે છે. અહેવાલમાં જણાવાયું છે કે, અનુકૂળતા, ડિજિટલ ચુકવણીનું સરળ સંકલન અને અસરકારક સોશિયલ મીડિયા માર્કેટિંગને કારણે ઓનલાઈન ગ્રોસરી બજાર ભારતમાં ઝડપથી વિસ્તરી રહ્યું છે. ગ્રાહકો હવે તેમની જરૂરિયાતની તાકીદ, કુલ ખરીદીની રકમ અને રિટર્ન પોલિસીના આધારે ઓનલાઈન કે ઓફલાઈન ખરીદીનો વિકલ્પ પસંદ કરે છે. એક મુખ્ય તારણ મુજબ, ભારતના અન્ય પ્રદેશોના ૬૯ ટકા ખરીદદારોએ સોશિયલ મીડિયા પર જાહેરાત જોયા પછી જ ઓનલાઈન પ્લેટફોર્મ પર ગ્રોસરી ખરીદવાનો પ્રયાસ કર્યો. આનાથી ડિજિટલ માર્કેટિંગ અસર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મની વધતી ભૂમિકા સ્પષ્ટ થાય છે. મુખ્ય ખેલાડીઓમાં, ફ્લિપકાર્ટ ગ્રોસરી પસંદગીમાં સૌથી વધુ પસંદગીનું માર્કેટપ્લેસ બનીને ઉભર્યું છે, જેમાં ૩૨ ટકા ગ્રાહકોએ તેને તેમની ટોચની પસંદગી ગણાવી છે. ગ્રાહકો જથ્થાબંધ ખરીદીના અનુકૂળ વિકલ્પો, સ્પર્ધાત્મક ભાવો, વિવિધ ઉત્પાદન પસંદગી અને ભરોસાપાત્ર ડિલિવરી માટે ફ્લિપકાર્ટને પસંદ કરે છે. એમેઝોન બીજા ક્રમે રહ્યું, જ્યારે બિગબાસ્કેટ, જિઓમાર્ટ અને સ્વિગી ઈન્સ્ટામાર્ટ પણ તેમની ઝડપી ડિલિવરી માટે પ્રશંસા પામ્યા. જોકે, ગુણવત્તા, ફ્રેશનેસ અને રિટર્ન પોલિસીની ચિંતાને કારણે તાજા શાકભાજી ઓફલાઈન ખરીદીને પ્રાધાન્ય મળ્યું છે.



### વિકસિત ભારત વૈશ્વિક વેપારમાં ભારતને મોખરે લાવવા પ્રયાસ

## વૈશ્વિક બજારમાં મેડ ઇન ઇન્ડિયાનો ડંકો વગાડવા નિકાસ પ્રોત્સાહન મિશન મંજૂર

નવી દિલ્હી: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રીય કેબિનેટ દ્વારા નિકાસ પ્રોત્સાહન મિશન મંજૂર (EPM) થવા બદલ ખુશી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે આ મિશન વૈશ્વિક બજારમાં 'મેડ ઈન ઈન્ડિયા'નો અવાજ વધુ બુલંદ બનાવવામાં મદદ કરશે. આ અગ્રણી પહેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં જાહેર કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ MSME નિકાસ સ્પર્ધાત્મકતા, પ્રથમ વખત નિકાસકારો અને શ્રમ આધારિત ક્ષેત્રોને મજબૂત કરવાનો છે.આ મિશન માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૩૦-૩૧ સુધીમાં કુલ ૨૫૦૬૦ કરોડનું મિશન આઉટલે જાહેર કરવામાં આવ્યો છે. આ મિશનમાં બે સંકલિત પેટા-યોજનાઓનો સમાવેશ થાય છે:નિર્ પ્રોત્સાહન (NIRYAT PROTSAHAN): આ યોજના વ્યાજ સબવેન્શન, નિકાસ ફેક્ટરિંગ, કોલેટરલ ગેરંટી અને ક્રેડિટ કાર્ડ જેવી સુવિધાઓ દ્વારા MSME માટે પોષણક્ષમ વેપાર ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.નિર્ દિશા (NIRYAT DISHA): આ યોજના બિન-નાણાકીય સક્ષમતા પર ધ્યાન આપે છે, જેમાં ગુણવત્તા અને પાલન સપોર્ટ, આંતરરાષ્ટ્રીય બ્રાંડિંગ, વેપાર મેળામાં ભાગીદારી, લોજિસ્ટિક્સ અને ટ્રેડ ઈન્ટેલિજન્સનો સમાવેશ થાય છે.નિકાસ પ્રોત્સાહન મિશન મંજૂર થવાથી બહુવિધ યોજનાઓમાંથી એક જ, પરિણામ-આધારિત અને અનુકૂલનશીલ વ્યવસ્થા તરફ વ્યૂહાત્મક પરિવર્તન આવશે. આ પહેલ વિકસિત ભારત વૈશ્વિક વેપારના લાંબા ગાળાના ધ્યેયને અનુરૂપ છે.

### MSME સહિત નિકાસકારો મુશ્કેલ વૈશ્વિક વાતાવરણમાં સંઘર્ષ કરવાનું ચાલુ રાખશે

## GTRI એ ભંડોળની ચિંતા વ્યક્ત કરી, DGFT માટે નવા સંસ્થાકીય પડકારો સામે વિલંબનો ભય

(એજન્સી) નવી દિલ્હી | તા 13

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (GTRI) દ્વારા નિકાસ પ્રોત્સાહન મિશન (EPM) ને આવકાર મળ્યો હોવા છતાં, મિશનના અમલીકરણ અને સફળતા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. GTRI ના તાજેતરના વિશ્લેષણમાં મિશનની મહત્ત્વાકાંક્ષા સામે ભંડોળની ચિંતા અને સંસ્થાકીય પડકારોને મુખ્ય અવરોધો ગણાવવામાં આવ્યા છે.GTRI એ નોંધ્યું છે કે જોકે EPM માટે છ વર્ષમાં કુલ ૨૫,૦૯૦ કરોડ ની ફાળવણી કરવામાં આવી છે, તેમ છતાં 'નાણાકીય સંસાધનો મિશનની મહત્ત્વાકાંક્ષા સાથે મેળ ખાતા નથી.' આનું કારણ સમજાવતા GTRI એ જણાવ્યું કે માત્ર વ્યાજ સમાનતા યોજના (IES) નો ખર્ચ જ ગયા વર્ષે ૪,૨૦૦ કરોડથી વધુ હતો. આટલો મોટો હિસ્સો માત્ર એક યોજનામાં જતાં, નિકાસ પ્રોત્સાહન મિશન હેઠળની અન્ય તમામ પ્રવૃત્તિઓ માટે મર્યાદિત જગ્યા રહે છે. વિશ્લેષણમાં સંસ્થાકીય પડકારો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અગાઉ નાણાકીય યોજનાઓનું સંચાલન RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા)ની દેખરેખ હેઠળ બેંકો દ્વારા કરવામાં આવતું હતું, પરંતુ હવે DGFT (ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ) ને અમલકર્તા એજન્સી બનાવવામાં આવી છે. GTRI એ ચેતવણી આપી છે કે DGFT ને 'આ કાર્ય નિભાવવા માટે નવું જ્ઞાન મેળવવું પડશે,' જેના કારણે 'મંજૂરીઓ ધીમી પડી શકે છે અને કાર્યકારી વિલંબ' થઈ શકે છે. બેંકો દ્વારા સંચાલિત કાર્યપદ્ધતિમાંથી સરકારી એજન્સીમાં પરિવર્તન, ખાસ કરીને નાણાકીય યોજનાઓના વિતરણમાં, પ્રારંભિક મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. GTRI એ મિશનના અમલની ધીમી ગતિ વિશે પણ ચેતવણી આપી હતી. થિંક ટેન્કે નોંધ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના આઠ મહિના વીતી ગયા હોવા છતાં, IES અને માર્કેટ એક્સેસ ઈનિશિયેટિવ (MAI) જેવી જૂની યોજનાઓ હેઠળ 'આ વર્ષે એક પણ પૈસાની ચૂકવણી થઈ નથી,' જે મુશ્કેલ વૈશ્વિક વાતાવરણમાં નિકાસકારોને સમર્થન વિના છોડી દે છે.

## સતત ત્રીજા દિવસે શેરબજાર લીલા નિશાનમાં બંધ, સેન્સેક્સ 84,478 અંકે બંધ

મુંબઈ | મેટલ અને રિયલ્ટી સેક્ટરની કંપનીઓના શેરમાં તેજીથી બજારને સપોર્ટ મળ્યો છે. ભારતીય શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા છે.સેન્સેક્સ 12.16 પોઈન્ટના નજીવા વધારા સાથે 84,478 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 9.10 પોઈન્ટના વધારા સાથે 25,884 અંકે બંધ થયો. બુધવારે શરૂઆતમાં, બેન્ચમાર્ક સૂચકાંકો નિફ્ટી-50 અને સેન્સેક્સ મજબૂત વધારા સાથે બંધ થયા. H1 વિઝા પર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નરમ વલણથી IT શેરોમાં વધારો થયો, જેનાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર સકારાત્મક અસર પડી. ગુરુવારે એશિયન બજારોમાં વધારો થયો, જ્યારે વોલ સ્ટ્રીટમાં મિશ્ર વલણ જોવા મળ્યું. રોકાણકારો વોશિંગ્ટનમાં વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યા છે, જ્યાં એવા સંકેતો છે કે યુએસ સરકાર આ અઠવાડિયાના અંત સુધીમાં ફરી ખુલી શકે છે.

### આશાવાદ પર બજારનો મદાર, સોનાના ભાવ પણ તેજીમાં

## યુએસ-ભારત વેપાર સોદા અને બિહાર ચૂંટણીના પરિણામોની રાહમાં ભારતીય શેરબજાર સપાટ ખુલ્યું

(એજન્સી) મુંબઈ | તા 13

ભારતીય શેરબજાર માં ફરી એકવાર સપાટ હલચલ જોવા મળી હતી. રોકાણકારો યુએસ-ભારત વેપાર સોદો અંગેના સંભવિત અપડેટ્સ અને આવતીકાલે શુક્રવારે કાઉન્ટિંગ થવા જઈ રહેલા બિહાર ચૂંટણી પરિણામ ની રાહ જોઈ રહ્યા હોવાથી બજારનું સેન્ટિમેન્ટ સાવચેતીભર્યું રહ્યું હતું.આજે સવારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૪.૫૦ પોઈન્ટના નજીવા વધારા સાથે ૨૫,૮૮૦.૩૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે ૦.૦૨ ટકાનો વધારો દર્શાવે છે. જ્યારે BSE સેન્સેક્સ પણ માત્ર ૨.૦૮ પોઈન્ટના સપાટ વધારા સાથે ૮૪,૪૬૮.૫૯ પર ખુલ્યો હતો. બજાર નિષ્ણાતોનું માનવું છે કે બજારનું સેન્ટિમેન્ટ હાલમાં કોઈપણ સકારાત્મક વિકાસની અપેક્ષાઓ પર આધારિત છે. જીઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ આનંદ જેમ્સના મતે, 'ગઈકાલે અમારા લક્ષ્યાંક વિસ્તાર ૨૫૮૫૦-૯૮૦ માં પ્રવેશ્યા પછી રચાયેલ 'ડોજી' અસ્થિરતાનો સંકેત આપે છે, જેના કારણે સાવચેતી રાખવી જરૂરી છે. જોકે, ઓસિલેટર્સ ૨૬૧૩૦-૨૬૫૫૦ લક્ષ્ય તરફ મોટા વધારા માટે અનુકૂળ રહે છે.'તેમણે ઉમેર્યું કે જો પ્રારંભિક ઘટાડો ૨૫૮૪૦ થી નીચે ન જાય તો દિવસનો તેજીનો વેગ જળવાઈ શકે છે, પરંતુ જો ૨૫૬૩૦ થી નીચે લપસી જાય તો ટ્રેન્ડ બદલાઈ શકે છે. વ્યાપક બજાર સૂચકાંકોમાં, તમામ સેગમેન્ટ્સ લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. નિફ્ટી ૧૦૦ માં ૦.૦૩ ટકા, નિફ્ટી મિડકેપ ૧૦૦ માં ૦.૧૯ ટકા અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ માં ૦.૧૮ ટકાનો વધારો નોંધાયો હતો, જે વ્યાપક બજારમાં ખરીદીનું વલણ દર્શાવે છે.NSE પર સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, નિફ્ટી ઓટો, નિફ્ટી એફએમસીજી, અને નિફ્ટી આઈટી સિવાયના મોટાભાગના સેક્ટર તેજીમાં હતા.

## સેલ્સફોર્સ YuvaAI ભારત: GenAI કેટાલિસ્ટ કાર્યક્રમ હેઠળ 2026 માં 100,000 શીખનારાઓને તાલીમ આપવા માટે પ્રતિબદ્ધ છે

દિલ્હી | વિશ્વની નંબર-1 AI CRM* સેલ્સફોર્સે આજે YuvaAI ભારત: GenAI સ્કિલ કેટાલિસ્ટ કાર્યક્રમને સમર્થન આપવા માટે ટેલેન્ટ એક્સિલરેટર અને એડટેક સંસ્થા સ્માર્ટબ્રિજ સાથેના તેના સહયોગની જાહેરાત કરી છે, જે એક રાષ્ટ્રવ્યાપી AI કૌશલ્ય પહેલ છે જે સમગ્ર ભારતમાં શીખનારાઓને ભવિષ્ય માટે તૈયાર AI કૌશલ્યોથી સજ્જ કરશે. આ કાર્યક્રમ શૈક્ષણિક અને ઉદ્યોગના શીખનારાઓને લક્ષ્ય બનાવશે, અને 2026 ના અંત સુધીમાં 100,000 શીખનારાઓને ઉચ્ચ-ગુણવત્તાવાળી AI તાલીમ આપવા માટે સેલ્સફોર્સના નિઃશુલ્ક ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ, ટ્રેઈલહેડ નો ઉપયોગ કરશે. સ્માર્ટબ્રિજના નેતૃત્વમાં, સેલ્સફોર્સ YuvaAI ભારત: GenAI સ્કિલ કેટાલિસ્ટના સહિયારા વિઝનમાં યોગદાન આપશે, જે ભવિષ્ય માટે તૈયાર ડિજિટલ શિક્ષણ પ્રદાન કરશે, શિક્ષણ અને વર્કફોર્સ વચ્ચેના મહત્વપૂર્ણ અંતરને દૂર કરશે. સેલ્સફોર્સના નિઃશુલ્ક ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ, ટ્રેઈલહેડ દ્વારા, આ કાર્યક્રમ શીખનારાઓને લાઈવ એક્સપર્ટ સત્રો અને સ્વ-ગતિશીલ શિક્ષણના મિશ્ર કાર્યક્રમ સાથે વ્યવહારુ અનુભવ પ્રદાન કરશે, જે સ્કેલેબલ AI તાલીમ પ્રદાન કરશે.

### ચેટજીપીટી હરીફ : ચોકસાઈ, સંદર્ભ જાગૃતિ અને ગહન આંતરદૃષ્ટિનું સંયોજન કરતું અદ્યતન એઆઈ પ્લેટફોર્મ

## કાઈવેક્સ એઆઈ લોન્ચ: ભારતીય અબજોપતિ પર્લ કપૂરે ચેટજીપીટી અને પર્પ્લેક્સિટીને ટક્કર આપવા માટે મફત AI પ્લેટફોર્મ તૈયાર કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 13

ભારતીય AI અને સ્ટાર્ટઅપ લેન્ડસ્કેપમાં એક નવા યુગની શરૂઆત કરતા, ભારતીય અબજોપતિ પર્લ કપૂરે 'Kyvex' (કાઈવેક્સ) નામના એક અદ્યતન AI-સંચાલિત આન્સર એન્જિનની શરૂઆતની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ ચેટજીપીટી અને પર્પ્લેક્સિટી (Perplexity) જેવા વૈશ્વિક પ્લેટફોર્મને સીધી ટક્કર આપવા માટે તૈયાર છે, અને સૌથી મહત્ત્વની વાત એ છે કે તે ઉપયોગ માટે સંપૂર્ણપણે મફત રહેશે.

કંપનીના એક નિવેદન અનુસાર, Kyvex એઆઈ લોન્ચ એક 'ડીપ રિસર્ચ' કેન્દ્રિત AI સહાયક તરીકે કરવામાં આવ્યું છે, જે તેના પોતાના ઈન-હાઉસ વિકસિત લાર્જ લેંગ્વેજ મોડેલ (LLM) દ્વારા સંચાલિત છે. આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય વપરાશકર્તાઓ માહિતીને ઍક્સેસ કરવાની અને સંશોધન કરવાની રીતને બદલવાનો છે, જેમાં ચોકસાઈ, સંદર્ભ જાગૃતિ અને આંતરદૃષ્ટિની ઊંડાઈનું સંયોજન કરવામાં આવ્યું છે.

આ મહત્ત્વાકાંક્ષી પહેલને પ્રતિષ્ઠિત ભારતીય શિક્ષણવિદોનું સમર્થન મળેલું છે, જેમાં આઈઆઈટી દિલ્હીના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રો. રામગોપાલ રાવ અને આઈઆઈટી ખડગપુરના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રો. પી.પી. ચક્રવર્તી નો સમાવેશ થાય છે. તેમનો ટેકો Kyvex ના પાયાને અદ્યતન સંશોધન અને ભારતીય તકનીકી નવીનતામાં મજબૂત બનાવે છે.

પર્લ કપૂર, જેઓ Kyvex ના ફાઉન્ડર અને સીઈઓ છે, તેમણે જણાવ્યું હતું કે, 'Kyvex એ બુદ્ધિશાળી સંશોધન અને માહિતીની શોધના ભવિષ્યમાં ભારતનો કૂદકો છે. અમે એક એવું ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ જે ભારતને AI નવીનતામાં મોખરે રાખે અને તે જ સમયે દરેક માટે મફત અને ખુલ્લી પહોંચ જાળવી રાખે.'વર્તમાન સમયમાં Kyvex એક વેબ-આધારિત પ્લેટફોર્મ તરીકે ઉપલબ્ધ છે, પરંતુ કંપની ટૂંક સમયમાં જ એન્ડ્રોઈડ, iOS અને સંકલિત બ્રાઉઝર એપ્લિકેશન્સ સુધી વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. આ પગલું શક્તિશાળી AI સાધનોને વ્યાપક વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચાડશે.

Kyvex એઆઈ લોન્ચ ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં એક મોટો પરિવર્તન રજૂ કરે છે, જે AI અને ડીપ ટેક ક્ષેત્રે દેશના વધતા નેતૃત્વને પ્રકાશિત કરે છે. કંપનીની માહિતી સ્પષ્ટપણે જણાવે છે કે આ પ્લેટફોર્મ 'મેડ ઈન ઈન્ડિયા, ફોર ધ વર્લ્ડ' છે જે ભારતીય AI એન્જિનિયરો અને સંશોધકો દ્વારા ૧૦૦% વિકસાવવામાં આવ્યું છે.

### MSME નું વર્ચસ્વ | નાના અને મધ્યમ ઉદ્યોગો હવે AC અને LED સપ્લાય ચેઇનમાં જોડાવા માટે સક્રિય

## PLI યોજના (સફેદમાલ): એસી-એલઇડી મેન્યુફેક્ચરિંગમાં ₹ ૧,૯૧૪ કરોડના રોકાણ માટે ૧૩ કંપનીઓની અરજી

(એજન્સી) નવી દિલ્હી | તા 13

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક અખબારી નિવેદન મુજબ, એર કંડિશનર્સ અને એલઈડી લાઈટ્સ જેવા સફેદ માલ (White Goods) માટેની ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન (PLI) યોજના ના ચોથા રાઉન્ડમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે. આ રાઉન્ડમાં કુલ ૧૩ દરખાસ્તો મળી છે, જેમાં ૧,૯૧૪ કરોડના સંયુક્ત પ્રતિબદ્ધ રોકાણ નો સમાવેશ થાય છે.ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા સંચાલિત આ અરજી વિન્ડો ૧૫ સપ્ટેમ્બરથી ૧૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી ખુલ્લી હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવા અરજદારોમાંથી અડધાથી વધુ (૭ જેટલા) MSME (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) છે. આ બાબત એસી અને એલઈડી કમ્પોનન્ટ સપ્લાય ચેઈનમાં જોડાવા માટે નાના ઉત્પાદકોમાં વધતા રસનો સંકેત આપે છે. PLI યોજના દ્વારા સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના સરકારના લક્ષ્યની આ એક સકારાત્મક નિશાની છે, જ્યાં MSME નું વર્ચસ્વ સ્પષ્ટપણે જોવા મળે છે.

૧૩ અરજદારોમાંથી એક કંપની એવી છે જે PLI યોજના ની હાલની લાભાર્થી છે અને તેણે ૧૫ કરોડનું વધારાનું રોકાણ પ્રસ્તાવિત કર્યું છે.

AC કમ્પોનન્ટ્સ: કુલ અરજદારોમાંથી ૭૫% (૯ અરજદારો) એ એર કંડિશનર કમ્પોનન્ટ્સના ઉત્પાદન માટે અરજી કરી છે, જેમાં ૧,૮૧૬ કરોડનું સંચિત રોકાણ સામેલ છે. તેમની દરખાસ્તોમાં કોપર ટ્યુબ, એલ્યુમિનિયમ સ્ટોક, કોમ્પ્રેસર, મોટર, હીટ એક્સ્ચેન્જર્સ અને કંટ્રોલ એસેમ્બલીઝ જેવા ઉચ્ચ-મૂલ્યના AC કમ્પોનન્ટ્સના ઉત્પાદનનો સમાવેશ થાય છે.

LED કમ્પોનન્ટ્સ: બાકીના ચાર અરજદારોએ એલઈડી ચિપ્સ, ડ્રાઈવર્સ અને હીટ સિંક જેવા એલઈડી કમ્પોનન્ટ્સના ઉત્પાદન માટે ૯૮ કરોડનું રોકાણ મંજૂર કરવા માંગ કરી છે.

સામૂહિક રીતે, પ્રસ્તાવિત રોકાણો છ રાજ્યોમાં ફેલાયેલા છે, જે ૧૩ જિલ્લાઓમાં ૨૩ સ્થળોને આવરી લે છે.મંત્રાલયે માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં, PLI યોજના (સફેદ માલ) હેઠળ ૮૦ મંજૂર લાભાર્થીઓ તરફથી ૧૦,૩૩૫ કરોડનું પ્રતિબદ્ધ રોકાણ આકર્ષવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા ૧.૭૨ લાખ કરોડનું ઉત્પાદન થવાની અને લગભગ ૬૦,૦૦૦ પ્રત્યક્ષ રોજગારનું સર્જન થવાની અપેક્ષા છે.

કેન્દ્રીય કેબિનેટે ૭ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ૬,૨૩૮ કરોડના કુલ ખર્ચ સાથે આ યોજનાને મંજૂરી આપી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં એસી અને એલઈડી કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ માટે એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ બનાવવાનો છે. તેનાથી સ્થાનિક મૂલ્ય વૃદ્ધિ વર્તમાન ૧૫-૨૦% થી વધારીને ૭૫-૮૦% સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે, જેનાથી ભારત એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાપિત થઈ શકશે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, કારતક વદ-10**

# સળગતા પ્રશ્નો

દેશની રાજધાનીમાં લાલ કિલ્લા પાસે થયેલા પ્રચંડ વિસ્ફોટે, જેને ખૂબ જ સુરક્ષિત રાજધાની માનવામાં આવે છે, અનેક સળગતા પ્રશ્નો ઉભા કર્યા છે. તેણે સુરક્ષા ખામીઓને દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે અને ચેતવણી આપી છે કે સહેજ પણ ભૂલ આતંકવાદીઓને નવેસરથી પગપેસારો કરી શકે છે. હવે જ્યારે દેશની ટોચની ગુપ્તચર એજન્સીઓ દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે, ત્યારે તારણો સત્ય જાહેર કરશે. જોકે, વિસ્ફોટનું પ્રમાણ અને પરિણામે જાનમાલનું નુકસાન ચિંતાજનક છે. આ ઘટના ચોક્કસપણે એક મોટા કાવતરા તરફ ઈશારો કરે છે. પ્રશ્ન એ પણ ઉભો થાય છે કે કડક સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં ગુનેગારો આટલી મોટી માત્રામાં જ્વલનશીલ સામગ્રી સંવેદનશીલ વિસ્તારમાં કેવી રીતે પહોંચાડવામાં સફળ રહ્યા. પ્રાથમિક માહિતી અનુસાર, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ફેલાયેલા કાશ્મીરી ડોકટરોના એક જૂથે આ હુમલો કર્યો. આ ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને આઘાત આપ્યો: સમાજમાં બીજા દેવતા ગણાતા ડોકટરો, આટલું ખૂની કૃત્ય કેવી રીતે કરી શકે? જીવન બચાવવા માટે અભ્યાસ પૂર્ણ કર્યા પછી ડોકટરોએ જે શપથ લીધા હતા તેનું શું થયું? અત્યાર સુધી, એવું માનવામાં આવતું હતું કે ફક્ત ઓછું શિક્ષણ ધરાવતા લોકો જ આતંકવાદી સંગઠનોમાં જોડાય છે, વિનાશક શક્તિઓ દ્વારા લલચાઈને આતંકવાદમાં ખેંચાય છે. કમનસીબે, આ આતંકવાદી સ્લીપર સેલમાં ડોકટરોના એક જૂથની સંડોવણી ગંભીર ચિંતાનો વિષય છે. તે સમાજના એ વિશ્વાસને તોડી નાખે છે કે ડોકટરો હંમેશા જીવન આપનારા હોય છે. ભવિષ્યમાં, આ ખતરનાક વલણ સફેદ કોલર કામદારોના અન્ય જૂથોને ઘાતક માર્ગે દોરી શકે છે. તેથી, આપણે લાલ કિલ્લા પાસેની ઘટનાને ગંભીરતાથી લેવી જોઈએ અને નિકટવર્તી ભયને ઓળખવો જોઈએ. જોકે, NIA તપાસ જ જાહેર કરશે કે લાલ કિલ્લા પાસેની ઘટના આતંકવાદી કાવતરું હતું કે મોટા કાવતરાને અંજામ આપવા માટે ગુનેગારો દ્વારા કરવામાં આવેલી ખોટી ગણતરી હતી. જો કે, ઘટનાસ્થળે થયેલ નુકસાન આતંકવાદી ઘટનાથી ઓછું નથી. જો કે, ભવિષ્યના જોખમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય રાજધાનીમાં બનેલી ઘટનાની તમામ ખૂણાઓથી તપાસ થવી જોઈએ. કદાચ આ કારણોસર, દિલ્હી પોલીસે UAPA, વિસ્ફોટકો અધિનિયમ અને અન્ય કડક કલમો હેઠળ કેસ નોંધ્યો છે, જે તપાસનો વ્યાપ વધારશે. જો કે, આ ઘટના સુરક્ષા એજન્સીઓની સતર્કતા પર પણ પ્રશ્નો ઉભા કરે છે, જેમાં ગુનેગારો આટલા મોટા જથ્થામાં વિસ્ફોટકો રાજધાનીમાં કેવી રીતે પહોંચાડવામાં સફળ રહ્યા તે સહિત. તેથી, ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ જરૂરી પગલાં લેવા જોઈએ. એ યાદ રાખવું જોઈએ કે ભૂતકાળમાં દિલ્હીમાં આતંક મચાવવાના અનેક પ્રયાસો થયા છે. આપણે તે ઘટનાઓમાંથી બોધપાઠ લેવાની જરૂર છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે આતંકવાદમાં નાની ભૂલ પણ વ્યાપક નુકસાન પહોંચાડી શકે છે. દેશને અસ્થિર કરવાના કોઈપણ કાવતરાને નિષ્ફળ બનાવવા અને સામાન્ય લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લેવાની જરૂર છે. આ નવા આતંકવાદી મોડ્યુલને ધ્યાનમાં રાખીને, દેખરેખ વધારવાની જરૂર છે. આપણે તપાસ કરવાની જરૂર છે કે ગુનેગારો આટલા મોટા જથ્થામાં વિસ્ફોટકો ફરીદાબાદ થઈને દિલ્હી કેવી રીતે પહોંચાડવામાં સફળ રહ્યા. તાજેતરના વર્ષોમાં દેશમાં આતંકવાદી ઘટનાઓ લગભગ બંધ થઈ ગઈ છે, પરંતુ આ તાજેતરની ઘટનાએ આપણી ચિંતાઓમાં વધારો કર્યો છે. આપણે આતંકવાદને પ્રોત્સાહન આપવાના કોઈપણ પ્રયાસને મજબૂતીથી દબાવવાની જરૂર છે. એક સતર્ક અને સતર્ક ગુપ્તચર તંત્ર આમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. સરકારે ખાતરી કરવી જોઈએ કે તપાસ પછી, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

---

### માર્બલને મળ્યું ભૌગોલિક સંકેત સુરક્ષા છત્ર

# અંબાજી માર્બલને ગ્લોબલ ઓળખ ગૌરવશાળી વારસો

મહેશ સોલંકી | પાલનપુર તા.13



બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજીના આરસપહાણને ભારત સરકાર દ્વારા ભૌગોલિક સંકેત તરીકે માન્યતા મળતાં ગુજરાતના ઔદ્યોગિક જગતમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. શક્તિપીઠની ધરતીમાંથી નીકળતો આ દૂધિયો સફેદ અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઉત્પાદન બની ગયો છે. આ સિદ્ધિથી અંબાજીનું નામ ધાર્મિક આસ્થાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવના પ્રતીક તરીકે વિશ્વના નકશા પર તેજસ્વી રીતે અંકિત થયું છે. અંબાજી માર્બલને મળેલી આ વૈશ્વિક ઓળખ રાજ્યના અન્ય સ્થાનિક ઉદ્યોગો માટે પણ પ્રેરણાદાયી બની રહેશે.

અંબાજી માર્બલ માટેની આ ઐતિહાસિક નોંધણી અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિએશનના નામે કરવામાં આવી છે. આ ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરવા પાછળ સ્ટોન આર્ટિઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, કમિશનર ઓફ જીઓલોજી એન્ડ માઈનિંગ, અને બનાસકાંઠાના કલેક્ટરશ્રીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. આ તમામ સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી જ ગુજરાતના આ શ્વેત રત્નને જીઆઈ ટેગનું સુરક્ષા કવચ પ્રાપ્ત થયું છે. જિલ્લાના વહીવટી વડા, કલેક્ટરશ્રી મિહિર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "પવિત્ર યાત્રાધામ તરીકે શક્તિપીઠ અંબાજીને વૈશ્વિક ઓળખ મળી છે, તેવી જ રીતે અંબાજી માર્બલનું નામ પણ વિશ્વમાં તેજસ્વી રીતે લખાયું છે. હવે અંબાજી શ્રદ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક પણ બન્યું છે." તેમણે આ સિદ્ધિ બદલ બનાસકાંઠાવાસીઓ અને એસોસિએશનને અભિનંદન પાઠવ્યા હતા. અંબાજી માર્બલ તેની અજોડ દૂધિયા સફેદ ચમક, ઉત્તમ ટકાઉપણું અને કુદરતી સૌંદર્ય માટે દેશ-વિદેશમાં જાણીતો છે.

---

## રવાપરના અગ્રણી અશ્વિનભાઈ રૂપારેલને કચ્છ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ

મહેશ એલ. સોની | નખત્રાણા તા.13

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાની અનુમતિ થી કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી વિ. કે. હુંબલે રવાપરના અગ્રણી અશ્વિનભાઈ રૂપારેલની કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકેની નિમણૂક કરતાં તેમને ઠેર ઠેરથી અભિનંદન સાંપડી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે શ્રી રૂપારેલ અગાઉ નખત્રાણા તાલુકા પંચાયતના વિપક્ષી નેતા તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે તેમજ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી રૂપારેલ હાલ શ્રી અખિલ કચ્છ લોહાણા મહાજનના ટ્રસ્ટી તેમજ રવાપર લોહાણા મહાજનના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે.



---

### માનદ સેવકોને વાર્ષિક રોકડ પુરસ્કાર તાત્કાલિક આપો

# ચાણસ્મામાં વીસીઓના પૈસા માટે ધરણાનો માહોલ

નીતિન ઠાકર | ચાણસ્મા તા.13



રાજ્ય સરકારના નિયમ મુજબ ગ્રામ પંચાયતોમાં સેવા આપતા વીસીઓને મળવાપાત્ર વાર્ષિક માનદ પુરસ્કારની રકમ આ વર્ષે ન ચુકવાતા ચાણસ્મા તાલુકાના વીસીઓ રોષે ભરાયા છે. પોતાનું બાકી માનદ વેતન તાત્કાલિક ચૂકવવાની માગણી સાથે મોટી સંખ્યામાં વીસીઓએ ચાણસ્મા તાલુકા પંચાયત કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી. વર્ષભર ગામના લોકોને સરકારી યોજનાઓના ફોર્મ ભરવામાં, જમીનના ઉતારા કાઢી આપવામાં અને અન્ય મહત્ત્વના સેવાકીય કાર્યોમાં મદદરૂપ થતા આ ગ્રામ પંચાયતના માનદ સેવકો ને પ્રોત્સાહન રૂપે રાજ્ય સરકાર દ્વારા તાલુકા પંચાયત મારફતે વાર્ષિક ૨૨,૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર ચૂકવવામાં આવે છે. પરંતુ, આ વર્ષે આ નિયત રકમની ચુકવણી અટકી જતાં વીસીઓ માટે આર્થિક મુશ્કેલી ઊભી થઈ છે, જેના કારણે તેમને તાલુકા પંચાયત કચેરી સુધી ધસી આવવું પડ્યું હતું. ગ્રામ પંચાયતોના વીસીઓ દ્વારા તાલુકા પંચાયત કચેરીના બાંધકામ શાખાના અધિકારીને આ અંગેની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉગ્ર રજૂઆતમાં વીસીઓએ પોતાનો રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેઓ ગામડાંના લોકોને સરકારી અને સેવાકીય કામોમાં નિષ્ઠાપૂર્વક મદદ કરે છે. આ સેવા બદલ મળતો પ્રોત્સાહન પુરસ્કાર પણ જો સમયસર ન મળે તો તેમની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પડે છે.

---

### દરેક ભારતીય આ પવિત્ર ભૂમિને સલામ કરે છે

## હંમેશાથી દેશોને માર્ગ દર્શાવનાર રાજ્ય રહ્યું છે ગુજરાત : યોગી આદિત્યનાથ

(એજન્સી) એકતાનગર તા.13



મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે ગુજરાત હંમેશા દેશને માર્ગ પ્રશસ્ત કરનાર રાજ્ય રહ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તરપ્રદેશથી આ ભૂમિ પર આવ્યા અને દ્વારકાધીશ બનીને ધર્મની સ્થાપનાના કાર્યોને આગળ ધપાવ્યા. સ્વામી દયાનંદ સરસ્વતીએ આ ભૂમિથી આર્યસમાજના વિશાળ આંદોલનને વધારવાના કાર્યનો પ્રારંભ કર્યો હતો. આ ભૂમિએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને સ્વતંત્રતાના નેતા તરીકે આપીને સ્વતંત્રતાનો માર્ગ મોકળો કર્યો. આ ભારતની અખંડિતતાના શિલ્પી લોખંડી પુરુષ સરદાર પટેલની પણ પવિત્ર ભૂમિ છે. ગુજરાત ભગવાન સોમનાથ અને નાગેશ્વર નાથની પવિત્ર ભૂમિ છે. આ ભારતની આધ્યાત્મિકતા અને વારસાની ભૂમિ છે. આ એ ભૂમિ છે જેણે સ્વદેશીથી આત્મનિર્ભરતા સુધી સ્વતંત્રતા ચળવળનું નેતૃત્વ કર્યું. દરેક ભારતીય આ પવિત્ર ભૂમિને સલામ કરે છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે એક પ્રતિનિધિમંડળ સાથે ગુજરાતના એકતા નગરની મુલાકાત લીધી. તેમણે ભારત રત્ન લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી માટે અહીં આયોજિત ભારત પર્વ-2025માં પણ ભાગ લીધો હતો. તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમોને પણ નીહાળ્યા.

---

### ભગત મંડળીઓને અવગણીને બહારથી દવા કેમ મંગાવાઈ

# ડાંગ ફાર્મસી કૌભાંડનો દોર હવે કેરળ સુધી પહોંચતાં ચકચાર મચી

સુશિલ પવાર | ડાંગ તા.13

ગુજરાત રાજ્યનાં ગાઢ જંગલો અને આયુર્વેદિક જડીબુટ્ટીઓના ખજાના તરીકે જાણીતા ડાંગ જિલ્લામાં સ્થિત ડાંગ આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી લિમિટેડ, આહવામાં ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓના વિવાદે હવે વધુ એક ગંભીર વળાંક લીધો છે. બનાસકાંઠા જિલ્લાના કનેક્શન બાદ હવે આ કૌભાંડનો દોર છેક કેરળ રાજ્ય સુધી પહોંચતા ચકચાર મચી જવા પામી છે. મંડળીના પ્રમુખ, મંત્રી અને હિસાબનીશ દ્વારા કરાયેલા ગેરવહીવટની તટસ્થ તપાસ થાય તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરની કચેરી દ્વારા ગાંધીનગર સ્થિત કૃષિ અને સહકાર વિભાગના નાયબ સચિવને જાણ કરવામાં આવી છે અને ઉચ્ચસ્તરીય તપાસના આદેશો આપવામાં આવ્યા છે. જોકે, આદેશો થયા પછી ખરેખર કેટલી નિષ્પક્ષ તપાસ થશે અને દોષિતો સામે પગલાં લેવાશે કે કેમ, તેવા સવાલો સાથે અનેક તર્ક-વિતર્ક સ્થાનિક લોકોમાં જોવા મળી રહ્યા છે. ડાંગ આયુર્વેદિક ફાર્મસી મંડળી વિવાદમાં અગાઉ એક સનસનીખેજ ખુલાસો થયો હતો, જેમાં મંડળીના માજી પ્રમુખ બનસભાઈ ચૌર્યાએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમના આવેદનપત્રમાં તેમણે જણાવ્યું હતું કે મંડળી સ્થાનિક સ્તરે ઉપલબ્ધ જડીબુટ્ટીઓ અને આદિવાસી ભગતોની પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરવાને બદલે, બનાસકાંઠાનાં ચંડીસર ખાતે આવેલી ઓરિએન્ટ ફાર્મસીમાંથી તૈયાર દવાઓ મંગાવે છે અને તેના પર ડાંગ આયુર્વેદિક ફાર્મસીનું લેબલ લગાવીને તેનું વેચાણ કરવામાં આવે છે. આ આક્ષેપથી સ્પષ્ટ થયું હતું કે કૌભાંડ માત્ર આર્થિક ગેરરીતિ પૂરતું સીમિત નથી, પરંતુ તે ડાંગના આયુર્વેદિક વારસા અને સ્થાનિક સંસ્કૃતિ સાથેના ચેડાં સમાન છે. હવે આ વિવાદમાં વધુ એક ગંભીર મુદ્દો સામે આવ્યો છે, જે સ્થાનિક આયુર્વેદિક વારસાની ઘોર અવગણના સૂચવે છે. કથિત માહિતી મુજબ, મંડળીના હોદ્દેદારો દ્વારા ગિરિમથક સાપુતારા ખાતે આવેલા અમૃત આયુર્વેદ સેન્ટરમાં મોટો હેતુફેર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી મંડળી દ્વારા સ્થાનિક આદિવાસી ભગતોને, જેઓ પેઢીઓથી પરંપરાગત આયુર્વેદિક દવાઓ વડે ગંભીર બીમારીઓનું નિદાન કરે છે.

---

## શ્રી સોમનાથ મંદિરના 79મા સંકલ્પ દિનની ઉજવણી ભક્તિમય

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.13

જૂનાગઢને સ્વતંત્ર કરાવીને રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ ૧૩ નવેમ્બર, ૧૯૪૭ ના રોજ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના પવિત્ર સ્થળે પહોંચ્યા હતા. તે સમયે મંદિરના માત્ર જીર્ણ થયેલા અવશેષો જોઈને સરદારશ્રીનું હૃદય દ્રવી ઊઠ્યું હતું. આ ક્ષણે જ તેમણે સમુદ્ર જળ હાથમાં લઈને સોમનાથ મહાદેવના ભવ્ય મંદિરના પુનઃનિર્માણ માટે દ્રઢ સંકલ્પ લીધો હતો. આજરોજ, ૧૩ નવેમ્બર, ૨૦૨૫ ના દિવસે, સરદારના આ દિવ્ય સંકલ્પને ૭૮ વર્ષ પૂર્ણ થયા છે. આ ૭૯મા સંકલ્પ દિન નિમિત્તે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં સોમનાથ ટ્રસ્ટના ઈન. જનરલ મેનેજર સહિત સમગ્ર ટ્રસ્ટ પરિવાર અને પુરોહિતશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### પીપાવાવ થઈને 15 કિમી ફરજિયાત મુસાફરી કરવા મજબૂર

# રાજુલાના લોઠપુર-કોવાયા રોડ પર 8 કિમીમાં ૨૦૦થી વધુ ખાડા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.13



રાજુલા તાલુકાના ઉદ્યોગિક ગામ એવા કોવાયા તરફ જતો લોઠપુરથી કોવાયા સુધીનો આઠ કિલોમીટરનો ડામર રોડ સંપૂર્ણપણે ગુમ થઈ ગયો છે. રોડ ઉપરનું તમામ મેટિરિયલ વિહોણું થતાં માત્ર ધૂળની ડમરીઓ અને ફૂટ-ફૂટના ખાડા જ બચ્યા છે. આ આઠ કિલોમીટરના ટૂંકા અંતરમાં નાના-મોટા ૨૦૦થી પણ વધુ ખાડાઓ હોવાને કારણે અહીંથી પસાર થવું વાહનચાલકો માટે મોતને ભેટવા સમાન બની ગયું છે. આ રોડની ખરાબ હાલતને કારણે કોવાયાના લોકો અને વાહનચાલકોએ ૧૫ કિલોમીટર ફરીને પીપાવાવ, ભેરાઈ થઈને રાજુલા આવવું પડે છે, જેનાથી સમય અને ડીઝલનો ભારે વ્યય થાય છે.

લોઠપુરથી કોવાયા રોડ ઉપર અલ્ટ્રાટેક સિમેન્ટ, ભાકોદર પાવર પ્લાન્ટ, એનર્જી અને રિલાયન્સ ડિફેન્સ જેવી તમામ કંપનીઓના વાહનોની ભારે અવરજવર રહે છે. બે મહિના પહેલા આ રોડ પર દરરોજ ૫૦૦થી વધુ વાહનો આવન-જાવન કરતા હતા. પરંતુ, રોડની દયનીય હાલતને કારણે ખાનગી ટ્રકચાલકો ઊંચા ભાડા હોવા છતાં અલ્ટ્રાટેક આવવાનું નામ લેતા નથી. શ્રમિકો પણ ખરાબ રસ્તાના કારણે મજૂરી કરવા જવાનું ૫૦ ટકાએ ઘટાડ્યું છે, જેનાથી સ્થાનિક મજૂરોને નુકસાની થઈ રહી છે.

આ ખરાબ રોડને કારણે વારંવાર અકસ્માતો થાય છે. થોડા સમય પહેલા જ બારપટોળીના એક યુવાનનું નોકરીએ જતા સમયે ખાડાના કારણે મોત નીપજ્યું હતું. કર્મચારીઓ લોઠપુરથી કોવાયા નોકરી માટે જાય છે, તે પણ ધૂળ-ધમાળ અને બબ્બે ફૂટના ખાડાઓને કારણે પરેશાન છે. આ તમામ પરિસ્થિતિ માટે અમરેલી જિલ્લાના બાંધકામ પંચાયત વિભાગની સંપૂર્ણ બેદરકારી જવાબદાર હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે.

આ રોડની જર્જરિત હાલત પાછળ કંપની અને પીડબલ્યુડી (માર્ગ મકાન વિભાગ) વચ્ચેનો વિવાદ જવાબદાર છે. કંપનીએ આ રોડ વર્ષો પહેલા દત્તક લીધો હતો, પરંતુ હવે મેન્ટેનન્સના ડરથી પીડબલ્યુડીને પરત સોંપી દીધો છે.

---

### કૃષિમંત્રીની મહત્વપૂર્ણ જાહેરાત

## કમોસમી વરસાદ સહાય પેકેજનો લાભ લેવા અરજી પોર્ટલ શરુ

(એજન્સી) ગાંધીનગર તા.13

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં થયેલા અસાધારણ કમોસમી વરસાદને પરિણામે અસરગ્રસ્ત થયેલા ધરતીપુત્રોની સંવેદના સમજીને ઐતિહાસિક અને અત્યંત ઉદારતમ રાહત સહાય પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત ખેડૂતોને કુલ ૧૧,૧૩૭ કરોડ રૂપિયાનું વ્યાપક સમર્થન આપવામાં આવ્યું છે. આ ઐતિહાસિક રાહત પેકેજનો લાભ ખેડૂતોને ત્વરિત મળી રહે તે માટે રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં જાહેર થયેલા આ પેકેજનો લાભ મેળવવા માટે ૧૪મી નવેમ્બર, શુક્રવાર, બપોરે ૧૨ કલાકથી ઓનલાઈન અરજી પોર્ટલ કાર્યરત થશે, જે ૧૫ દિવસ સુધી ખુલ્લું રહેશે.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આપદાની વેળાએ ધરતીપુત્રોની સાથે રહીને મુખ્યમંત્રીશ્રીએ જે ઉદારતમ પેકેજ આપ્યું છે, તે અભૂતપૂર્વ છે." તેમણે ઉમેર્યું કે, નુકસાનીનો સર્વે-પંચરોજકામ, મંત્રીશ્રીઓની પ્રત્યક્ષ મુલાકાત અને પેકેજની જાહેરાત તેમજ ઠરાવ થવા સુધીની સમગ્ર વહીવટી પ્રક્રિયા માત્ર એક અઠવાડિયામાં જ પૂર્ણ કરીને સરકારે જે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો છે, તે કિસાન હિતકારી છે.

---

### શ્રી સાંઈ જલારામ મંદિરે સુદામા ચરિત્ર સાથે કથા સંપન્ન

# નખત્રાણામાં આનંદનગર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ

મહેશ એલ. સોની | નખત્રાણા તા.13



કચ્છના નખત્રાણામાં ભક્તિ અને ધર્મના માહોલને ગૂંજવતા શ્રી સાંઈ જલારામ મંદિર, આનંદનગર ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની આજે તા. ૧૩/૧૧/૨૦૨૫ ગુરુવારના રોજ ધર્મમય વાતાવરણમાં પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ જ્ઞાનયજ્ઞ પ.પૂ.સંત શ્રી વાલરામજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી પિતૃઓના મોક્ષાર્થે અને ગૌ સેવા લાભાર્થે સ્વ.કાનજીભાઈ નાનજીભાઈ પલણની સ્મૃતિમાં યોજાયો હતો.

આ ભગવદ્ સપ્તાહના પ્રથમ દિવસે દરિયા સ્થાનથી શ્રી સાંઈ જલારામ મંદિર સુધી એક ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. સંતો-મહંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કથાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રવાપરના પ્રખર ભાગવતાચાર્ય શાસ્ત્રી શ્રી કિરણભાઈ જોષી (પદ વિભૂષિત)ના વ્યાસાસને આ કથાનું અમૃતપાન કરાવવામાં આવ્યું હતું. શાસ્ત્રીજીએ પોતાની આગવી અને સરળ શૈલીથી દરેક ધાર્મિક પ્રસંગોનું ભાવવાહી વર્ણન કર્યું હતું, જેનાથી શ્રોતાઓ ભાવવિભોર બની ગયા હતા. સપ્તાહ દરમિયાન અનેક દિવ્ય પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી રામ પ્રાગટ્ય અને ભવ્ય કૃષ્ણ જન્મોત્સવ. કૃષ્ણ જન્મોત્સવના પ્રસંગે સમગ્ર વાતાવરણ 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી ગુંજી ઊઠ્યું હતું અને મટકી ફોડ સહિતના કાર્યક્રમો ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવાયા હતા. કથાની પૂર્ણાહુતિ સુદામા ચરિત્રના હૃદયસ્પર્શી પ્રસંગ સાથે કરવામાં આવી હતી. આ સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં કથા શ્રવણ કરવા માટે રાજકીય તેમજ સામાજિક મહાનુભાવો, કચ્છ ભરમાંથી લોહાણા મહાજનના અગ્રણીઓ અને આસપાસના વિસ્તારોના મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌથી વિશેષ બાબત એ હતી કે, અંધજન મંડળ K.C.R.C ભુજ, નખત્રાણા દ્વારા શરૂ કરાયેલા ડે કેર સેન્ટરના દિવ્યાંગ ભાઈઓ-બહેનો તેમજ સંચાલકો પણ આ ધર્મલાભ લેવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

---

## મંત્રી પાનશેરીયાની લાલ આંખ : મા કાર્ડ યોજનામાંથી જામનગરની હોસ્પિટલની હકાલપટ્ટી

(એજન્સી) જામનગર તા.13

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના સક્રિય માર્ગદર્શન હેઠળ અને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં, આરોગ્ય વિભાગ દ્વારા સરકારી યોજનાઓમાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ જ કડક વલણના ભાગરૂપે, ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદરૂપ પી.એમ.જે.એ.વાય.-મા (PMJAY-મા) યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન કરવા અને ગંભીર ગેરરીતિ આચરવા બદલ જામનગરની **જેસીસી હાર્ટ ઈન્સ્ટીટ્યુટ (JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટ)**ને યોજનાની કામગીરીમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હોસ્પિટલને કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીજરમાં ક્ષતિ અને ગેરરીતિ બદલ રૂપિયા ૬ લાખથી વધુનો જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે પોતાની પ્રતિક્રિયા આપતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. પી.એમ.જે.એ.વાય.-મા યોજના એ ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે.

---

### સ્ત્રીઓના અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી

# જાફરાબાદ ખાતે આઈ.સી.ડી. એસ. દ્વારા નારી સંમેલન યોજાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | તા.13



જાફરાબાદ નગરપાલિકા ટાઉન હોલ ખાતે ગુજરાત મહિલા આયોગ અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નારી સંમેલન યોજાયું હતું આ સંમેલન નો મુખ્ય ઉદ્દેશ મહિલા ઓને લાગતા કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં નારી અદાલત વિશે વિસ્તૃત માહિતી આપતા નારી અદાલત એક નુતન ન્યાય પ્રણાલિકા સ્ત્રીઓ ના હક અધિકારો માટે કાયદાકીય કાર્યવાહી હાથધરી સ્ત્રીઓ ના અધિકારો માટે નારી અદાલત સમુદાય આધારિત મહિલા આગેવાની હેઠળના ન્યાય તંત્ર ને પ્રોત્સાહન આપતી એક પાયાની પહેલ સ્ત્રીના કાનુની અધીકાર અને રક્ષણ માટે ની ન્યાય પ્રણાલિકા છે. ઘરેલુ હિંસા મારપીટ હોય કે પછી ઘરેલુ ઝગડા તે પછી સંકાકુસંકા હોય કે પતિ પત્ની ના ઝગડા કે પછી દારૂડિયા પતિનો ત્રાસ કે પછી બાળકને સોંપણી નો પ્રશ્નો હોય ગુજરાત મહિલા આયોગ દ્વારા ચાલતી નારી અદાલત સ્ત્રીઓ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૫ માં ઘરેલું હિંસા અધિનિયમ ની જોગવાઈઓ ઘરેલુ હિંસા નો ભોગ બનનાર મહિલા આ કાયદા હેઠળ ફરિયાદ કરવા માટે પોલીસ અથવા કોર્ટમાં જવાની બદલે સીધી કાયદા નીચે નિમાયેલ નારી અદાલત સમક્ષ જઈ ફરિયાદ નારી અદાલત સમક્ષ રજૂ કરી શકશે સ્ત્રીઓ ના હક બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ મહિલાઓ લાગતી જાણકારી આપવાનો આ કાર્યક્રમ હતો આ કાર્યક્રમ નગરપાલિકા ના પ્રમુખ શ્રીમતી રવીના બેન પ્રફુલ ભાઈ બારૈયા ભાવેશ ભાઈ સોલંકી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરસન ભાઈ ભીલ તાલુકા પંચાયત પ્રમુખ બાલા ભાઈ કોટડીયા અને નગરપાલિકાના ચેરમેન દ્વારા કરવામાં આવ્યું હતું આ સંમેલન માં અમરેલી જિલ્લા ના પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ સી. ડી. એસ ના સી.ડી.પી.ઓ રેખા બેન ગોહિલ અને યુનિયન લીડર મયુરી બેન બારૈયા સહીત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જાફરાબાદ શહેર અને તાલુકા ના તમામ ગામોના આંગણવાડી કાર્યકરો અને હેલ્પર નગરપાલિકા અને તાલુકા પંચાયત ના કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં લોકો એ આ સંમેલન માં ભાગ લીધો હતો કાર્યક્રમ નું સંચાલન. આઈ. સી. ડી.એસ ઘટક જાફરાબાદ દ્વારા કરવા માં આવ્યું હતું

---

## જૂનાગઢના મુખ્ય સંચાલિકા દમયંતી દીદી અવ્યક્ત વતન વાસી

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.13

જૂનાગઢ સહિત સમગ્ર ગુજરાતમાં આધ્યાત્મિક અને રાજયોગના માર્ગે લાખો લોકોને પ્રેરણા આપનાર બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, જૂનાગઢના મુખ્ય સંચાલિકા અને ગુજરાત એડિશનલ ઝોન ઈન્ચાર્જ રાજયોગિની બ્રહ્મા કુમારી દમયંતી દીદી આજે વ્હેલી સવારે અવ્યક્ત વતન વાસી બન્યા છે. તેમના દેહ વિલયના સમાચાર મળતાં જ સમગ્ર બ્રહ્મા કુમારીઝ પરિવાર અને શ્રદ્ધાળુઓમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. દીદીએ તેમના જીવનકાળ દરમિયાન નિષ્ઠાપૂર્વક આપેલી સેવાઓને કારણે તેઓ હંમેશા આત્મિક જ્યોતિ તરીકે યાદ રહેશે. બ્રહ્મા કુમારી દમયંતી દીદીએ પોતાનું સમગ્ર જીવન ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગના પ્રચાર-પ્રસાર પાછળ સમર્પિત કરી દીધું હતું.



---

### અટડાની આંગણવાડીમાં કિશોરીઓના સ્વાસ્થ્યનો કાર્યક્રમ

# ઘડૂલી પી.એચ.સી. વિસ્તારમાં કિશોરીઓના આરોગ્યની ઊજવણી

(એજન્સી) લખપત | તા.13



જિલ્લા સ્તરેથી મળેલા માર્ગદર્શન અને સૂચનાઓ મુજબ, આજે ઘડૂલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત આવતા લખપત સબ સેન્ટરના અટડા ગામની આંગણવાડી ખાતે એડોલ્સેન્ટ હેલ્થ એન્ડ વેલનેસ દિવસની ભક્તિપૂર્વક અને ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડો. મિતેશ ભંડેરી સાહેબ, આર.સી.એચ.ઓ. શ્રી ડો. દિનેશ પટેલ સાહેબ તેમજ ટી. એચ.ઓ. શ્રી ડો. કે. કે. પટેલ સાહેબના સઘન માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. આ પહેલનો મુખ્ય હેતુ કિશોરીઓનું આરોગ્ય સુધારવા અને તેમને જાગૃત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન, અટડા ગામની તમામ કિશોરીઓનું આરોગ્યલક્ષી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મીઓ દ્વારા કિશોરીઓના વજન, ઊંચાઈ અને એચબીનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ ચકાસણીનો ઉદ્દેશ્ય કિશોરીઓમાં એનીમિયાની સ્થિતિ જાણવાનો અને પોષણ સ્તરમાં સુધારો લાવવાનો હતો. આરોગ્ય અને સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે, કિશોરીઓને તેમના જીવનના આ મહત્ત્વપૂર્ણ તબક્કામાં જરૂરી એવી અનેક બાબતો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવાથી થતા ફાયદાઓ અને આહારમાં કયા તત્વોનો સમાવેશ કરવો જોઈએ તે વિશે સરળ ભાષામાં સમજણ અપાઈ હતી.

# પશુધનના આરોગ્યનો 'સંજીવની રથ' MVUના 2 વર્ષ પૂર્ણ થયા

(એજન્સી) ગાંધીનગર | તા.13



ગુજરાતમાં પશુપાલન હવે માત્ર કૃષિનો પૂરક વ્યવસાય નહીં, પરંતુ અનેક ધરતીપુત્રો માટે આર્થિક ઉન્નતિનો સ્વતંત્ર વ્યવસાય બની ચૂક્યો છે. રાજ્યના ખૂણે-ખૂણે વસતા કરોડો પશુઓ માટે સમયસર અને ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ પહોંચાડવાના ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા અગાઉ "૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું" યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજનાની સફળતાની તર્જ પર, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં મોબાઈલ વેટરિનરી યુનિટ (MVU)ની નવી યોજના અમલમાં મૂકવામાં આવી, જેના ગુજરાતમાં સફળ અમલીકરણને આજે બે વર્ષ પૂર્ણ થયા છે.

ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા પશુપાલકો માટે બીમાર પશુને દવાખાના સુધી લઈ જવું એ મોટો પડકાર હોય છે. રસ્તા, વાહનની સગવડ કે સમયના અભાવે ઘણીવાર પશુઓને સમયસર સારવાર મળતી નથી, જેના કારણે પશુધનને નુકસાન થાય છે અને પશુપાલકને આર્થિક ફટકો પડે છે. આ સમસ્યાના નિવારણ માટે જ MVU યોજના (મોબાઇલ વેટરિનરી યુનિટ) પશુધનના આરોગ્યનો સંજીવની રથ બનીને આવી છે.

આ સેવા ખાસ કરીને ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૬૨ દ્વારા કાર્યરત છે. પશુપાલક દ્વારા માત્ર એક ફોન કરતાં જ સજ્જ વેટરનરી વાન પશુની સારવાર માટે સ્થળ પર પહોંચી જાય છે.

## વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ બાબતે ચર્ચા કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું

# પાલનપુર : શિક્ષણ મંત્રાલયની ટીમે દાંતીવાડા કેન્દ્રીય વિદ્યાલયનું નિરીક્ષણ કરી પ્રશંસા કરી

(એજન્સી) પાલનપુર | તા.13

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના અધિકારીઓની ટીમે આજે પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, BSF દાંતીવાડાની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો હેતુ શાળામાં ચાલી રહેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓ, માળખાકીય સુવિધાઓ અને નવીન શિક્ષણ પદ્ધતિઓનું મૂલ્યાંકન કરવાનો હતો.



ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના શ્રીમતી મુકતા અગ્રવાલ, નિર્દેશક, શિક્ષણ મંત્રાલય; શ્રી ટી. પ્રીતમ સિંહ, ડેપ્યુટી કમિશનર, તિન્સુકિયા સંભાવ, કે.વિ.એસ.; તેમજ સુ. શ્રી કૃતિકા કપૂર, સલાહકાર સહિતના અધિકારીશ્રીઓ દાંતીવાડા કેન્દ્રીય વિધાલય ખાતે શાળાની વિવિધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી પ્રશંસા વ્યક્ત કરી હતી. શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ સમયપત્રક અનુસાર નિયમિત રીતે ચાલી રહી છે અને શિક્ષકો દ્વારા સ્માર્ટ ક્લાસરૂમ તથા ડિજિટલ લર્નિંગ સાધનોનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. શાળામાં સહ-પાઠ્ય પ્રવૃત્તિઓ જેવી કે ખેલકૂદ, આર્ટ, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની બાબતોનું નિરીક્ષણ કરાયું હતું. આ સાથે અધિકારીશ્રીઓએ પરિસર અને સ્વચ્છતા, સ્વચ્છ ભારત અભિયાનના માપદંડો, વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ બાબતે ચર્ચા કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય ખાતે શિક્ષક તાલીમ અને નવીનતા ક્ષેત્રે શાળાના શિક્ષકો નિપુણ ભારત અભિયાન અંતર્ગત તાલીમ મેળવી ચૂક્યા છે અને શિક્ષણમાં નવી પદ્ધતિઓનો સમાવેશ કર્યો છે, જે શિક્ષણની ગુણવત્તા વધારવામાં મદદરૂપ થાય છે. સાથે જ સમાવેશી શિક્ષણને પ્રાથમિકતા આપતાં, ખાસ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે વિશેષ સહાય અને માર્ગદર્શનની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. અધિકારીઓએ શાળાના પ્રદર્શનથી સંતોષ વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને સતત પ્રગતિ તરફ પ્રયત્નશીલ રહેવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## ન્યૂઝ ઈન બૉક્સ

### સૂર્યા રોશનીએ પોર્ટફોલિયોમાં વધારો કરતા 'ટર્બો ફ્લેક્સ' વાયરની નવી રેન્જ સાથે વાયર

નવી દિલ્હી | ભારતના લાઈટિંગ, ફેન્સ, હોમ એપ્લાયન્સિસ, સ્ટીલ અને PVC પાઈપ્સ ક્ષેત્રમાં વિશ્વસનીય નામ ધરાવતી સૂર્યા રોશની લિમિટેડ હવે પોતાના નવા ટર્બો ફ્લેક્સ વાયરની રેન્જ સાથે વાયર અને કેબલ્સ ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી છે – સુરક્ષા, ટકાઉપણું અને લવચીકતાનું શક્તિશાળી સંયોજન જે આધુનિક ઘર અને વ્યાવસાયિક સ્થળો માટે તૈયાર કરવામાં આવ્યું છે, અને જે કંપનીને ઈલેક્ટ્રિકલ સોલ્યુશન્સ માર્કેટમાં વધુ મજબૂત સ્થાન આપે છે. નવી રજૂ થયેલી વાયરો બે પ્રકારમાં ઉપલબ્ધ છે – ટર્બો ફ્લેક્સ - FR અને ટર્બો ફ્લેક્સ ગ્રીન - FRLSH. આ વાયર RoHS અનુરૂપ, પર્યાવરણને અનુકૂળ અને ઉચ્ચ સલામતી ધોરણો ધરાવે છે.



### વર્લ્ડ ડાયાબિટીસ ડે - અમદાવાદમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ અભિયાન

અમદાવાદ | અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન-સાઉથ ઈસ્ટ એશિયાના સહયોગથી અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના સમર્થનથી, શુક્રવાર તા. 14 નવેમ્બર 2025ના રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે સમગ્ર અમદાવાદમાં મોટાપાયે ડાયાબિટીસ સ્ક્રીનીંગ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરવ્યાપી આરોગ્ય પ્રવૃત્તિઓ ૧૪ નવેમ્બરના રોજ સવારના સમયે જે સ્થળોએ જાહેર જનતાની અવર-જવર વધુ પ્રમાણમાં રહેતી હોય તેવા શહેરના ૧૦૦ થી વધુ જાહેર સ્થળો જેમ કે બગીચાઓ, ક્લબો, સમુદાયના મેદાનો અને ખુલ્લી જગ્યાઓમાં ડાયાબિટીસના વહેલા નિદાન અને નિવારણ પર ધ્યાન કેન્દ્રિત કરતી મફત આરોગ્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.



### એજેસ ફેડરલ લાઈફ બીમા અને મુથૂટ માઈક્રોફિન વચ્ચે ભાગીદારીની જાહેરાત

મુંબઈ | ભારતની અગ્રણી અને સૌથી ઝડપથી વિકસતી ખાનગી જીવન વીમા કંપનીઓ પૈકી એક, એજેસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સે મુથૂટ માઈક્રોફિન લિમિટેડ સાથે વ્યૂહાત્મક વિતરણ ભાગીદારીની જાહેરાત કરી છે, જેનો હેતુ સમગ્ર દેશમાં જીવન વીમા સોલ્યુશન્સની ઍક્સેસનો વિસ્તાર કરવાનો છે. આ સહયોગ વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અને નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs) સહિત વંચિત રહી જતાં ગ્રાહકો સુધી પહોંચવાનો પ્રયાસ છે, જેનાથી શહેરી અને ગ્રામીણ જેવી બંને બજારોમાં નાણાકીય સુરક્ષા અને સમાવેશ શક્તિશાળી બનશે. એજેસ ગ્રુપની વૈશ્વિક કુશળતા સાથે, આ વ્યૂહાત્મક જોડાણ મુથૂટ માઈક્રોફિન લિમિટેડના ગ્રાહકોને સંકલિત નાણાકીય ઓફર દ્વારા પોતાના માટે અને તેમના પ્રિયજનોને સુરક્ષિત અને સલામત રાખવા માટે માર્ગ પૂરો પાડે છે.



### હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા 11 અને 12 નવેમ્બરે "ક્રિએટર્સ સંગા" ઈન્ફ્લુએન્સર્સ મીટનું સફળ આયોજન

અમદાવાદ | "ક્રિએટર્સ સંગા" ઈન્ફ્લુએન્સર્સ મીટ તારીખ: 11-12 નવેમ્બર 2025 સ્થળ: હરે કૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ યુવા પેઢીમાં સકારાત્મકતા, જાગૃતિ અને સર્જનાત્મક જવાબદારી વધારવા હરે કૃષ્ણ મંદિર, ભડાજ દ્વારા 11 અને 12 નવેમ્બરે "ક્રિએટર્સ સંગા" ઈન્ફ્લુએન્સર્સ મીટનું સફળ આયોજન કરવામાં આવ્યું. દેશભરના 50 કરતાં વધુ લોકપ્રિય ડિજિટલ ક્રિએટર્સ, કલાકાર અને કન્ટેન્ટ મેકર્સ એક સ્થળે ભેગા થયા અને સોશિયલ મીડિયાના માધ્યમથી દેશ-સમાજમાં સકારાત્મક બદલાવ કેવી રીતે લાવી શકાય તેના પર ચર્ચા-વિચારણા કરી. "ક્રિએટર્સ વિથ કોન્શિયસનેસ" દ્વારા શ્રી રસા પારાયણ દાસ અને "પર્પઝ-ડ્રિવન ક્રિએટિવિટી" દ્વારા શ્રી વિરુપક્ષ દાસે ક્રિએટર્સને પ્રેરણા આપી કે તેઓ પોતાની ઑનલાઇન પહોંચનો ઉપયોગ માત્ર મનોરંજન માટે નહીં, પરંતુ દેશના હિત અને સાંસ્કૃતિક મૂલ્યોને મજબૂત બનાવવા માટે પણ કરી શકે.



## સ્ટુડિયો કિચનનું આકર્ષણ | દરેક વાનગી કહે 'ટેસ્ટ ઓફ ઇન્ડિયા'

# એકતાનગરમાં ભારત પર્વ: સંસ્કૃતિ સ્વાદ-સંગમની સુગંધ

(એજન્સી) ગાંધીનગર | તા.13

ભારત એ વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો, પરંપરાઓ અને વિશેષ વ્યંજનોની ઓળખ ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વભરમાં ખાનપાનની વાતનો ડંકો વાગે ત્યારે ભારતનું નામ પ્રથમ હરોળમાં લેવાતું હોય છે, કારણ કે દરેક રાજ્યનું પરંપરાગત ભોજન પોતાની વિશિષ્ટતા ધરાવે છે. ત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રથમવાર યોજાયેલા ભારત પર્વ-૨૦૨૫ એ ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યતાને એક જ આંગણે એકત્ર કરી અદ્ભૂત સંકલન સર્જ્યું છે. દેશના ખૂણે-ખૂણેથી આવેલા કલાકારો, શિલ્પકારો, રસોઈયાઓ અને દર્શકો માટે આ પર્વ એક જીવંત ઉજવણી બની રહ્યો છે. આ વર્ષે ભારત પર્વની ઉજવણી પહેલી વાર દિલ્હીના લાલ કિલ્લાની બહાર, ગુજરાતની ધરતી પર એકતા નગર ખાતે થઈ રહી છે.




રાજપીપળાના વતની પર્યટક હર્નિષા હિમાશું રાવએ જણાવ્યું કે, "માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને લઈને ગુજરાતમાં ભારત પર્વની ઉજવણી થવી એ ગૌરવની બાબત છે. અહીં દરેક પ્રાંતની વાનગીઓ, નૃત્યો, લોકકળા, હસ્તકલા અને શિલ્પકલા બધું એક જ સ્થળે જોવા-માણવા મળ્યું એ એક જીવંત ભારતની ઝલક છે." ભારત પર્વમાં સૌથી વિશેષ આકર્ષણ 'સ્ટુડિયો કિચન' બન્યું છે. અહીં દરરોજ દેશના વિવિધ પ્રાંતોના માસ્ટરશેફ્સ પોતાની પ્રાંતની ખાણીપીણીની વિશિષ્ટ વાનગીઓનું લાઇવ નિદર્શન અને રજૂઆત કરે છે.

ગુજરાતના સુગંધિત ફાફડા-જલેબી, ઢોકળા અને હાંડવો વચ્ચે દક્ષિણ ભારતના ઈડલી-ઢોસા, ઉત્તર ભારતના છોલે-ભટુરે અને કાશ્મીરના રોગનજોશ જેવી લાજવાબ વાનગીઓ સ્વાદપ્રેમીઓને આકર્ષે છે. પર્યટક હર્નિષાએ ઉમેર્યું કે, "અહીં દરેક વાનગી સ્વાદિષ્ટ હોવા સાથે પૌષ્ટિક પણ છે. સાઉથ અને નોર્થના ફ્યુઝનથી બનેલી કેટલીક વાનગીઓ તો ખૂબ જ અનોખી લાગી. ખાણીપીણીમાં આ પ્રકારનો સંમન્વય આજે સ્વસ્થ ભારતની દિશામાં એક નવો પ્રયાસ લાગે છે.

## પ્રીમિયમ વાહનો ભારતના પૂર્વ-માલિકીના કાર બજારને ચલાવે છે: ભારતીય બ્લુ બુક FY25



મુંબઈ | ભારતીય બ્લુ બુકની 7મી આવૃત્તિ અનુસાર, ભારતનું પૂર્વ-માલિકીનું કાર બજાર FY24-25માં 5.9 મિલિયન યુનિટ્સ પર પહોંચ્યું હતું અને 10% CAGRના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે, જે 2030 સુધીમાં 9.5 મિલિયન યુનિટ્સ સુધી પહોંચવાનો અંદાજ છે. વાર્ષિક અહેવાલ કાર દ્વારા વિકસાવવામાં આવે છે. અહેવાલ પ્રીમિયમાઈઝેશન અને કોન્સોલિડેશન તરફના પરિવર્તનને હાઈલાઈટ કરે છે. SUVs, ખાસ કરીને કોમ્પેક્ટ SUV,ની માંગ બજેટ-સભાન ખરીદદારોમાં પણ વધી રહી છે. ઉપભોક્તા મજબૂત બ્રાન્ડ વફાદારી દર્શાવે છે.

## 1.68 કરોડ નાગરિકોનું બિનચેપી રોગો માટે સ્ક્રીનીંગ

# વિશ્વ ડાયાબિટીસ દિવસે રાજ્યમાં સ્ક્રીનીંગ ડ્રાઈવનો પ્રારંભ

(એજન્સી) ગાંધીનગર | તા.13

સમગ્ર વિશ્વ માટે બિનચેપી રોગો એક ગંભીર પડકાર બની રહ્યા છે. આ બદલાયેલી જીવનશૈલીના રોગોનું પ્રમાણ ઘટાડવા માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં અનેકવિધ સ્વાસ્થ્ય સંબંધી યોજનાઓ અમલી બનાવી છે.

આ જ પ્રયાસોના ભાગરૂપે, વિશ્વ મધુપ્રમેહ દિવસ - ૧૪ નવેમ્બરના રોજ રાજ્યભરમાં વિશેષ જનજાગૃતિ ઝુંબેશ અને સ્ક્રીનીંગ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના નેશનલ એન.સી.ડી. પોર્ટલ પર તા. ૦૭ નવેમ્બર ૨૦૨૫ની સ્થિતિ મુજબ, ગુજરાતમાં ૩૦ વર્ષથી વધુ વયનાં નાગરિકોનું વ્યાપક સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. આશા દ્વારા સૂચિત વયજૂથમાંથી કુલ ૧.૭૦ કરોડ નાગરિકોનું કોમ્યુનિટી બેઝ્ડ એસેસમેન્ટ ચેકલીસ્ટ ફોર્મ ભરાયું છે. તેમાંથી કુલ ૧.૬૮ કરોડ નાગરિકોનું બિનચેપી રોગો માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે.

સ્ક્રીનીંગના નિદાનમાં, હાયપરટેન્શનના કુલ ૩૯,૪૭,૬૧૦ અને ડાયાબિટીસના કુલ ૨૯,૭૭,૩૨૬ નાગરિકોનું વિનામૂલ્યે નિદાન કરાયું છે. વધુમાં, ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પણ એન.સી.ડી. સ્ક્રીનીંગ ડ્રાઈવ કેમ્પેઈન હેઠળ ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં કુલ ૧,૦૫,૧૧,૨૭૩ નાગરિકોની વિનામૂલ્યે ડાયાબિટીસ તપાસ કરવામાં આવી હતી. નિદાન પામેલા તમામ દર્દીઓને આરોગ્ય કેન્દ્રો-હોસ્પિટલો ખાતેથી દાક્તરી સલાહ મુજબ વિનામૂલ્યે સારવાર પણ આપવામાં આવી હતી.

## દાહોદ જિલ્લાના ઝાલોદના છાયણ PHC ખાતે

# મોબાઈલ ટીબી એક્સ-રે વાન દ્વારા 181 દર્દીઓની કરાઈ તપાસ

દિપક રાવલ | દાહોદ | તા.13

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના છાયણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૦૦ દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પ દરમિયાન મોબાઈલ ટીબી એક્સ-રે વાનની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં કુલ 181 શંકાસ્પદ દર્દીઓના ટીબી એક્સ-રે ટેસ્ટ કરવામાં આવ્યા. ઉપરાંત દર્દીઓ માટે વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસ જેવી વિવિધ આરોગ્ય તપાસણીઓ પણ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો – મેડિકલ ઓફિસર, તાલુકા ટીબી સુપરવાઈઝર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, આશા ફેસિલિટેટર તથા આશા બહેનો – એ સક્રિય સહયોગ આપ્યો હતો.



# સોનમ બાજવા અને FEMએ ચમકતી ત્વચાનું સિક્રેટ જાહેર કર્યું : નવી 7 સ્ટેપ સિંગલ-યુઝ ફેશિયલ કિટ લોન્ચ

અમદાવાદ | ડાબરની ભારતની સૌથી વિશ્વસનીય સ્કિનકેર બ્રાન્ડમાંની એક FEM એ બે નવી ફેશિયલ ટ્રીટમેન્ટ્સ : ફેમ નિયાસીનમાઈડ ગ્લાસ ગ્લો ફેશિયલ કિટ અને ફેમ હાયલૂરોનિક લુમી બ્રાઈટ ફેશિયલ કિટ લોન્ચ કરીને સિંગલ-યુઝ ફેશિયલ કિટ શ્રેણીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે. આ નવી રેન્જ પ્રખ્યાત અભિનેત્રી સોનમ બાજવા દ્વારા સત્તાવાર બ્રાન્ડ ફેસ તરીકે રજુ કરવામાં આવશે. નવી FEM સિંગલ યુઝ ફેશિયલ કિટ્સ એક સંપૂર્ણ ઘરેલું ગ્લો સોલ્યુશન પ્રદાન કરે છે, જે શક્તિશાળી સક્રિય ઘટકો અને મોહક ટેક્સચર સાથે વિચારપૂર્વક રીતે તૈયાર કરાયું છે જે એક જ વારમાં ઝડપી ગ્લો લાવી શકાય છે. પાંચ સ્ટેજની સુંદરતાથી આગળ વધીને FEM એક વ્યાપક અર્થમાં 7 સ્ટેજની સુંદરતા પ્રદાન કરે છે, જેમાં વધુ સારા અનુભવ માટે સીરમ અને સનસ્ક્રીન બન્નેનો સમાવેશ થાય છે. આ શ્રેણીમાં બે પ્રકારો છે - FEM નિયાસીનમાઈડ ગ્લાસ ગ્લો ફેશિયલ કિટ, 24K ગોલ્ડ અને નિયાસિનમાઈડ મેળવવામાં આવ્યા છે, જે એક શાનદાર 'આંતરિક ચમક' પ્રદાન કરે છે તેમજ ટોન ઈવનિંગનું વચન પાળે છે. FEM હાયલૂરોનિક લૂમી બ્રાઈટ ફેશિયલ કિટ જે પ્યોર ડાયમંડ, હાયલૂરોનિક એસિડ અને લાલ શેવાળ (Red Algae)થી સમૃદ્ધ છે, જે ઝડપી ચમક 'લુમી બ્રાઈટ' ફિનિશ માટે ત્વચાને ઊંડે સુધી હાઈડ્રેટ, સ્મૂથ અને ચમકદાર બનાવવા ડિઝાઈન કરાઈ છે. ડાબર ઈન્ડિયા લિમિટેડના માર્કેટિંગ વાઈસ પ્રેસિડન્ટ શ્રી અભિષેક જુગરાન કહે છે કે, FEMની નવી સિંગલ-યૂઝ ફેશિયલ કિટ્સ સાથે ડાબર પોતાની બ્યુટી સફરમાં એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે.




# HEC ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડનો આવકમાં 97%નો ઉછાળો, ચોખ્ખા નફામાં 82%નો વધારો

અમદાવાદ | એચઈસી ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના અગ્રણી ખેલાડીઓ પૈકીની એક અને એક્સ્ટ્રા હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ્સમાં વિશેષતા ધરાવતી કંપનીએ, નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કુલ આવક 40.82 કરોડ, વાર્ષિક ધોરણે 96.84%ની વૃદ્ધિ. EBITDA 3.86 કરોડ, વાર્ષિક ધોરણે 105.69%ની વૃદ્ધિ. EBITDA માર્જિન 9.45%, વાર્ષિક ધોરણે 45 બીપીએસની વૃદ્ધિ. ચોખ્ખો નફો 2.23 કરોડ, વાર્ષિક ધોરણે 82.10%ની વૃદ્ધિ. શેર દીઠ કમાણી 2.06, વાર્ષિક ધોરણે 70.25%ની વૃદ્ધિ. કુલ આવક 68.74 કરોડ, વાર્ષિક ધોરણે 76.28%ની વૃદ્ધિ.EBITDA 6.47 કરોડ, વાર્ષિક ધોરણે 94.94%ની વૃદ્ધિ. EBITDA માર્જિન 9.41%, વાર્ષિક ધોરણે 90 બીપીએસની વૃદ્ધિ ચોખ્ખો નફો 3.56 કરોડ નોંધાવ્યો છે.

# આદમી મુસાફિર હૈ આતા હૈ જાતા હૈ, આતે જાતે રસ્તે મેં યાદે છોડ જાતા હૈ...



નારાયણ નારાયણ નારાયણ નારાયણ..

સાચું કહું પતિ પત્ની નું ગૂડ મોર્નિંગ: સાંભળો છો? ક્યા છો? અરે!!!પથારીમાં પડ્યા પડ્યા ક્યારના શું કરો છો? કોઈ કામના નથી.. ઘરનું કામ કરવું પડે એટલે ઊંઘવાનો ડોળ કરો છો બધી ખબર છે કચરા વાળા ને કચરો ન આપવો પડે ને એટલે..આમ છતાંય પતિદેવ ની નીંદર ના નાટક ની પુર્ણાહુતી ન થાય ત્યારે પત્ની નું લાસ્ટ લાંચ આપતું ગૂડ મોર્નિંગ 'તમારી ફેવરિટ મસાલા વાળી ચા અને લસણ વાળા થેપલા તૈયાર છે ઊઠીને ફટાફટ ચા નાસ્તો કરી લ્યો..બપોર: શાક તો લાવ્યા પણ ભીંડો ભૂલી ગયા..કરિયાણું તો બધું લાવ્યા પણ ભૂલકણા ભારે એટલે મૂળ વસ્તુ હિંગ ન લાવ્યા..કેટલી વાર તમને કહેવું કે બાળકો પૌપયુ નથી ખાતા છતાંય ત્રણ ચાર પપૈયા પકડી ને આવી જાવ છો કોણ ખાશે?...અરે!!રે,બાપા તમારું મારે શું કરવું એજ સમજાતું નથીસાચું કહું નસીબ ખોટા હતા ને એટલે તમે ભટકાયા છો એક પણ વસ્તુ જાતે લઈ શકતા નથી..ઘર માં બાયડી આગળ રોફ કરવા માં પૂરા પણ બાથરૂમ નું બારણું રિપેર કરવા માટે અગાઉ થી પેમેન્ટ આપી દીધું છે તોય દુકાન દારે કારીગર ત્રણ મહિન થી મોકલ્યો નથી બાયડી સામે ડોળા કાઢવા ન બદલે દુકાન વાળા ને સામે કાઢશો તો લાગશે કે કંઈક તો બાથરૂમ નું બારણું રિપેર થઈ જશે...દિવાળીમાં નવી થાળીઓ લાવ્યા છીએ ખબર હોવા છતાંય. આખો દિવસ તમારું મગજ વંતરીઓ માં લાગેલું છે..રાત: બાપરે!!આટલા મોટા ઘોંઘાટ માં મને નીંદર ન આવે મોબાઈલ પર ચિત્ર વિચિત્ર રીલ્સ જોવી હોય તો બેડ રૂમ ની બહાર નીકળો..પ્લીઝ નીંદર માં ઢોલ નગારા વધારે વગાડતા નહી તમારે તો ઠીક માત્ર નોકરી ધંધો જ કરવાનો હોય છે મારે દિવસ ના સો કામ માટે દોડભાગ રહેતી હોય છે એટલે થાકી જાવ છુંભાગ્યવાન!!બીપી ની દવા લીધી ન ભૂલી જતા નહી નકામી સમસ્યા વધશે..હમ્મ્મ તમારે તો ઠીક છે દવા લીધા વગર ની સૂઈ જાવ તો બલા છૂટી એમ હમણાં નથી જવાની મારા મુનિયા ના લગન સુધી તો જીવવું છે.. જો પતિ પૂછે કે મુનિયા ના લગ્ન થયા પછી? કંટાળી ને કપાળે હાથ મૂકતા પત્ની બોલશે કે તમારા માં ચપટી જેટલી પણ સમજણ નથી એટલે મુનિયા ના લગ્ન પછી ઠાકોરજી બોલાવશે તો પણ એને ના પાડી ને તમારા માટે જીવવું પડશે,શું થાય? મજબૂરી છે મજબૂરી મજબૂરી..



પંચાત રસ

- રુપાલી દવે

જ્યારે પણ પતિ પત્ની ના સબંધો ના પંચાત રસ વિશે વિચારું છું ને ત્યારે મારા નજર સામે "નોળિયો અને સાપ" ની જોડી આવી જાય છે.દોસ્તી,પ્રેમ શબ્દ થી પણ વધારે ઘાતક દુશ્મની ના સબંધો પણ પ્રેમની અનુભૂતિ. બેત્રણ દિવસ પહેલા અમને એક સબંધી ને ત્યાં જમવાનું આમંત્રણ મળ્યું.પતિ પુત્ર સાથે સંબધી ને ઘરે ગયા ત્યારે સબંધી પતિ એની પત્ની સાથે કિચન માં હતા.દશ્ય: સબંધી પતિ શાક નો તડકો આપે અને એની પત્ની કાઢી હલાવતી હતી.આ દશ્ય નિહાળતા જ પતિદેવ ને કોણી મારતા કીધું કે આ ને પતિ ધર્મ કહેવાય? શીખો આમાં થી થોડુંરસોઈ બની ગઈ એટલે બધા સાચી ખોટો ગોળ મિશ્રિત વાતો કરવા લાગ્યા. ભોજન ના અંતે મુખવાસ એટલે એક એવી ઔષધિ કે એને મોઢા માં મૂકાયા બાદ જીભ ઓટોમેટિક પોપટ બની જાય છે. અચાનક સબંધી પત્ની બોલી કે મારા એનું સાવ નિષ્ઠુર બોલે તો સંન્યાસી જેવું જીવન એટલે મોબાઈલ પરના એના વિશેષ પ્રવચન નો સમય થતા જ રજા ના દિવસો માં કલાકો ના કલાકો રૂમ માં બંધ રહે છે પ્રવચન પૂર્ણ ની સાયરન વાગતા જેવી રૂમની અંદર પ્રવેશું એ ભેગા એનો બેઠક રૂમ માં ટીવી સમય શરૂ થઈ જાય છે.શનિ રવિ ની રજામાં ઘરમાં સાથે બેસી ને પંચાત રસ શેર કર્યો હોય તેવું ભાગ્યેજ બન્યું છે. સબંધી પત્ની ની વાત સાંભળતા જ પતિદેવ એ ધીમેથી કીધું કે ભલે કામચોર નકામો છું પણ સાસરિયા ની પંચાત રસ નો પાક્કો ખેલાડી છું એટલે તો મારી સાળી એ પંચાતિયા પોપટ નામ પાડ્યું છે. સાચી વાત છે આ દુનિયા માં બધાને પારકે ભણે બધાને લાડવો મીઠો લાગે છે.અંતે તો બધા ઋણનું બંધન ના સબંધો શૂન્ય જેવા ગોળ આકાર એટલે એનું પરિણામ પણ શૂન્ય સમજો. આપણા બધાનું જીવન ગોળ ગોળ ચકરડી માફક સતત રાત દિવસ ના ચક્કર માં ઘૂમ્યા કરતું હોય છે. આપણા ને પૃથ્વી ચકડોળ ની માફક ગોળ ગોળ ઘૂમ્યા કરે છે એ સવારે સૂર્ય અને રાતે ચાંદ થવા છતાંય ખબર નથી પડતી. ક્યારે અને કેવી રીતે પૃથ્વી ના ચક્ર સાથે ઘુમતા ઘૂમતા અંતિમ પડાવ માં બાળક માંથી યુવાન,યુવાન માંથી પ્રૌઢ,પ્રૌઢ માંથી વૃદ્ધત્વ આવી જાય છે એ ખુદ વિજ્ઞાન માટે પણ સમજવું અઘરું છે.માણસ એનો જન્મ સમય અને તારીખ તો નક્કી કરી શકે છે પરંતુ એનું મૃત્યુ નક્કી કરી શકતો નથી. આ દુનિયા ના રંક થી લઈને રાજા સુધીના ટોચ ના બધાજ માણસો નું મૃત્યુ નજીક આવતા જ નાનકડી ટાંકણી પડ્યા ના ટક અવાજ આવતા જ હાડમાંસનું "મારું મારું" કર્યા કરતું શરીર નિર્જીવ પ્લાસ્ટિક જેવું બની જતું હોય છે.દુનિયા ની મોટા માં મોટી અજાયબી એ વર્ષો સુધી લગ્નજીવન માં જોડાયેલા "પતિ પત્ની" ના મૂલ્યવાન સબંધો છે.આઠ અજાયબી ની ઈમારત તો નિર્જીવ છે એટલે કદાચ ટકી શકે પરંતુ પતિ પત્ની ના સબંધો એ સુખ,દુઃખ,સંઘર્ષ, બીમારીઓ વગેરે વગેરે આરોહ અવરોહ ની પરિસ્થતિ માંથી પસાર થતું જીવંત જીવન છે છતાંય મજબૂતી થી ટકવું એ અજાયબી નથી તો શું છે?

બાલ્કની ના ઝૂલામાં બેઠા બેઠા આકાશ તરફ નજર કરી ને ઊંડા ગહન વિચારો માં ડૂબી હતી ત્યાં અચાનક નજર સામે આકાશી તરલાનો લાંબો લિસોટો થયો ને સેકન્ડ માં ગાયબ થઈ ગયો.આ લિસોટા ને શોધવા મથી રહી હતી ત્યાં નારદજી ના સસ્મિત મુખ નું દર્શન થયું. નારદજી ને પૂછ્યું કે આકાશ ગંગા માં રહું કેતુ નો ગુરુ સાથે કે મૃગ શીર્ષ નક્ષત્ર રસ્તા નિરાંત ની નિંદ્રા માં પોઢ્યું છે એમાં ટ્રાફિક જામની સમસ્યાને લીધે ઝઘડા ના થયો છે કે શું? નારદજી એ સ્માઈલ કરતા કહ્યું કે દેવી,અમારે ત્યાં ઝઘડા ન થાય સીધા રણમેદાન માં મોટા મોટા યુદ્ધ થાય છે.બધા માં ઊડવાની શક્તિ એટલે રસ્તા ખાલી ખમ હોય છે.કીધું કે નારદજી લાગે છે કે આકાશ માં પણ પૃથ્વી પત્નીઓ માફક નક્ષત્રો પત્ની વચ્ચે તણખા ઝર્યા લાગે છે. નારદજી ખંધુ હસી ને બોલ્યા કે દેવી,"પતિ પત્ની" નામક સબંધ મનુષ્ય જીવન માંજ છે એટલે તો સ્વર્ગ,પૃથ્વી, આકાશ અને પાતાળ માટે અજાયબી છે. "ચાલો ને કીડી બાઈની જાનમાં.." ગીત માં ખુદ કીડી પોતાના પર બનેલ લગ્ન સોંગ થી આશ્ચર્ય માં છે. નારદજી તો એની વીણા ના નાદ માં નારાયણ.. નારાયણ.. નારાયણ નામનું રટણ કરતા કરતા આકાશ ગંગા માં અદશ્ય થઈ ગયા પરંતુ અચાનક મારા મગજ માં અભિનેત્રી સુલક્ષણા પંડિતની ફિલ્મ નું સોંગ યાદ આવ્યું.આ સોંગ ની પ્રત્યેક કડી ને ધ્યાન સાંભળતા જ જીવન ને મુઠ્ઠીમાં કેદ કરતું હોય એવું ફીલ થાય છે.આ સોંગ મારું ખૂબ ફેવરિટ છે

આદમી મુસાફિર હૈ આતા હૈ જતા હૈ,
આતે જાતે રસ્તે મેં યાદે છોડ જાતા હૈ

# હુમા કુરેશીના માતા-પિતાએ પ્રથમ ફિલ્મની ઑફરને 'દેહ વ્યાપાર રેકેટ' માન્યું હતું!



## 'ગેંગ્સ ઑફ વાસેપુર'થી ડેબ્યૂ કરનાર હુમા કુરેશીએ સંઘર્ષ અને સમજાવટની વાત કરી

મુંબઈ: ફિલ્મોથી લઈને ઓટીટી પ્લેટફોર્મ સુધી પોતાની એક અલગ જગ્યા બનાવનાર અભિનેત્રી હુમા કુરેશી એ તાજેતરમાં તેની પ્રથમ ફિલ્મની ઑફર પર તેના માતા-પિતાની પ્રતિક્રિયા વિશે એક મોટો ખુલાસો કર્યો છે. હાલમાં 'મહારાણી 4'માં જોવા મળેલી હુમાએ જણાવ્યું કે, તેના માતા-પિતાને લાગતું હતું કે આ કોઈ ફિલ્મી ઑફર નહીં પણ 'દેહ વ્યાપાર રેકેટ'નો એક ભાગ છે. વર્ષ 2012માં અનુરાગ કશ્યપની ગેંગસ્ટર ગાથા 'ગેંગ્સ ઑફ વાસેપુર' દ્વારા હુમા કુરેશીએ બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. તેમના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી, પરંતુ જ્યારે તેને પ્રથમ ફિલ્મની ઑફર મળી, ત્યારે તેના માતા-પિતાની પ્રતિક્રિયા અવિશ્વસનીય હતી. હુમા કુરેશીએ એક મીડિયા ઈન્ટરવ્યુમાં યાદ કરતાં કહ્યું કે, 'મારા માતા-પિતાએ તેના પર વિશ્વાસ ન કર્યો. તેઓને લાગ્યું કે કોઈ તમને શા માટે કાસ્ટ કરશે? મને લાગે છે કે આ સૌથી વધુ અસંસ્કારી વાત હતી જે તેમણે સાંભળી હતી. તેમને ખાતરી હતી કે આ કોઈ દેહ વ્યાપાર રેકેટ છે.' હુમાએ ઉમેર્યું કે તેના માતા-પિતા ફિલ્મ ઈન્ડસ્ટ્રીની રીતભાત વિશે વધુ સમજણ ધરાવતા નહોતા, જેના કારણે તેમને આ શંકા હતી. હુમાએ ખૂબ જ સમજાવટ અને આત્મવિશ્વાસ સાથે તેમને મનાવ્યા અને મુંબઈ આવીને ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું.

## બિહાર ચૂંટણી એક્ઝિટ પોલ પર નેહા શર્માની પ્રતિક્રિયા 'હું તેમાં વિશ્વાસ નથી કરતી'!

### કૉંગ્રેસના ઉમેદવાર પિતા અજીત શર્માના સમર્થનમાં પ્રચાર કરતી નેહાએ પરિણામની રાહ જોવા કહ્યું



પટના: બોલિવૂડ અભિનેત્રી નેહા શર્મા હાલમાં બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને ચર્ચામાં છે, કારણ કે તે કોંગ્રેસ પાર્ટી તરફથી ભાગલપુર બેઠક પર ચૂંટણી લડી રહેલા તેમના પિતા અજીત શર્મા માટે જોરશોરથી પ્રચાર કરી રહી હતી. 14 નવેમ્બરના રોજ ચૂંટણીના પરિણામો જાહેર થવાના છે, ત્યારે નેહા શર્માએ એક્ઝિટ પો પર પોતાની પ્રતિક્રિયા આપી છે. એક મીડિયા રિપોર્ટ સાથેની વાતચીતમાં નેહા શર્માએ જણાવ્યું કે, 'હું એક્ઝિટ પોલમાં વિશ્વાસ નથી કરતી, તો મને નથી ખબર. લોકોએ પોતાનો વોટ આપી દીધો છે, હવે જોઈએ કે શું થાય છે.' અભિનેત્રીનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે તે એક્ઝિટ પોલના અનુમાનો પર ધ્યાન આપવાને બદલે માત્ર વાસ્તવિક પરિણામો પર વિશ્વાસ રાખે છે. જ્યારે અભિનેત્રીને બિહાર ચૂંટણીમાં મહિલા મતદારોની વધેલી સંખ્યા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ખુશી વ્યક્ત કરી. નેહા શર્માએ કહ્યું, 'સારી વાત છે, મહિલાઓમાં જાગૃતિ વધી છે. મને લાગે છે કે બધી જ જનતામાં જાગૃતિ વધી છે. એટલે હું ખુશ છું કે લોકો વધુને વધુ જાગૃત થઈ રહ્યા છે, વોટિંગ ખૂબ જરૂરી છે અને આ એક ખૂબ સારી ફીલિંગ છે.' નેહા શર્માના પિતા અજીત શર્માની જીત-હાર હવે 14 નવેમ્બરના રોજ નક્કી થશે. અભિનેત્રી પોતાના પિતા માટે જી-જાનથી પ્રચાર કરીને પોતાની રાજકીય જવાબદારી નિભાવી ચૂકી છે, અને હવે તેને પરિણામની રાહ છે.

# દિગ્ગજ ધર્મેન્દ્ર મામલે કરણ જોહર ભડક્યા: 'પાપારાઝી, પરિવારને એકલો છોડી દો'!



મુંબઈ: બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર થોડા દિવસો પહેલા હોસ્પિટલમાં દાખલ હતા અને હવે તેઓ ઘરે પરત ફરી ચૂક્યા છે. જોકે, આ આખી પરિસ્થિતિ દરમિયાન પાપારાઝી દ્વારા દેઓલ પરિવારનો સતત પીછો કરવામાં આવતાં હવે જાણીતા ફિલ્મ નિર્માતા કરણ જોહર નો ગુસ્સો ભડક્યો છે. કરણ જોહરે પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી પોસ્ટ શેર કરીને પાપારાઝીને સખત શબ્દોમાં સલાહ આપી છે. કરણ જોહરે પોતાની પોસ્ટમાં લખ્યું, 'જ્યારે આપણા દિલમાં સંવેદના બચતી નથી, તો સમજી લો કે માણસ તરીકે આપણે ખતમ થઈ ચૂક્યા છીએ. મહેરબાની કરીને, પરિવારને એકલો છોડી દો. તે લોકો પહેલાથી જ ખૂબ જ ભાવનાત્મક દોરમાંથી પસાર થઈ રહ્યા છે. આ જોઈને દુ:ખ થાય છે કે જે દિગ્ગજ અભિનેતા (ધર્મેન્દ્ર) એ આપણા સિનેમામાં આટલું યોગદાન આપ્યું છે, તેમનો તમાશો બનાવીને રાખી દીધો.' તેમણે વધુમાં સ્પષ્ટતા કરતા કહ્યું, 'આ કવરેજ નથી, આ અપમાન છે.' કરણ જોહરના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ધર્મેન્દ્ર અને તેમના પરિવારની અંગત જિંદગીમાં સતત દખલગીરીથી તેમને કેટલી નારાજગી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ્યારે ધર્મેન્દ્રના સ્વાસ્થ્ય અંગેની ખોટી અફવાઓ સોશિયલ મીડિયા પર ફેલાઈ રહી હતી, ત્યારે તેમની પત્ની હેમા માલિનીએ પણ મીડિયા પર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# કથિત ગર્લફ્રેન્ડ લારિસાએ આર્યનને 'નંબર વન' ગણાવ્યો

જન્મદિવસની શુભકામના આપી



મુંબઈ: બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન અને ગૌરી ખાનના પુત્ર આર્યન ખાન એ બુધવારે તેનો 28મો જન્મદિવસ ઉજવ્યો. આ પ્રસંગે તેના મિત્રો, પરિવારજનો અને ચાહકો તરફથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો હતો, પરંતુ સૌથી વધુ ચર્ચા તેની કથિત ગર્લફ્રેન્ડ, મોડેલ અને અભિનેત્રી લારિસા બોનેસી ની હૃદયસ્પર્શી પોસ્ટની થઈ હતી. લારિસા બોનેસીએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આર્યન ખાન માટે એક મીઠો અને ભાવનાત્મક સંદેશ લખ્યો, જેમાં તેને 'નંબર વન' ગણાવ્યો. લારિસાએ લખ્યું, 'એકમાત્ર અને ફક્ત તમને જ જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ!! તમે આ બ્રહ્માંડ +1ના હકદાર છો. તમે જે ઈચ્છો તે બધું હાંસલ કરો. મને તમારા પર ખૂબ ગર્વ છે, અને હું હંમેશા તમારી સફળતા અને ખુશી માટે ચીયર કરતી રહીશ! તમે શ્રેષ્ઠ છો! તમે જ નંબર 1 છો!' આ મેસેજે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું કારણ કે આર્યને પણ આ પોસ્ટને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર રી-શેર કરી હતી, જેનાથી બંને વચ્ચેના સંબંધોની અટકળો વધુ મજબૂત બની હતી.

# અમાલ મલિકનો બિગ બોસ 19ના સ્પર્ધકો પર કટાક્ષ 'ગૌરવ, અશ્નૂર અને તાન્યા માત્ર પાત્ર ભજવે છે'!

## 'હું, શહેબાઝ અને ફરહાના જ અસલી', સિંગર અમાલ મલિકે બેબાક થઈને પોતાનો અભિપ્રાય આપ્યો : ખરાબ સંબંધો છતાં અમાલે ફરહાના ભટ્ટની પ્રામાણિકતાને બિરદાવી



મુંબઈ: બિગ બોસ 19 માં સિંગર અમાલ મલિક પોતાના સ્પષ્ટ અને બેબાક નિવેદનો માટે જાણીતા છે. શોના તાજેતરના પ્રોમોમાં તે કેટલાક સ્પર્ધકો પર કટાક્ષ કરતા જોવા મળ્યા હતા, જેમાં તેમની એક જૂની મિત્ર પણ સામેલ હતી. અમાલ મલિકે ખુલ્લેઆમ કહ્યું કે શોમાં ઘણા લોકો 'અસલી' નથી, પરંતુ માત્ર એક પાત્ર ભજવી રહ્યા છે. શહેબાઝ બાદશાહ સાથેની વાતચીતમાં અમાલ મલિકે કહ્યું, 'તમે, હું, ફરહાના અને કુનિકાજી અસલી છીએ. બાકીના લોકો માત્ર પાત્રો ભજવી રહ્યા છે.' આ સાથે જ તેણે કેટલાક સ્પર્ધકોને સીધા નિશાન બનાવ્યા. અમાલે કહ્યું, 'તાન્યાને મેં ટોકી છે, તેને અરીસો બતાવવામાં આવ્યો છે. ગૌરવ ખન્ના અને અશ્નૂર પણ ઈમેજ કોન્શસ છે.' આ રીતે, અમાલ મલિકે તાન્યા મિત્તલ, ગૌરવ ખન્ના અને અશ્નૂર કૌરને 'નકલી' ઈમેજ બનાવનારા સ્પર્ધકો તરીકે દર્શાવ્યા.

**ફરહાનાની પ્રશંસા...**રસપ્રદ વાત એ છે કે, ફરહાના ભટ્ટ સાથે અમાલ મલિકના સંબંધો બિગ બોસ 19 માં ક્યારેય સારા રહ્યા નથી. તેમ છતાં, અમાલ માને છે કે ફરહાના જેવી છે, તેવી જ પોતાને શોમાં બતાવે છે, અને આ વાતની તે પ્રશંસા કરે છે. શહેબાઝ બાદશાહે પણ અમાલની આ વાતમાં સહમતી દર્શાવી હતી. ઉલ્લેખનીય છે કે, આ અઠવાડિયે અચાનક થયેલા મિડ-વીક એલિમિનેશનમાં લોકપ્રિય સ્પર્ધક મૃદુલ તિવારીને ફિનાલેથી માત્ર ચાર અઠવાડિયા પહેલા શોમાંથી બહાર જવું પડ્યું હતું. હવે શોમાં ગૌરવ, શહેબાઝ, અશ્નૂર, તાન્યા, અમાલ, ફરહાના અને માલતી ચહર સહિતના સ્પર્ધકો બાકી રહ્યા છે.

# સુનીલ ગ્રોવર કપિલ શર્મા શોમાં જોડાયા તે પહેલા ડિપ્રેશનને કારણે હોસ્પિટલમાં હતા!



મુંબઈ: 'કપિલ શર્મા શો' માં પોતાના દમદાર પાત્રો દ્વારા ઘરે-ઘરે જાણીતા બનેલા અભિનેતા સુનીલ ગ્રોવર ને આ સફળતા ઘણા વર્ષોના સંઘર્ષ બાદ મળી છે. તાજેતરમાં, શોમાં 'બુઆ' નું પાત્ર ભજવનાર તેમની સહ-અભિનેત્રી ઉપાસના સિંહ એ સુનીલના જીવનના મુશ્કેલ સમયનો એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ઉપાસના સિંહે એક મીડિયા અહેવાલમાં જણાવ્યું કે, 2013 માં જ્યારે કપિલ શર્માનો શો શરૂ થયો, ત્યારે સુનીલ ગ્રોવરની માનસિક સ્થિતિ સારી નહોતી. ઉપાસનાએ પૂછ્યું ત્યારે સુનીલે જણાવ્યું કે તે ડિપ્રેશન ને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હતા અને તેમની પાસે ખાસ કામ પણ નહોતું. ઉપાસના સિંહે કહ્યું, 'જ્યારે તે શરૂઆતમાં આવ્યો, ત્યારે તે ધીમા સ્વરે બોલતો હતો. તેથી શોની ક્રિએટિવ ટીમ તેને કાઢી મૂકવા માંગતી હતી, કારણ કે તેમને લાગતું હતું કે તે અન્ય કલાકારો સાથે તાલમેલ નહીં મેળવી શકે.' જોકે, ઉપાસનાએ સુનીલનો બચાવ કર્યો અને ટીમને ખાતરી આપી કે તે ખૂબ જ સારો અભિનેતા છે અને તેને શોમાં રાખવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, સુનીલ ગ્રોવર અને કપિલ શર્માની જોડી 2017માં મેલબોર્નથી પરત ફરતી ફ્લાઈટમાં થયેલા કથિત ઝઘડા બાદ તૂટી ગઈ હતી. જોકે, કપિલ શર્માએ 2017 માં એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે સમસ્યા હતી, પરંતુ 'જૂતા ફેંકવા' અને 'ગેરવર્તણૂક' ની વાતો ડિજિટલ મીડિયાના એક ભાગમાં ઉપજાવી કાઢેલી અને અત્યંત અતિશયોક્તિભરી હતી. સુનીલ ગ્રોવરનો આ સંઘર્ષ સમય દર્શાવે છે.

## પાપારાઝીને 'ચૂપ' રહેવાનો આદેશ

# ચાહકોને ફોટો આપતા અર્જુન કપૂર પાપારાઝી પર ગુસ્સે થયા, અભિનેતા સોશિયલ મીડિયા પર ટ્રોલ!

મુંબઈ: બોલિવૂડ અભિનેતા અર્જુન કપૂર હાલમાં જ મુંબઈમાં એક ઈવેન્ટમાં જોવા મળ્યા હતા, જ્યાં તેમનો ગુસ્સો પાપારાઝી પર ઉતરી આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ, અભિનેતા ચાહકોને મહત્વ આપવા છતાં યુઝર્સ દ્વારા જોરદાર ટ્રોલિંગનો શિકાર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અર્જુન કપૂર ઈવેન્ટમાં ફોટો પડાવવા માટે તૈયાર હતા, તે દરમિયાન અચાનક કેટલાક ચાહકો તેમની સાથે ફોટો લેવા માટે આવી ગયા. ચાહકોને જોઈને પાપારાઝી બૂમો પાડવા લાગ્યા અને અર્જુન કપૂરથી દૂર હટવા માટે કહેવા લાગ્યા. પાપારાઝીની આ ચીસાચીસ જોઈને અર્જુન કપૂર નારાજ થઈ ગયા.વાયરલ વીડિયોમાં અર્જુન કપૂર ગુસ્સામાં પાપારાઝીને ચૂપ રહેવા માટે ઈશારો કરતા જોવા મળ્યા હતા. જોકે, તેમણે તરત જ ચાહકોને ફોટો આપ્યો અને તેમની સાથે તસવીર ખેંચાવી.

### ટ્રોલર્સે મજાક ઉડાવી

અર્જુન કપૂરે સારો પ્રયાસ કર્યો, તેમ છતાં તેમને યુઝર્સ દ્વારા ટ્રોલ કરવામાં આવ્યા. ટ્રોલિંગનું મુખ્ય કારણ એ હતું કે યુઝર્સ એવું માનવા તૈયાર નહોતા કે અર્જુન કપૂરના પણ ચાહકો હોઈ શકે! કેટલાક યુઝર્સે મજાક ઉડાવતા પૂછ્યું, 'શું ખરેખર અર્જુન કપૂરના ચાહકો છે?' અર્જુન કપૂર ભૂતકાળમાં પણ પોતાની ફિલ્મોની નિષ્ફળતા અને એક્ટિંગને લઈને ટ્રોલિંગનો શિકાર બની ચૂક્યા છે, અને આ નવો વીડિયો તેમના માટે ફરી એકવાર ટીકાનું કારણ બન્યો છે. આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે બોલિવૂડ કલાકારો અને સતત પીછો કરતા પાપારાઝી વચ્ચે તણાવની સ્થિતિ કેટલી સામાન્ય બની ગઈ છે.



યુઝર્સે મજાક ઉડાવીને કહ્યું 'શું અર્જુન કપૂરના પણ ચાહકો છે?', ટ્રોલિંગનો ભોગ બન્યા

# સની દેઓલે ધર્મેન્દ્રના જુહુ નિવાસ બહારથી મીડિયાને હટી જવા કહ્યું, પોલીસે સ્થિતિ સંભાળી!



મુંબઈ: બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે પરત ફર્યાના એક દિવસ બાદ, તેમના મોટા પુત્ર અને અભિનેતા સની દેઓલ) એ ગુરુવારે મોટો નિર્ણય લીધો. સની દેઓલે તેમના જુહુ નિવાસસ્થાન બહાર રાહ જોઈ રહેલા પાપારાઝી અને મીડિયાના સભ્યોને ત્યાંથી હટી જવા અને પરિવારની ગોપનીયતા નું સન્માન કરવા વિનંતી કરી હતી. શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ બાદ 89 વર્ષીય ધર્મેન્દ્રને શહેરની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને થોડા દિવસો પહેલા તેમને લાઈફ સપોર્ટ પર પણ રાખવામાં આવ્યા હતા. તેમની આગળની સારવાર હવે ઘરે જ ચાલુ રહેશે તેવું ડોક્ટરોએ જણાવ્યું હતું. સની દેઓલે ગુરુવારે સવારે તેમના જુહુ નિવાસ બહાર એકઠા થયેલા મીડિયાને સંબોધિત કર્યા અને ફિલ્મ સ્ટારના સ્વાસ્થ્ય અંગેના કોઈપણ અપડેટ માટે રાહ ન જોવા વિનંતી કરી. થોડા સમય બાદ, પોલીસે ધર્મેન્દ્રના ઘરની બહારથી મીડિયાના સભ્યોને હટાવી દીધા હતા. કહેવામાં આવ્યું છે કે, મીડિયાની સતત હાજરીને કારણે નજીકના રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

# લગ્નની ચર્ચા વચ્ચે રશ્મિકા મંદાનાએ વિજય દેવરકોન્ડાને પોતાના માટે 'નંબર વન' ગણાવ્યા!

## 'દ ગર્લફ્રેન્ડ'ની સફળતાની પાર્ટીમાં અભિનેત્રીએ વિજયનો હાથ ચૂમીને જાહેરમાં પ્રશંસા કરી : વિજય દેવરકોન્ડાએ રશ્મિકાની સ્ક્રિપ્ટ પસંદ કરવાની હિંમત પર ગૌરવ વ્યક્ત કર્યું, લગ્નની અફવાઓ તેજ

હૈદરાબાદ: સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય સ્ટાર્સ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોન્ડા ના લગ્નની ચર્ચાઓ હાલમાં બી-ટાઉનમાં ગરમાગરમ વિષય બની છે. આ દરમિયાન, રશ્મિકાની ફિલ્મ **'દ ગર્લફ્રેન્ડ'**ની સફળતાની પાર્ટી હૈદરાબાદમાં યોજાઈ, જેમાં વિજય દેવરકોન્ડા પણ પહોંચ્યા હતા. આ ઈવેન્ટમાં બંને વચ્ચે એક 'પ્રેમભર્યો મોમેન્ટ' જોવા મળ્યો, જ્યારે વિજયે રશ્મિકાના હાથને ચૂમી લીધો. આ ઈવેન્ટ દરમિયાન રશ્મિકા મંદાનાએ જાહેરમાં વિજય દેવરકોન્ડાની દિલ ખોલીને પ્રશંસા કરી. રશ્મિકાએ વિજયને પ્રેમથી 'વિજૂ' કહીને સંબોધ્યો. રશ્મિકાએ કહ્યું, 'વિજૂ, તમે શરૂઆતથી જ આ ફિલ્મનો ભાગ રહ્યા છો અને તમે ફિલ્મની સફળતાનો પણ એક ભાગ છો. તમે આ આખી સફરનો વ્યક્તિગત રીતે ભાગ રહ્યા છો. હું બસ આ જ આશા રાખું છું કે, દરેકના જીવનમાં એક વિજય દેવરકોન્ડા હોવો જોઈએ, કારણ કે તે એક આશીર્વાદ છે.' રશ્મિકાએ વિજયનું નામ લેતા જ ત્યાં હાજર લોકોએ જોરદાર તાળીઓ પાડી હતી. આ જ ઈવેન્ટનો એક વીડિયો વિજય દેવરકોન્ડાનો પણ સામે આવ્યો, જેમાં તે રશ્મિકાની પ્રશંસા કરતા જોવા મળ્યા. વિજયે કહ્યું, 'રશ્મિકા, મને તારા પર ગર્વ છે. આજે તું એક એવી છોકરી છે જે આવી સ્ક્રિપ્ટ પસંદ કરે છે. તારા કરિયરના શિખર પર આવી વાર્તા કહેવા માંગે છે, તેને પોતાનો સમય આપે છે. રશ્મિકા તારા આ સફર, તારી મહેનત અને તું જે પણ છે તેના પર મને ગર્વ છે.' છેલ્લા કેટલાક મહિનાથી બંનેની સગાઈ અને 26 ફેબ્રુઆરી 2026ના રોજ ઉદયપુરમાં લગ્નની અફવાઓ ચાલી રહી છે, જોકે બંને સ્ટાર્સે હજી સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. બંને એકબીજાની સફળતા પર ખુશી વ્યક્ત કરવાની કોઈ તક છોડતા નથી.



" છેલ્લા કેટલાક મહિનાથી બંનેની સગાઈ અને 26 ફેબ્રુઆરી 2026ના રોજ ઉદયપુરમાં લગ્નની અફવાઓ ચાલી રહી છે

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ઓસ્ટ્રેલિયાની ભાવિ કેપ્ટન? ફોબી લિચફિલ્ડે મેગ લેનિંગના દાવા પર આપ્યો સચોટ જવાબ!

● 21 વર્ષીય ઓપનરે કેપ્ટનશીપની તક મળે તો 'ઝડપી લેવા'ની વાત સ્વીકારી



સિડની

ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં ઉભરતી સ્ટાર ઓપનર ફોબી લિચફિલ્ડ એ ભૂતપૂર્વ કેપ્ટન મેગ લેનિંગ દ્વારા ભવિષ્યના સુકાની તરીકેના સમર્થનનું સ્વાગત કર્યું છે. લિચફિલ્ડે સ્વીકાર્યું છે કે જો ક્યારેય તક મળશે, તો તે ચોક્કસપણે આ ભૂમિકા નિભાવશે. બે વખત વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન મેગ લેનિંગે તાજેતરમાં ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની સેમિ-ફાઈનલમાં ભારત સામે ઓસ્ટ્રેલિયાની હાર બાદ ટિપ્પણી કરી હતી કે, જ્યારે અનુભવી વિકેટકીપર એલિસા હીલી ટોચના પદ પરથી રાજીનામું આપશે, ત્યારે લિચફિલ્ડ તેના માટે આદર્શ ઉત્તરાધિકારી સાબિત થશે. લેનિંગે એવો પણ સંકેત આપ્યો હતો કે લિચફિલ્ડમાં આગામી પેઢીનું માર્ગદર્શન કરવાના નેતૃત્વના ગુણો છે. વર્લ્ડ કપની નિરાશાને ભૂલીને ઓસ્ટ્રેલિયા હવે ઘરેલુ મેદાન પર ભારત સામેની આગામી મલ્ટી-ફોર્મેટ સિરીઝમાં બદલો લેવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ફેબ્રુઆરી 15 થી શરૂ થનારી આ સિરીઝમાં બંને ટીમો ત્રણ T20I અને ત્રણ ODI રમશે, ત્યારબાદ પર્થમાં એકમાત્ર ટેસ્ટ મેચ રમાશે.

### 'તક મળશે તો બંને હાથથી ઝડપી લઈશ': લિચફિલ્ડ

લેનિંગના આ વખાણથી પોતે ખુશ છે, પરંતુ થોડી નર્વસ પણ છે તેમ સ્વીકારતા, લિચફિલ્ડે જણાવ્યું કે જો તક ઊભી થશે તો તે આ ભૂમિકા સ્વીકારવામાં જરાય અચકાશે નહીં. ધ ICC રિવ્યૂ પર વાતચીત દરમિયાન લિચફિલ્ડે કહ્યું, "હું અમારી ટીમ તરફ જોઉં છું, તો તેમાં ઘણા કુદરતી નેતાઓ છે, હું ફક્ત તેમની પાસેથી શીખું છું. અને જો તે દિવસ આવશે, તો હું ચોક્કસપણે તેને બંને હાથથી ઝડપી લઈશ." તેમણે ઉમેર્યું કે, "હું તમને ખાતરી આપી શકું છું કે, એશ ગાર્ડનર), સોફી મોલિન્યુક્સ, એનાબેલ સધરલેન્ડ, તાહલિયા મેકગ્રા) જેવા સુંદર નેતાઓનો એક અદ્ભુત સમૂહ અમારી પાસે છે, અને હું ફક્ત તેમને આદર્શ માનું છું. તેથી જો મને ક્યારેય સુકાન મળે (એક દિવસ), તો તે તેમના કારણે જ હશે." લિચફિલ્ડ પાસે પહેલેથી જ કેપ્ટનશીપનો અનુભવ છે, તેણે વુમન્સ બિગ બૅશ લીગમાં સિડની થંડરનું નેતૃત્વ કર્યું છે.

## સુરક્ષાને પગલે T20I ટ્રાઈ-સિરીઝનો કાર્યક્રમ બદલાયો શ્રીલંકા, ઝિમ્બાબ્વેની મેચો હવે રાવલપિંડીમાં!

ઈસ્લામાબાદ: ઈસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ બાદ ઊભી થયેલી સુરક્ષા ચિંતાને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામેની આગામી T20I ટ્રાઈ-સિરીઝના કાર્યક્રમમાં મોટો ફેરફાર કર્યો છે. સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં PCB એ આ સિરીઝની તારીખો બદલી નાખી છે અને તમામ મેચોનું આયોજન હવે ફક્ત રાવલપિંડીમાં જ કરવાનો નિર્ણય લીધો છે. અગાઉ આ ટ્રાઈ-સિરીઝ નવેમ્બર 17 થી શરૂ થવાની હતી, પરંતુ હવે તે નવેમ્બર 18 થી શરૂ થશે. મૂળ કાર્યક્રમમાં લાહોરમાં પાંચ મેચો યોજાવાની હતી, જેમાં 29 નવેમ્બરની ફાઈનલનો પણ સમાવેશ થતો હતો. જોકે, PCB એ શ્રીલંકા ક્રિકેટ (SLC) અને ઝિમ્બાબ્વે ક્રિકેટ (ZC) સાથે પરામર્શ કરીને સુરક્ષા કારણોસર સ્થળ અને તારીખોમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. PCB એ એક નિવેદનમાં જણાવ્યું કે, 'ઓપરેશનલ અને મેચની જરૂરિયાતોને સમાયોજિત કરવા માટે, શ્રીલંકા ક્રિકેટ (SLC) અને ઝિમ્બાબ્વે ક્રિકેટ (ZC) સાથે પરસ્પર ચર્ચા કર્યા પછી શેડ્યૂલમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.' આ પહેલા ઈસ્લામાબાદમાં થયેલા આતંકી હુમલામાં 12 લોકોના મોત થયા બાદ શ્રીલંકન ટીમના આઠ ખેલાડીઓએ પ્રવાસ ચાલુ રાખવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી



લક્ષ્ય સેનનું જોરદાર પ્રદર્શન...કુમામોટો માસ્ટર્સમાં લક્ષ્ય સેનનો દબદબો: 7મી ક્રમાંકિત ખેલાડીની શાનદાર રમત!, સીધા ગેમમાં વિજય મેળવ્યો!

# લક્ષ્યનો જાપાન માસ્ટર્સની ક્વાર્ટર ફાઈનલમાં શાનદાર પ્રવેશ!

● વિશ્વના 15મા ક્રમના લક્ષ્યનો હવે ક્વાર્ટર ફાઈનલમાં પૂર્વ ચેમ્પિયન સામે ટકરાશે
● પહેલા સેટમાં 14-13 બાદ લક્ષ્યે સતત સાત પોઈન્ટ મેળવી વિજય સુનિશ્ચિત કર્યો

**સેને માત્ર 39 મિનિટમાં સિંગાપોરના જિયા હેંગ જેસન ટેહને હરાવ્યો**

કુમામોટો

ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેન એ ગુરુવારે કુમામોટો માસ્ટર્સ જાપાનની મેન્સ સિંગલ્સ સ્પર્ધામાં જોરદાર પ્રદર્શન કરીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. વિશ્વના 15મા ક્રમાંકિત અને અહીં 7મો ક્રમાંક ધરાવતા સેને સિંગાપોરના વિશ્વ નંબર 20 જિયા હેંગ જેસન ટેહને સીધી ગેમમાં પરાજય આપ્યો. 2021 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતનાર લક્ષ્ય સેને માત્ર 39 મિનિટ ચાલેલા આ મુકાબલામાં ટેહને 21-13, 21-11 ના સ્કોરથી હરાવ્યો. પ્રથમ ગેમની શરૂઆતમાં લક્ષ્ય સેન 8-5ની લીડ સાથે આગળ હતો. જોકે, ટેહ સંક્ષિપ્તમાં 10-9ની પાતળી સરસાઈ મેળવવામાં સફળ રહ્યો, પરંતુ બ્રેક સુધીમાં ભારતીય ખેલાડી ફરી લીડ પર આવી ગયો. 14-13 સુધી બંને વચ્ચે જોરદાર ટક્કર ચાલી, પરંતુ ત્યારબાદ લક્ષ્ય સેને સતત સાત પોઈન્ટ મેળવીને પ્રથમ સેટ આરામથી જીતી લીધો. બીજા સેટમાં લક્ષ્ય સેન વધુ પ્રભાવશાળી જોવા મળ્યો. તેણે શરૂઆતમાં જ 5-0ની લીડ લીધી અને ઈન્ટરવલ સુધીમાં 11-3ની મજબૂત લીડ મેળવીને પોતાના પ્રતિસ્પર્ધીની જીતની આશા પર સંપૂર્ણપણે પાણી ફેરવી દીધું. લક્ષ્ય સેન અંત સુધી સ્થિર રહ્યો અને સરળતાથી મેચ પૂરી કરી.

### હવે ક્વાર્ટર ફાઈનલમાં પૂર્વ ચેમ્પિયન સામે ટક્કર



ક્વાર્ટર ફાઈનલમાં વિશ્વના 15મા ક્રમના લક્ષ્ય સેનનો મુકાબલો સિંગાપોરના પૂર્વ વિશ્વ ચેમ્પિયન લોહ કીન યેવ સામે થશે. આ એક રસપ્રદ મેચ બની રહેવાની અપેક્ષા છે. દિવસની અન્ય મેચોમાં, ભારતના અન્ય સ્ટાર શટલર એચએસ પ્રણય (HS Prannoy) પછીથી ડેનમાર્કના રાસ્મસ જેમકે સામે ટકરાશે. ભારતીય શટલરોનું આ પ્રદર્શન દેશની બેડમિન્ટન આશાને મજબૂત કરે છે.

યુનાઈટેડ કપમાં યુએસએ અને પોલેન્ડ વચ્ચે ફરી ટક્કર

## કોકો ગૌફ સામે ઇગા શ્વિઆટેક બદલો લેવા તૈયાર!



સિડની: ઓસ્ટ્રેલિયન ઓપન પહેલા રમાતી સિઝન-ઓપનિંગ ATP-WTA ઈવેન્ટ, યુનાઈટેડ કપ મિક્સડ ટીમ્સ ટેનિસ ટૂર્નામેન્ટમાં આ વર્ષે જબરદસ્ત મુકાબલો જોવા મળશે. ટૂર્નામેન્ટના આયોજકોએ ગુરુવારે જાહેરાત કરી કે, ડિફેન્ડિંગ ચેમ્પિયન યુનાઈટેડ સ્ટેટ્સની ટીમનું નેતૃત્વ વિશ્વ નંબર 3 કોકો ગૌફ અને છઠ્ઠા ક્રમનો ટેલર ફ્રિટ્ઝ કરશે, જ્યારે વિશ્વ નંબર 2 ઈગા શ્વિઆટેક પોલેન્ડની બદલો લેવાની શોધનું નેતૃત્વ કરશે. ગયા જાન્યુઆરીમાં, ગૌફ અને ફ્રિટ્ઝે પોલેન્ડને હરાવીને ટાઈટલ જીત્યું હતું. તે સમયે ગૌફે નિર્ણાયક મેચમાં શ્વિઆટેકને હરાવી હતી, જ્યારે ફ્રિટ્ઝે હુબર્ટ હુરકાઝને પરાજય આપ્યો હતો, જે આ વર્ષે પણ પોલેન્ડની ટીમમાં પાછો ફરી રહ્યો છે. આ વર્ષે ફરી આ બંને ટીમો વચ્ચે રોમાંચક ટક્કર થવાની પૂરી સંભાવના છે. આ જાન્યુઆરી 2 થી 11 દરમિયાન સિડની અને પર્થમાં યોજાનારી ટુર્નામેન્ટમાં 18 દેશોની ટીમો ભાગ લેશે. ટૂર્નામેન્ટના ડિરેક્ટર સ્ટીફન ફેરોએ જણાવ્યું કે, 'આ ઉનાળા માટે યુનાઈટેડ કપની એન્ટ્રી લિસ્ટ વિશ્વ કક્ષાની છે.' ટોચના ખેલાડીઓ: વિશ્વના ટોચના 10 પુરુષ ખેલાડીઓમાંથી પાંચ અને ટોચની 10 મહિલા ખેલાડીઓમાંથી ચાર આ સ્પર્ધામાં જોડાવા માટે સાઈન અપ થયા છે.

ATP ફાઈનલ્સ

**શેલ્ટનને 4-6, 7-6, 7-5 થી હરાવી સેમિ-ફાઈનલની આશા જીવંત રાખી!**

# લડાયક પ્રદર્શન : ATP ફાઈનલ્સમાં ફેલિક્સ ઓગર-અલિયાસિમે બેન શેલ્ટનને મહાત આપી

કેનેડિયન ખેલાડીએ ટૂંકાગાળાના ફોર્મેટમાં બીજી ઐતિહાસિક જીત મેળવી

તુરીન

ATP ફાઈનલ્સમાં બુધવારે રમાયેલી એક રોમાંચક ગ્રુપ મેચમાં કેનેડાના ફેલિક્સ ઓગર-અલિયાસિમે (લડાયક પ્રદર્શન કરીને અમેરિકાના યુવા ખેલાડી બેન શેલ્ટનને 4-6, 7-6 (9/7), 7-5 થી હરાવીને ટૂર્નામેન્ટમાં પોતાનું પ્રથમ ખાતું ખોલાવ્યું છે. આ જીત સાથે, અલિયાસિમે સેમિ-ફાઈનલમાં પહોંચવાની પોતાની આશા જીવંત રાખી છે. આ જીત 'બજોર્ન બોર્ગ ગ્રુપ' માટે ઘણી મહત્વની સાબિત થઈ, કારણ કે આ મેચ બાદ જો વર્લ્ડ નંબર વન જાનિક સિનર બાદમાં એલેક્ઝાન્ડર ઝવેરેવને હરાવશે, તો તે સ્થાનિક સમર્થકોની સામે સીધો જ સેમિ-ફાઈનલ માટે ક્વોલિફાય થઈ જશે.

**યુવા ખેલાડી શેલ્ટન બંને મેચ હારી ગયો, પરંતુ હજુ પણ રેસમાંથી બહાર નથી**

**શેલ્ટનને હવે છેલ્લી ગ્રુપ મેચમાં વિશ્વના નંબર વન સિનરનો સામનો કરવો પડશે**

### અલિયાસિમનું આક્રમક વલણ



25 વર્ષીય અલિયાસિમે તેની પ્રથમ મેચમાં સિનર સામેની હારમાં અસરગ્રસ્ત થયેલી પગની ઈજામાંથી સ્વસ્થ થઈને આ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે સ્વીકાર્યું કે 'ખૂબ જ આક્રમક' રમતનું પ્રદર્શન કર્યું, અને તેના બેકહેન્ડ અને ફોરહેન્ડ પર શક્તિશાળી શોટ ફટકાર્યા. અલિયાસિમની સર્વિસ ગેમ પ્રભાવશાળી રહી, જેમાં તેણે નવ એસ ફટકાર્યા હતા. મેચમાં નિયંત્રણ શેલ્ટન પાસે હોય તેવું લાગી રહ્યું હતું, જ્યારે તેણે પ્રથમ સેટ જીત્યો હતો. પરંતુ અલિયાસિમે સંઘર્ષ કરીને બીજા સેટને ટાઈ-બ્રેકમાં જીત્યો, જ્યાં શેલ્ટને ત્રણ સેટ પોઈન્ટ બચાવ્યા છતાં અંતે ડબલ-ફોલ્ટ સાથે સેટ ગુમાવ્યો. ત્રીજા અને નિર્ણાયક સેટમાં અલિયાસિમે ત્રીજી વાર બ્રેક પોઈન્ટ જીતીને મેચ પોતાના નામે કરી.

### શેલ્ટન માટે શીખવાનો તબક્કો

બીજી મેચ હારવા છતાં શેલ્ટન હજી પણ સેમિ-ફાઈનલની રેસમાંથી બહાર નથી. જોકે, તેણે સ્વીકાર્યું કે આ મોટી ટુર્નામેન્ટમાં તે નિરાશ છે, પરંતુ 'જ્યાં પણ તમે જાઓ છો ત્યાં શીખવાનો એક વળાંક હોય છે. અલગ ટૂર્નામેન્ટ, અલગ વાતાવરણ, અલગ ફોર્મેટ, અને વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સામે રમવાનો અનુભવ.' હવે અલિયાસિમ શુક્રવારે નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશવાની તક સાથે ઝવેરેવનો સામનો કરશે. જ્યારે શેલ્ટનને તેની છેલ્લી ગ્રુપ મેચમાં વિશ્વના નંબર વન સિનરનો સામનો કરવો પડશે.

**અલિયાસિમ હવે શુક્રવારે ઝવેરેવ સામે નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશવા માટે ટકરાશે, શેલ્ટન માટે હવે સિનર સામેની મેચ મહત્વની**

## જાનિક સિનરનો દબદબો

# ATP ફાઈનલ્સમાં એલેક્ઝાન્ડર ઝવેરેવને સીધા સેટમાં હરાવી સેમિ-ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો!

● વર્લ્ડ નંબર વન સિનરે 'બજોર્ન બોર્ગ ગ્રુપ'માં એક મેચ બાકી રહેતા ક્વોલિફાય કર્યું, તુરીનમાં જીતનો જશ્ન



તુરીન (ઇટાલી): ATP ફાઈનલ્સમાં વર્લ્ડ નંબર વન અને ટાઈટલ ડિફેન્ડર જાનિક સિનર નું શાનદાર પ્રદર્શન યથાવત રહ્યું છે. બુધવારે રમાયેલી ગ્રુપ મેચમાં સિનરે તેના પ્રતિસ્પર્ધી એલેક્ઝાન્ડર ઝવેરેવ ને 6-4, 6-3 ના સ્કોરથી હરાવીને 'બજોર્ન બોર્ગ ગ્રુપ'માંથી એક મેચ બાકી રહેતા સેમિ-ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. તુરીનના દર્શકો સામે રમતા 24 વર્ષીય સિનરે ભલે મેચની શરૂઆતમાં હાથની સમસ્યા સાથે સંઘર્ષ કર્યો હોય, પરંતુ તેની પાસે ઝવેરેવને હરાવવા માટે પૂરતું દમ હતું. સિનરની આ ચાર વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સામે સતત પાંચમી જીત હતી.

### સિનરનો દબદબો અને ઝવેરેવની હતાશા

સિનરે તેની સર્વિસ પર આક્રમક રમત બતાવી, જેમાં 12 એસનો સમાવેશ થતો હતો. પ્રથમ સેટમાં 4-4 ના સ્કોર પર સિનરે મળેલી ત્રીજી બ્રેક પોઈન્ટની તકનો ફાયદો ઉઠાવી સેટ પોતાના નામે કર્યો, અને ત્યાર પછી તેણે પાછળ ફરીને જોયું નથી. બીજી તરફ, ઝવેરેવ આખો સમય કોર્ટ પર હતાશ જોવા મળ્યો હતો. તેણે મેચમાં મળેલી તેની સાત બ્રેક પોઈન્ટની તકો માંથી એક પણ તકને ગોલમાં ફેરવી શક્યો નહોતો. સેમિ-ફાઈનલમાં સ્થાન મેળવવા માટે ઝવેરેવે આ મેચ સીધા સેટમાં જીતવી જરૂરી હતી, પરંતુ હવે તેને શુક્રવારે તેની છેલ્લી ગ્રુપ મેચમાં ફેલિક્સ ઓગર-અલિયાસિમને હરાવવો પડશે. હતાશ ઝવેરેવે મેચ બાદ કહ્યું, 'જુઓ, હું તેને ફરીથી જોવા માંગુ છું - તે એટલું જ સરળ છે - આ અઠવાડિયે. તે અણનમ નથી. મને ઘણી તકો મળી. તેને એક મળી, તેણે તકનો ઉપયોગ કર્યો. તેથી જ તે વિશ્વનો નંબર વન છે, ખબર છે? તેને મળેલી તકોનો તે ઉપયોગ કરે છે.'

આયર્લેન્ડ સામેની મેચ: ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કહ્યું `મારા માટે બૂમો પાડો ', ખેલાડીઓ પરનું દબાણ ઘટાડવાનો પ્લાન!

# પોર્ટુગીઝ સુપરસ્ટારનો રમુજી જવાબ: વર્લ્ડ કપ ફાઈનલમાં 1000મો ગોલ 'વધારે પડતી ફિલ્મો' જેવો છે



ડબલિન

પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગુરુવારે ડબલિનમાં આયર્લેન્ડ સામે રમાનારી મહત્વપૂર્ણ વર્લ્ડ કપ ક્વોલિફાયર મેચ પહેલા એક આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે. રોનાલ્ડોએ કહ્યું કે તે ઈચ્છે છે કે આયર્લેન્ડના ચાહકો મેચ દરમિયાન તેને બૂમ પાડે. બુધવારે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં પાંચ વખતના બેલોન ડી'ઓર વિજેતા રોનાલ્ડોએ જણાવ્યું હતું કે, "સ્ટેડિયમ મને બૂમ પાડશે, મને તેની આદત છે, હું ચોક્કસપણે ઈચ્છું છું કે તેઓ આમ કરે - કદાચ તેનાથી અન્ય ખેલાડીઓ પરનું દબાણ ઘટશે." પોર્ટુગલ હાલમાં ક્વોલિફાઈંગ ગ્રુપ F માં પાંચ પોઈન્ટની મજબૂત લીડ સાથે ટોચ પર છે અને જો ગુરુવારની મેચમાં વિજય મેળવશે તો 2026ના વર્લ્ડ કપ ફાઈનલ્સ માટે ક્વોલિફાય થઈ જશે.

### 1000 ગોલ અને નિવૃત્તિ પર સ્પષ્ટતા

40 વર્ષીય રોનાલ્ડોને જ્યારે વર્લ્ડ કપ ફાઈનલમાં તેની કારકિર્દીનો 1000મો ગોલ ફટકારવાની શક્યતા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તે હસી પડ્યો અને કહ્યું, 'તમે વધારે પડતી ફિલ્મો જોઈ છે, તે બહુ પરફેક્ટ હશે.' રોનાલ્ડો હાલમાં 953 ગોલ સાથે 1000 ગોલના માઈલસ્ટોનથી માત્ર 47 ગોલ દૂર છે. તે 143 ગોલ સાથે પુરુષોના આંતરરાષ્ટ્રીય ગોલ સ્કોરર્સમાં પણ અગ્રણી છે. પોતાના વ્યક્તિગત લક્ષ્યો વિશે વાત કરતાં તેણે કહ્યું: 'આ બધા આંકડા મને ખુશ કરે છે. રાષ્ટ્રીય ટીમ ક્યારેય એક ખેલાડી પર નિર્ભર નથી હોતી, પરંતુ મને ગોલ કરીને ફરક પાડવો ગમે છે.' જોકે, અગાઉ તેણે 2026નો વર્લ્ડ કપ તેની છેલ્લી મોટી ટૂર્નામેન્ટ હશે તેવું જણાવ્યું હતું, પરંતુ બુધવારે તેણે તેના ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ટીમના ક્વોલિફાય થવાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું. રોનાલ્ડોએ કહ્યું, 'પુનરાવર્તિત થવાનો અને ધ્યાન ગુમાવવાનો કોઈ અર્થ નથી... કદાચ પછીથી હું વધુ ઈન્ટરવ્યુ આપીશ અને મારા ભવિષ્ય વિશે સ્પષ્ટપણે વાત કરીશ, પરંતુ પોર્ટુગલ પાસે અન્ય ફાઈનલ્સમાં પહોંચવાની વધુ એક તક છે.' રોનાલ્ડોનું આ નિવેદન દર્શાવે છે કે તે તેના પાંચમા વર્લ્ડ કપની તૈયારી કરી રહ્યો છે અને ટીમ પરનું દબાણ ઘટાડવા માટે તે કેન્દ્રબિંદુ બનવા તૈયાર છે.

**જીત મેળવી પોર્ટુગલ 2026ના વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવા માટે તૈયાર, રોનાલ્ડોનું ફોકસ ટીમ પર**

શુક્રવારે ફરી બંને ટીમો ટકરાશે // કરીએ બીજા હાફમાં 29 પોઈન્ટ સાથે ટીમને જીત તરફ દોરી

# સ્ટીફન કરીના 46 પોઈન્ટ્સના જબરદસ્ત દેખાવથી ગોલ્ડન સ્ટેટ વોરિયર્સે સાન એન્ટોનિયો સ્પર્સને 125-120 થી હરાવ્યું!

*વિક્ટર વેમ્બનયામા અને સ્ટીફન કાસ્ટલની ટ્રિપલ-ડબલની જોડી છતાં સ્પર્સનો ઘરઆંગણે પ્રથમ પરાજય...*



સાન એન્ટોનિયો

NBA માં બુધવારની રાત્રે રમાયેલી એક રોમાંચક મેચમાં, ગોલ્ડન સ્ટેટ વોરિયર્સે તેના સુપરસ્ટાર ખેલાડી સ્ટીફન કરી ના આક્રમક પ્રદર્શનની મદદથી સાન એન્ટોનિયો સ્પર્સને 125-120 ના સ્કોરથી હરાવ્યું હતું. કરીનો આ પ્રદર્શન એટલા માટે પણ ખાસ છે કારણ કે સ્પર્સના યુવા ખેલાડીઓ વિક્ટર વેમ્બનયામા અને સ્ટીફન કાસ્ટલ એ મેચમાં ટ્રિપલ-ડબલ નોંધાવ્યું હતું. મેચના પ્રથમ બે ક્વાર્ટરમાં વોરિયર્સ 16 પોઈન્ટની મોટી લીડથી પાછળ હતા, પરંતુ બીજા હાફમાં સ્ટીફન કરીનો જાદુ ચાલ્યો. કરી એ બીજા હાફમાં જ 29 પોઈન્ટ ફટકાર્યા હતા, જેના કારણે વોરિયર્સે સ્પર્સને છેલ્લા બે ક્વાર્ટરમાં 76-64 થી પછાડ્યું. ખાસ કરીને, ત્રીજા ક્વાર્ટરમાં કરી એ 22 પોઈન્ટ બનાવ્યા હતા, જેમાં 9 માંથી 5 થ્રી-પોઈન્ટર અને તમામ 9 ફ્રી-થ્રો સફળ રહ્યા હતા. આ પ્રદર્શનના કારણે ગોલ્ડન સ્ટેટને પ્રથમ ક્વાર્ટરની શરૂઆતની મિનિટો પછી પહેલીવાર લીડ મળી હતી. જીમી બટલરે 28 પોઈન્ટ અને આઠ આસિસ્ટ સાથે કરીનો સારો સાથ આપ્યો હતો, જ્યારે મોસેસ મૂડીએ પણ 19 પોઈન્ટનું યોગદાન આપ્યું હતું.

### વેમ્બનયામા અને કાસ્ટલનો ઐતિહાસિક દેખાવ

હાર છતાં, સાન એન્ટોનિયો સ્પર્સના યુવા ખેલાડીઓએ ઈતિહાસ રચ્યો. વિક્ટર વેમ્બનયામાએ 31 પોઈન્ટ્સ, 14 રીબાઉન્ડ્સ અને 10 આસિસ્ટ સાથે તેની કારકિર્દીનો ચોથો ટ્રિપલ-ડબલ નોંધાવ્યો. જોકે, તેના સાથી ખેલાડી સ્ટીફન કાસ્ટલ પણ 23 પોઈન્ટ્સ, 10 રીબાઉન્ડ્સ અને 10 આસિસ્ટ સાથે ટ્રિપલ-ડબલ કરવામાં સફળ રહ્યો. આ બંને સ્પર્સના ઈતિહાસમાં એક જ મેચમાં ટ્રિપલ-ડબલ નોંધાવનાર પ્રથમ ટીમમેટ બન્યા છે. વેમ્બનયામાએ પહેલા ક્વાર્ટરમાં ડ્રેમન્ડ ગ્રીનના 25 ફૂટના થ્રી-પોઈન્ટ પ્રયાસને બ્લોક કરીને બધાને ચોંકાવી દીધા હતા. આ બ્લોક સાથે, વેમ્બનયામાએ સતત 96 મેચોમાં ઓછામાં ઓછો એક બ્લોક કરવાની પોતાની શ્રેણીને લંબાવી હતી. આ હાર સાન એન્ટોનિયો સ્પર્સની આ સિઝનની ઘરઆંગણે પ્રથમ હાર છે, જેણે આ મેચ પહેલા સતત ત્રણ જીત મેળવી હતી.

# IPL 2026 નો સૌથી મોટો ટ્રેડ લીક? આર. અશ્વિને 'મુંબઈ ઈન્ડિયન્સ' પર કર્યો ધમાકો!

**શાર્દુલ મુંબઈ ઈન્ડિયન્સમાં ટ્રેડ થયો? આર. અશ્વિને ભૂલથી કરી નાખી પુષ્ટિ!**



મુંબઈ

IPL 2026ની રીટેન્શન ડેડલાઇન નજીક આવી રહી છે, ત્યારે ફ્રેન્ચાઈઝીઓ વચ્ચેના ખેલાડીઓના ટ્રેડની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ દરમિયાન, ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સ્પિનર આર. અશ્વિન એ ભૂલથી ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુર ને મુંબઈ ઈન્ડિયન્સ (MI) માં ટ્રેડ કરવામાં આવ્યો હોવાની પુષ્ટિ કરી દીધી છે. અગાઉ મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે, IPL ટ્રેડ વિન્ડોની ડેડલાઈન પહેલા MI અને લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) બે ખેલાડીઓ - શાર્દુલ અને અર્જુન તેંડુલકરને લઈને વાતચીત કરી રહ્યા છે. અહેવાલો મુજબ, આ કોઈ સ્વૅપ ડીલ નહીં હોય, પરંતુ બંને ફ્રેન્ચાઈઝી વચ્ચે વ્યક્તિગત રોકડમાં કરાર થશે. અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ 'Ash ki Baat' પર વાતચીત દરમિયાન આ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. જોકે, પાછળથી આ ભાગને વીડિયોમાંથી ડિલીટ કરી દેવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં આ સમાચાર લીક થઈ ચૂક્યા હતા.

### શાર્દુલનું પ્રદર્શન અને મુંબઈનો નવો પ્લાન

શાર્દુલ ઠાકુર IPL 2025ના મેગા ઓક્શનમાં વણવેચાયેલો રહ્યો હતો, પરંતુ બાદમાં મોહસીન ખાનની ઈજાને કારણે તેને રિપ્લેસમેન્ટ પ્લેયર તરીકે LSG દ્વારા સાઈન કરવામાં આવ્યો હતો. આ અનુભવી ઓલરાઉન્ડરે સિઝનની શરૂઆત સારી કરી હતી અને પ્રથમ બે મેચમાં છ વિકેટ ઝડપી હતી, પરંતુ તે ગતિ જાળવી શક્યો નહોતો અને 10 મેચમાં 13 વિકેટ સાથે સિઝન પૂરી કરી હતી. શાર્દુલે આ વર્ષની શરૂઆતમાં મેગા ઓક્શનમાં કોઈપણ ટીમ દ્વારા ન ખરીદાવા અંગે વાત કરી હતી કે, 'મને લાગે છે કે ક્રિકેટમાં આ બધી બાબતો થતી રહે છે. હરાજીમાં મારો ખરાબ દિવસ હતો. બોલરોની ઈજાને કારણે LSG એ મારો સંપર્ક કર્યો હતો.' અર્જુન તેંડુલકર અંગે વાત કરીએ તો, IPL 2025ના મેગા ઓક્શનમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે તેને 30 લાખની મૂળ કિંમતે પરત લીધો હતો, જોકે 2023માં ડેબ્યૂ કર્યા બાદ તે 5 મેચમાં માત્ર 3 વિકેટ જ લઈ શક્યો છે. શાર્દુલનો ટ્રેડ કન્ફર્મ થતાં હવે અર્જુન તેંડુલકરના IPL ભાવિ અંગે સસ્પેન્સ વધી ગયું છે.

**ઝેલેન્સ્કી ભ્રષ્ટાચાર કૌભાંડ:** પ્રમુખ પદના વચનો: યુક્રેનિયનોનું માનવું છે કે ઝેલેન્સ્કીએ ઓછા કે કોઈ વચનો પૂરા કર્યા નથી

# ભૂતપૂર્વ ભાગીદાર પર 10 કરોડ ડોલરની લાંચનો આરોપ

(એજન્સી) કિવ । તા. 13

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી તેમના છ વર્ષના કાર્યકાળના સૌથી મોટા ઝેલેન્સ્કી ભ્રષ્ટાચાર કૌભાંડનો સામનો કરી રહ્યા છે, કારણ કે તેમના ભૂતપૂર્વ બિઝનેસ પાર્ટનર પર લાખો ડોલરની લાંચ યોજનાનું નેતૃત્વ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કિવ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, આ કેસમાં ઝેલેન્સ્કીના લાંબા સમયના સહયોગી અને તેમની ભૂતપૂર્વ મનોરંજન કંપની 'ક્વાર્ટલ ૯૫' ના સહ-માલિક તિમુર મિન્ડિચની સંડોવણી છે.

યુક્રેનની નેશનલ એન્ટી-કરપ્શન બ્યુરો (NABU) એ જણાવ્યું છે કે તિમુર મિન્ડિચ એક એવા જૂથનું નેતૃત્વ કરી રહ્યા હતા, જેણે એક સરકારી માલિકીની ઉર્જા કંપનીના કોન્ટ્રાક્ટરો પાસેથી લગભગ ૧૦ કરોડ યુએસ ડોલરની લાંચ અને કિકબેક મેળવી હતી, જેના બદલામાં તેમના વ્યવસાયિક સોદાઓને સુરક્ષા આપવામાં આવી હતી. જોકે, ઔપચારિક રીતે આરોપો મૂકવામાં આવે તે પહેલાં જ મિન્ડિચ યુક્રેન છોડીને ભાગી ગયા હતા. શરૂઆતમાં ઝેલેન્સ્કીના કાર્યાલયે મિન્ડિચની ભૂમિકાને ઓછી આંકી હતી, પરંતુ જાહેર દબાણ વધતાં રાષ્ટ્રપતિએ તેમના ભૂતપૂર્વ બિઝનેસ પાર્ટનર પર પ્રતિબંધો લાદવાનું વચન આપ્યું છે.

### વિશ્વાસઘાત અને રાજકીય નબળાઈ

રાજકીય વિશ્લેષક વોલોડીમિર ફેસેન્કોએ જણાવ્યું કે, "અંદરનું વર્તુળ લગભગ દરેક યુક્રેનિયન પ્રમુખ માટે હંમેશા એક સમસ્યા હોય છે." તેમણે ઉમેર્યું કે, "ઝેલેન્સ્કી માટે, આ એવા મિત્રો છે જેને તે ઓળખતા હતા અને જેના પર વિશ્વાસ કરતા હતા. પરંતુ જીવનએ તેમને ઘણી વખત સજા કરી છે, ખાસ કરીને હવે મિન્ડિચ સાથે, જે દર્શાવે છે કે મિત્રો પર વધુ પડતો વિશ્વાસ ખરાબ અંત લાવી શકે છે."

ઝેલેન્સ્કી ૨૦૧૯ માં ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદ સામે ઝુંબેશ ચલાવીને સત્તા પર આવ્યા હતા અને



રાજકારણમાં 'તાજા ચહેરા' લાવવાનું વચન આપ્યું હતું. જોકે, વિશ્લેષકોનું કહેવું છે કે મિત્રો અને વ્યવસાયિક સહયોગીઓ પરનો તેમનો વધુ પડતો આધાર હવે તેમની સૌથી મોટી રાજકીય નબળાઈ બની ગયો છે. રાજકીય વિશ્લેષક ઓલેહ સાકિયાને જણાવ્યું કે, "સમાજે ઝેલેન્સ્કીને એક વિચાર તરીકે મત આપ્યો હતો, તેમની ટીમ કે વિચારધારા માટે નહીં."

